વિશોધનિકા

('દૈ ધનાધન' ભાગ - ૪)

ગોસ્વામી શ્યામમનોહર

લેખક : ગોસ્વામી શ્યામમનોહર
૬૩, સ્વસ્તિક સોસાયટી,
૪થો રસ્તો, જુહુસ્કીમ,
મુંબઇ - ૪૦૦૦૫૬.

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ
કંસારા બજાર,
માંડવી (કચ્છ).

અનુવાદક : શ્રી રમેશભાઇ પંચાસરા (રાજકોટ)

પ્રકાશન વર્ષ : વિ. સં. ૨૦૬૪=ઈ.સ. ૨૦૦૮.

પ્રત : ૧૦૦૦

નિઃશુલ્કવિતરણાર્થ

મુદ્રક : ભાવરાજ ઓફસેટ
૧૪/૩ જાગનાથ પ્લોટ,
રાજકોટ.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

(ક) જઘન્યાધિકારિતાનું પુષ્ટિમાર્ગીય વિવેચન
અને
(ખ) પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા
(પાર્લા-મુંબઈ : ૧૦-૧૩ જાન્યુ. ૧૯૯૨)
એક સિંહાવલોકન

(ક)

વિચાર્યવિષયનું પ્રથમ અંગ વિષયવાક્ય :

દ્વયા હ વૈ પ્રાજાપત્યાઃ દેવાઃ ચ અસુરાઃ ચ તતઃ કનીયસાએવ દેવાઃ જ્યાયસાઃ અસુરાઃ ચ (બૃહ.ઉપ.૧/૩/૧)

અભયં સત્ત્વસંશુદ્ધિઃ જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ દાનં દમઃ ચ યજ્ઞઃ ચ સ્વાધ્યાયઃ તપઃ આર્જવમ્ અહિંસા સત્યમ્ અક્રોધઃ ત્યાગઃ શાન્તિઃ અપૈશુનં દયા ભૂતેષુ અલોલુપ્ત્વં માર્દવં હ્રીઃ અચાપલં તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમ્ અદ્રોહો નાતિમાનિતા ભવન્તિ સમ્પદં દૈવીમ્ અભિજાતસ્ય, ભારત !, દમ્ભો દર્પો અભિમાનઃ ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ અજ્ઞાનં ચ અભિજાતસ્ય, પાર્થ !, સમ્પદમ્ આસુરી. દૈવી સમ્પદ્ વિમોક્ષાય નિબન્ધાય આસુરી મતા..... દ્વૌ ભૂતસર્ગો લોકે અસ્મિન્ દૈવઃ આસુરએવ ચ... પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જનાઃ ન વિદુઃ આસુરાઃ ન શૌચં નાપિચ આચારો ન સત્યં તેષુ વિદ્યતે.........(ભગ.ગીતા ૧૬।૧-૭).

[1]યે ચૈવ સાત્ત્વિકાઃ ભાવાઃ રાજસાઃ તામસાઃ ચ યે મત્તએવ ઈતિ તાન્ વિદ્ધિ. [2]સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનં રજસો લોભએવ ચ પ્રમાદમોહૌ તમસો ભવતો અજ્ઞાનમેવ ચ, ઉર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થાઃ

મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ જઘન્યગુણવૃત્તિસ્થાઃ અધો ગચ્છન્તિ તામસાઃ
(ભગ.ગીતા. [૧]૭/૧૨. [૨]૧૪/૧૭-૧૮)

પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષેણ પૃથક્પૃથગ્ જીવદેહક્રિયાભેદૈઃ પ્રવાહેણ ફલેન ચ વક્ષ્યામિ સર્વસન્દેહાઃ ન ભવિષ્યન્તિ યચ્છ્રુતેઃ... સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરુપાંગક્રિયાયુત્તમ્, ઈચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ. મૂલેચ્છાતઃ ફલં લોકે વેદોક્તં વૈદિકેઽપિ ચ કાયેન તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોઽપિ નૈકધા.... સ્વરુપેણ અવતારેણ લિંગેન ચ ગુણેન ચ તારતમ્યં ન સ્વરુપે દેહે વા તત્ક્રિયાસુ વા તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ. તેહિ દ્વિધા શુદ્ધમિશ્રભેદાદ્ મિશ્રાઃ ત્રિધા પુનઃ, પ્રવાહાદિવિભેદેન ભગવત્કાર્યસિદ્ધયે...પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરુપાંગક્રિયાયુતાન્. જીવાઃ તે હિ આસુરા સર્વે ‘પ્રવૃત્તિં ચ...’ ઈતિ વર્ણિતાઃ. તેચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હિ અજ્ઞદુર્જ્ઞવિભેદતઃ. દુર્જ્ઞાઃ તે ભગવત્પ્રોક્તાઃ હિ અજ્ઞાઃ તાનનુ યે પુનઃ. પ્રવાહેઽપિ સમાગત્ય પુષ્ટિસ્થઃ તૈઃ ન યુજ્યતે. સોઽપિ તૈઃ તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ (પુ.પ્ર.મ.૧-૨૫).

વિષયવાક્ય વિવેચન :

આ શ્રુતિ વગેરે પ્રમાણ વચનોનું તથા તન્મૂલક આચાર્યવચનોનું પણ અવલોકન કરવાથી એટલું તો સુનિશ્ચિત છે જ કે આ ભગવલ્લીલારૂપા સૃષ્ટિમાં સચ્ચિદાનંદરૂપ બ્રહ્મના ચિદંશભૂત જીવોના સર્ગ, સ્વરૂપ, સ્વભાવ, માર્ગ, સાધનાવસ્થા, તદન્તર્ગત અવાન્તર વ્યાપારાનુષ્ઠાન; અને ફલપ્રાપ્તિમાં એકમેવાદ્વિતીય તત્ત્વના બહુભવનના સંકલ્પવશ પ્રકટ થયેલી વિભિન્નતા આ સૃષ્ટિની એક બ્રાહ્મિક વાસ્તવિક્તા છે.

છતાં પણ ઉલ્લિખિત શ્રુતિવચનમાં પ્રાજાપત્યોનું દ્વિત્વ પ્રતિપાદન કરવામાં આવેલું છે અને તે પ્રમાણે ભગવદ્ગીતાના પણ ‘દ્વૌ ભૂતસર્ગૌ લોકે અસ્મિન્ દૈવઃ આસુરએવ ચ’ વચનમાં પણ દૈવીપણાના ભગવાનના દ્વારા કરાયેલા બે પ્રકારના વરણને કારણે જીવપ્રભેદ સ્વીકારેલા છે. લોકમાં આ બંને પ્રકારના જીવોના પ્રકટ થવાથી તેમનામાં પોત-પોતાના સ્વરૂપાનુરોધવશ સ્વભાવોનું દ્વૈવિધ્ય પણ અહીં ભગવદ્ગીતામાં બતાવી દેવામાં આવેલું છે. એમ છતાં પણ, કેમકે સચ્ચિદાનંદરૂપ બ્રહ્મની સદંશભૂતા ત્રિગુણાત્મિકા પ્રકૃત્તિ (માયા)ના વિકારરૂપે ઉદ્ભૂત દેહ ઈન્દ્રિય પ્રાણ તેમજ અન્તઃકરણોની ઉપાધિઓથી ગ્રસ્ત જીવાત્મા જ જગતમાં જન્મ લે છે; તેથી જીવાત્માઓમાં પણ ઔપાધિક ત્રૈગુણ્ય પ્રકટ થઈ જાય છે. એટલા માટે ભગવદ્ગીતાના અંતિમ ષટ્કના ત્રણ અધ્યાયોમાં દૈવાસુરસમ્પદ્વિભાગયોગ શ્રદ્ધાત્રયવિભાગયોગ; તથા સન્યાસયોગના આનુષંગિકરૂપમાં પણ, જીવાત્માની સાથે જોડાયેલી શ્રદ્ધા યજનીયનિષ્ઠા તપ આહાર યજન યજ્ઞતપોદાનાદિના પ્રયોજન જ્ઞાન જ્ઞેય જ્ઞાતા કરણ કર્મ કર્તા બુદ્ધિ ધૃતિ તેમજ સુખ વગેરે રૂપોમાં અનેકવિધ ત્રિગુણાત્મકતાનું પ્રતિપાદન મળે છે. જીવોમાં આ વિવિધ પ્રકારનું ત્રૈગુણ્ય જીવાત્માઓના દેહધારી બનવાથી જ પ્રકટ થાય છે.

આ ઔપનિષદિક નિરૂપણના સંદર્ભમાં સૌથી પહેલાં એ સ્પષ્ટીકરણ જરૂરી છે કે આચાર્યચરણોને અભિપ્રેત જીવત્રૈવિધ્યના અન્તર્ભૂત મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય જીવ **“તાન્ અહં દ્વિષતો’ વાક્યાદ્ ભિન્નાઃ જીવાઃ પ્રવાહિણઃ અતએવ ઈતરૌ ભિન્નૌ સાન્તૌ મોક્ષ પ્રવેશતઃ”** (પુ.પ્ર.મ.૧૧) એ વચનના અનુસાર ઉપનિષદ્ ભગવદ્ગીતોક્ત દૈવી વર્ગના જ અવાન્તર ભેદ છે.

પરંતુ

“વૈષ્ણવત્વં હિ સહજં તતો અન્યત્ર વિપર્યયઃ, સમ્બન્ધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાઃ તથા અપરે ‘ચર્ષણી’ શબ્દવાચ્યાઃ તે. તે સર્વે સર્વવર્ત્મસુ ક્ષણાત્ સર્વત્વમ્ આયાન્તિ રુચિઃ તેષાં ન કુત્રચિત્... પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગક્રિયાયુતાન્. જીવાઃ તે હિ આસુરાઃ સર્વે ‘પ્રવૃત્તિં ચ...’ ઈતિ વર્ણિતાઃ. તેચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હિ અજ્ઞદુર્જ્ઞવિભેદતઃ. દુર્જ્ઞાઃ તે ભગવત્પ્રોક્તાઃ અજ્ઞાઃ તાન્ અનુ યે પુનઃ”
(પુ.પ્ર.મ. ૨૧-૨૫)

આ પ્રતિપાદનમાં જે પુનઃ પ્રવાહી જીવોના દુર્જ્ઞ અને અજ્ઞ જીવરૂપી બે અવાન્તર પ્રભેદ બતાવવામાં આવેલા છે. એ વિષય કિંચિત્ વિવેચનસાપેક્ષ છે.

કેમકે, આ બંને પ્રકારોના અન્તર્ગત અજ્ઞજીવના પ્રવાહી કે ચર્ષણી હોવાનો સ્વભાવ, એકથી શરૂઆત કરીને હજારોપરિવત્સર સુધી પણ કેમ ન હોય, પણ હોય છે તે પરિગણિત જન્મમરણના ચક્વત્ ચાલતા શાન્ત પ્રવાહમાં અધઃપાતને લક્ષ્યમાં રાખીનેજ. જ્યારે કે દુર્જ્ઞજીવનું પ્રવાહી કે ચર્ષણી હોવું સૃષ્ટિની શરૂઆતથી લઈને મહાપ્રલય સુધી નિરન્તર ચાલતા જન્મમરણના ચક્વત્ પ્રવાહને લક્ષ્યમાં રાખીને નિશ્ચિત કરવામાં આવેલું છે. કેમકે સુસ્પષ્ટ શબ્દોમાં મહાપ્રભુ અજ્ઞજીવોને ભગવત્પ્રોક્ત આસુરભાવોપેત માનવાને બદલે દુર્જ્ઞજીવોના અનુસરણવશ જ આસુરભાવાપન્ન હોનારા માની રહ્યા છે. તેથી દુર્જ્ઞજીવોને ‘આસુર’ કહેવા જો ઉચિત હોય તો, અજ્ઞજીવોને ‘આસુરાવેશી’ કહેવા જ ઉચિત ગણાશે.

આ પ્રકારના આસુરાવેશના મૂળમાં બે કારણ જોવામાં આવે છેઃ

[1]સંસારનિવૃત્ત કરી શકે એવા જન્મવરણના અભાવમાં જીવની અંદર શ્રદ્ધા, યજનિયવિશેષમાં નિષ્ઠા, યજ્ઞતપોદાનાદિનું પ્રયોજન, તે તે ધર્મોમાં ઉપયોગી બુદ્ધિ ધૃતિ કે સુખસ્પૃહા, તન્મૂલક જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા કે કરણ-કર્મ-કર્તાની બેમાંથી એક ત્રિપુટીમાં તામસીદુર્જ્ઞ અસુરોના અનુસરણવશ પેદા થયેલી સાત્ત્વિક-તામસતા કે રાજસ-તામસતા હોય છે.

અથવા

[2]ભગવદવતારકાલિક લીલાવિશેષમાં બે-ચાર જન્મોમાં અપેક્ષિત ભગવદ્લીલાત્મિકા તામસી આસુરભાવાવેશિતા પણ પુરાણોમાં વર્ણવાયેલી છે.

કેમકે શ્રુતિમાં એ સ્પષ્ટ કરી દેવામાં આવેલું છે કે રમણીય અર્થાત્ શુભઆચરણવાળા જીવોને રમણીય શુભયોનિ મળે છે અને કપૂય એટલે કે અશુભ આચરણવાળા જીવોને અશુભયોનિ. તેથી આ શુભાશુભ કર્મ પોતાની અંદર બિરાજી રહેલા અન્તર્યામી પરમાત્માની પ્રેરણાને અનુસાર જ જીવ કરે છે;

> ૧. **“તદ્ યે ઈહ રમણીયચરણાઃ અભ્યાશો હ યત્ તે રમણીયાં યોનિમ્ આપદ્યેરન્... અથ યે ઈહ કપૂયચરણાઃ અભ્યાશો હ યત્ તે કપૂયાં યોનિમ્ આપદ્યેરન્ શ્વયોનિં વા સૂકરયોનિં વા ચાણ્ડાલયોનિં વા”** (છાન્દો.ઉપ.૫/૧૦/૭).
>
> ૨. **“એષ ઉ એવ એનં સાધુ કર્મ કારયતિ તં યમ્ એભ્યો લોકેભ્યઃ ઉન્નિનીષતે એષ ઉ એવ એનમ્ અસાધુ કર્મ કારયતિ તં યમ્ અધો નિનીષતે”**

(કૌષિ.ઉપ.૩।૮-૧).

૩. **''અથ એતયોઃ પથોઃ ન કતરેણ ચ તાનિ ઈમાનિ ક્ષુદ્રાણિ અસકૃદાવર્તીનિ ભૂતાનિ ભવન્તિ જાયસ્વ મ્રિયસ્વ ઈતિ એતત્ તૃતીયસ્થાનં .... તસ્માદ્ જુગુપ્સેત.. સ્તેનો હિરણ્યસ્ય, સુરાં પિબન્ ચ, ગુરોઃ તલ્પમ્ આવસન્, બ્રહ્મહા એતે પતન્તિ ચત્વારઃ; પંચમઃ ચ આચરન્ તૈઃ''** (છાન્દો.ઉપ.૫/૧૦/૯).

આ ત્રણ પ્રકારના વચનોમાંથી અન્તિમ વચનમાં એમ કહેવામાં આવેલું છે કે સાધારણતયા અસાધુ કર્મોનું આચરણ કરવાના કારણે અશુભ યોનિ કે પાતકી કે નરકગામી થવાની અધોગતિ જીવોને પ્રાપ્ત થાય છે. સાથે સાથે, પરન્તુ, એમ પણ કહેવામાં આવેલું છે કે આવા પતિત જીવોનો સંગ કરવાવાળા પણ સહચારી હોવાને કારણે પતિત ગણવામાં આવે છે. આમ ''પંચમઃ ચ આચરન્ તૈઃ'' શ્રુતિના વાક્યાંશમાં નિરૂપણ થયું છે. તેથી જ યાજ્ઞવલ્કયાદિ સ્મૃતિઓમાં પણ **''બ્રહ્મહા મદ્યપઃ સ્તેનઃ તથૈવ ગુરૂતલ્પગઃ એતે મહાપાતકિનો યઃ ચ તૈઃ સહ સંવસેત્''** (યાજ્ઞ.સ્મૃ.પ્રાય.અધ્યા.૨૨૭) સદૃશ વચન ઉપલબ્ધ થાય છે.

આ બાજુ બીજા એવા અન્ય પણ અનેક પાતક કે ઉપપાતક કર્મોની જેમ એના પ્રાયશ્ચિત્તોની પણ લાંબી સૂચિ ધર્મશાસ્ત્રમાં મળે છે. તેથી પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધ થયેલા જીવોને અધોગામી માની શકાતા નથી. નહીંતર તો પ્રાયશ્ચિત્તવિધિની વ્યર્થ થવાની આપત્તિ આવશે. આ આસુરાવેશીઓ દ્વારા અનુસરણીય માનવામાં આવતા જે આસુર જીવ હોય છે તે તો પોતાના પાપ કર્મોને કયારેય ત્યાગ કરવા લાયક કે અનિષ્ટજનક માની નથી શકતા. એટલા માટે પ્રાયશ્ચિત્ત માટે પણ

ઉત્સુક કે ઉદ્યત થઈ નથી શકતા. આમ ભગવદ્ગીતોકત ઉર્ધ્વગામી સાત્ત્વિક અને અધોગામી તામસ જીવોથી અતિરિકત તૃતીય રાજસકોટિના જીવોની એક પૃથકકોટિ માન્ય રાખવી પડે છે. તેથી જ સાત્ત્વિક દૈવી (પુષ્ટિ/મર્યાદા) જીવો અને તામસ દુર્જ્ઞજીવોના વર્ગોથી અલગ તામસભાવાપન્ન સાત્ત્વિક કે રાજસ અજ્ઞજીવોના મધ્યપાતી વર્ગનું પ્રતિપાદન આચાર્યચરણોએ પણ કર્યું છે. તેથી જ જ્યારે આ મધ્યપાતી સાત્ત્વિક કે રાજસ જીવ તામસ જીવોનો સંગ અને તામસ કર્મોનું આચરણ છોડીને, એટલે કે પોતાના સાત્ત્વિક કે રાજસ જન્મ કે મનોવૃત્તિના સાથે થયેલી ઔપાધિકી તામસતાને છોડીને, સાત્ત્વિકતાની દિશામાં અગ્રસર થવા ઈચ્છતો હોય તો એવો પણ એક વર્ગ જઘન્ય અધિકારીઓનો સ્વીકારવો જ પડે છે.

તામસ સમુદાયમાં જન્મ કે સંગને લીધે સાત્ત્વિક કે રાજસ જીવોમાં ન તો ઉર્ધ્વગમનસામર્થ્યરૂપા સાત્ત્વિકતા પ્રકટ થઈ શકે છે કે ન તો અધોગમનાર્હતારૂપ તામસિકતા પણ. આવા મધ્યકોટિના રાજસ જીવોની અંદર પણ દુઃસંગ કે પૂર્વ જન્મમાં કરેલ દુષ્કર્મોના કારણે તામસસ્વભાવ તામસગુણ તામસકર્માચરણ અને તામસમનોભાવ પ્રકટ થાય છે.

આ જ રીતે આ બંને વર્ગોના કેટલાંક અન્ય જીવોમાં અજ્ઞાનજન્ય તામસિકતા પણ સંભવ છે. તેથી જ ભગવદ્ગીતાના **''સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનં રજસો લોભએવ ચ પ્રમાદમોહૌ તમસો ભવતો અજ્ઞાનમેવ ચ''** વચનમાં લોભને રાજસભાવ માનવામાં આવેલો છે. જ્ઞાનમૂલક સંતોષના ભાવ/વ્યવહાર અને અજ્ઞાનમૂલક અસન્તોષના ભાવ/વ્યવહારની વચ્ચે આંદોલિત અસ્થિરતા રાજસી જ હોય છે, તેથી લોભને રાજસતાના અંતર્ગત માન્ય રાખેલો છે. તામસતાના

અંતર્ગત અજ્ઞાન પ્રમાદ અને મોહને ગણાવેલો છે. સ્વાભાવિક રૂપમાં તામસકર્માચરણ અને તામસગુણધર્મ જે અજ્ઞાન કે પ્રમાદવશ પ્રકટ થાય છે, એમનું તો નિવારણ તાત્ત્વિક જ્ઞાન કે પ્રાયશ્ચિત્ત દ્વારા સરળ હોય છે. આનાથી વિપરીત તામસિક મોહથી ગ્રસ્ત વ્યકિતના ઉદાહરણમાં આ દોષોનું નિવારણ શકય નથી થઈ શકતું.

સર્વવિધપુરૂષાર્થસાધારણ જઘન્યાધિકારના પ્રભેદ :

આ બધા તથ્યોને લક્ષ્યમાં રાખવાથી , ન કેવલ આત્મોદ્ધારના ઉપાય રૂપે પુષ્ટિમાર્ગીય કે મર્યાદામાર્ગીય કર્મ-જ્ઞાન-ભકિતલભ્ય મુકિત કે ધર્મથી સંબંધી અલૌકિક પુરૂષાર્થોમાં જ; પરંતુ વ્યવહારૌપયિક અર્થકામાદિથી સંબંધી લૌકિક પુરૂષાર્થોના વિષયમાં પણ જઘન્યાધિકારિતાના ત્રણ પ્રકારો વિચારી શકાય છે: [1]અજ્ઞાન કે પ્રમાદથી જન્ય અનિંદિત જઘન્યાધિકાર [2]તામસિક સંગ કે માનસિકતાથી આવરેલ નિંદિત જઘન્યાધિકાર અને [3]સ્વભાવવિહિત તામસિકતાના કારણે નિષિદ્ધ જઘન્યાધિકાર. આમાં તામસતા સમાન હોવા છતાં પણ અજ્ઞાન કે પ્રમાદ તો બુદ્ધિ કે શરીર સાથે સંબંધી નિવારણાર્હ મંદતા કે અદક્ષતા હોવાના કારણે સમાનકોટિમાં નિવિષ્ટ માનવામાં આવેલ છે. તેથી જ અજ્ઞાન પ્રમાદ કે દુ:સંગની ઉપાધિના કારણે પેદા થયેલી અજ્ઞજીવોની ઔપાધિકી તામસિકતા તેઓને પ્રવાહકોટિગત અનિંદિત કે નિંદિત જઘન્યાધિકારી બનાવે છે. જ્યારે કે સ્વાભાવિકી તામસિકતા દુર્જ્ઞજીવોને નિષિદ્ધકોટિગત જઘન્યાધિકારી સિદ્ધ કરે છે.

વિચાર્યવિષયના દ્વિતિયાંગ સંશયનું સ્વરૂપ :

સંશયઘટક પ્રથમકલ્પ : આમ આ ત્રણ કોટિઓને લક્ષ્યમાં રાખીને પુષ્ટિમાર્ગમાં જઘન્યાધિકારીતાની શાસ્ત્રીય વિવેચના માટે જ્યારે આપણે અગ્રસર થઈએ છીએ તો લગભગ આટલા પ્રકારના કલ્પ વિચારાર્થ પ્રસ્તુત થાય છે :

(૧) જીવસૃષ્ટિના પુષ્ટિ મર્યાદા કે પ્રવાહ રૂપી ત્રિવિધ સર્ગભેદમાં જઘન્યાધિકારિતા. આના અંતર્ગત : /ક/પુષ્ટિપ્રવાહ કે મર્યાદાપ્રવાહ અવસ્થાવાળા અનિંદિતકોટિના સાત્ત્વિક જઘન્યાધિકારી હોય છે. /ખ/ દુષ્કર્મજન્ય દુર્વાસનાને લીધે દુ:સંગવશાત્ પ્રાવાહિકી તામસી મનોવૃત્તિવાળા સાત્ત્વિક કે રાજસ કોટિના અજ્ઞજીવ નિંદિત કોટિના જઘન્યાધિકારી હોય છે, જ્યાં સુધી તેઓ નિંદ્ય મનોવૃત્તિ કે વૃત્તથી પરાઙ્મુખ (નિવૃત) નથી થતા. /ગ/ આસુરી સૃષ્ટિના સાતત્યને માટે ભગવાને સૃષ્ટિના આરંભમાં જ જે જીવાત્માઓનું પ્રવાહમાર્ગીયતયા વરણ કર્યું હોય, એવા દુર્જ્ઞજીવ નિષિદ્ધકોટિના જઘન્યાધિકારી હોવાથી પુષ્ટિમાર્ગીય કે મર્યાદામાર્ગીય દૈવી સાધનાને માટે નિષિદ્ધકોટિના જઘન્યાધિકારી માનવામાં આવે છે. અજ્ઞજીવ પણ જ્યાં સુધી દુર્જ્ઞજીવોના અનુસરણથી વિરત બનીને સન્માર્ગાર્થ ઉત્સુક કે ઉદ્યત ન થાય ત્યાં સુધી બંનેમાં એકવદ્ભાવ માનવામાં આવે છે.

(૨) પુષ્ટિસૃષ્ટિની અંતર્ગત પણ પુષ્ટિજીવોના જન્મવિશેષમાં પ્રકટ થનાર સાત્ત્વિક રાજસ કે તામસ ગુણધર્મ કે સ્વભાવોના પ્રભેદને લક્ષ્યમાં રાખવાથી પુષ્ટિમાર્ગીય દીક્ષા-ઉપદેશના ગ્રહણ-પ્રદાનથી સંબંધી ત્રિવિધ જઘન્યાધિકાર હોય છે. અહીં પણ અજ્ઞાન પ્રમાદ કે દુ:સંગના કારણે જે દુર્જ્ઞજનોચિત મનોવૃત્તિને છોડી દેવા ઉત્સુક કે ઉદ્યત હોય તેને અનિંદિત જઘન્યાધિકારી તથા અવશિષ્ટ (બાકી રહેલા) અજ્ઞ અને દુર્જ્ઞ જીવોને યથાયથ નિંદિત કે નિષિદ્ધ અધિકારી માનવા

જોઈએ.

(૩) પુષ્ટિમાર્ગીય ઉપદેશ સત્સંગ કે દીક્ષાના કારણે જે પુષ્ટિમાર્ગ ઉપર પ્રવૃત્ત થવા માંગે છે, એવા વ્યકિતઓને પુષ્ટિ પ્રપત્તિમાર્ગીય અથવા પુષ્ટિભકિતમાર્ગની અંતર્ગત વિવેકધૈર્યાશ્રય/સપ્તવિધાભકિત અથવા ભગવત્સેવા કે ભગવત્કથાથી સંબંધિત સત્સંગ અથવા ઉપદેશપ્રદાન કે ઉપદેશગ્રહણથી સંબંધી ત્રિવિધ જઘન્યાધિકાર પણ થાય છે. અહીં પણ નિબંધ ષોડશગ્રંથ સાધનદીપિકા વગેરે ગ્રંથોમાં જે તે તે સાધનાઓની અધિકારિતાની જે-જે કસોટી નિર્દિષ્ટ છે, તેના વિષયમાં અજ્ઞાન પ્રમાદ કે દુઃસંગ ને કારણે વિપરીત આચરણ કે મનોવૃત્તિવાળા જીવ પણ પોતાનું વૈપરીત્ય છોડી દેવા ઉત્સુક કે ઉદ્યત હોય તો તેમને અનિંદિત જઘન્યાધિકારી માનવા જોઈએ. બાકી રહેલા નિંદિત કે નિષિદ્ધ અધિકારી માનવા જોઈએ.

(૪) એવી જ રીતે પુષ્ટિમાર્ગીય ભગવત્સ્વરૂપ ભગવત્કથા કે ભગવદ્ભાવ સાથે સંબંધી રહસ્યોપદેશના પ્રદાન કે ગ્રહણની બાબતમાં પણ ત્રિવિધ જઘન્યાધિકાર હોય છે. આ પણ પાછી સાંપ્રદાયિક સન્દર્ભસાપેક્ષ અધિકારિતા છે. તેથી આચાર્યચરણ-પ્રભુચરણ નિર્દિષ્ટ અધિકારિતાની કસોટી ને જ પૂર્વવર્ણિત નિર્ધારણરીતિથી લક્ષ્યમાં રાખીને અનિંદિત નિંદિત કે નિષિદ્ધ જઘન્યાધિકારિતા સ્પષ્ટતયા અવધારણીય બને છે.

મુખ્યગૌણભાવરૂપે વિચારિત ભેદોપભેદોનું આ સંકલન ચોક્કસ સ્થૂલરૂપથી જ છે. તેથી સ્વાભાવિક રૂપમાં વિશેષેણ પૃથક્પૃથક્ વિવેચન કરવાથી તો આ વર્ગોમાં ચાર કરતાં પણ કેટલીય વધારે સંખ્યા સામે આવશે જ.

(ખ)

સંશયઘટક દ્વિતીયકલ્પ : આ પુષ્ટિસિદ્ધાંતોના પ્રતિપક્ષી ગો. શ્રીહરિરાય (જામ.)ના ચર્ચાસભાના સમયે અથવા ત્યારબાદ પણ પ્રકટ થયેલા વચનોના આધાર ઉપર રજુ થઈ રહ્યું છે. આ કાં તો આજીવિકાર્થ દેવારાધનાદ્વારા ઉપાર્જિત કે ભગવદ્દર્શનાર્થી જનતા દ્વારા અર્થાર્થિઓ દ્વારા પ્રદર્શિત ભગવત્સેવા માટે મળેલ દ્રવ્યના ઉપભોગને પ્રામાણિક સિદ્ધ કરવાનો પક્ષ છે. "કૃષ્ણસેવા સદા કાર્યા ... **તત્સિદ્ધયૈ તનુવિત્તજા, અતઃસેવાર્થમ્ અર્થાર્થી ભક્તઃ શાસ્ત્રે વ્યવસ્થિતઃ**" વચન દ્વારા કેવલ અર્થાર્થીના જ સંદર્ભમાં ભક્તિના જઘન્યાધિકારની વિવેચના તેઓ આવી રીતે કરે છે :

૧. ઉત્તમ મધ્યમ જઘન્ય સાક્ષાત્ સ્વરૂપ / સેવાસમ્બન્ધી અર્થાર્થી ભક્તોનું ત્રૈવિધ્ય.
૨. જઘન્યભકતના ઉપભેદતયાં અતિજઘન્ય અને અતિજઘન્યતર લોકાર્થી ભક્તોનું દ્વૈવિધ્ય.
૩. અતિજઘન્યતર ભક્તના ઉપભેદતયા જઘન્યતમ ભકત, અતિજઘન્યત્તમ ભકત અને અભકત.
(ગદા.પદા. ત.ત.પૃ.૨૫)

પુષ્ટિભકતોનું આ પ્રકારનું વિવેચન "**એવં પ્રતારણાશાસ્ત્રં સર્વમાહાત્મ્યનાશકમ્ ઉપેક્ષ્યં ભગવદ્ભકતૈઃ શ્રુતિસ્મૃતિવિરોધતઃ, કલૌ તદાદરો મુખ્યઃ ફલં વૈમુખ્યતઃ તમઃ**" ન્યાયથી જેઓ સાંપ્રદાયિક ગ્રંથોના જાણનારા પુષ્ટિમાર્ગીયો છે તેમના માટેતો ઉપેક્ષા કરવા યોગ્ય હોવા છતાં "**એતન્મતમ્ અવિજ્ઞાય સાત્ત્વિકાઅપિ વૈ હરિં મતાન્તરૈઃ ન સેવન્તે તદર્થં હિ એષઃ ઉદ્યમઃ**" ન્યાયથી શાસ્ત્રાર્થ કરવા માટે નહીં

પરંતુ ભોળા અને ગેરમાર્ગે દોરવામાં આવેલા સાચા પુષ્ટિમાર્ગીઓ ની ભીતર વાસ્તવિક પુષ્ટિસિદ્ધાંતની સમજ ફેલાવવા માટે જ આ પ્રકારના કાવ્યકલ્પના દ્વારા ઉદ્‌ભવેલા કલ્પોને સંશયની નિરસનીય કોટિમાં રાખવા કેવલ ઉચિત જ નહીં પરંતુ આવશ્યક લાગે છે.

સંશયઘટક નિરસનીય કલ્પની નિરાસિકા યુક્ત્યષ્ટકમાલાઃ

બ્રહ્મરૂપ લખવું જગત્ જગત્‌થી બ્રહ્મ વિશેષ ।
સૃષ્ટિ પ્રભુની લીલા પણ ભક્તિ કાંઈક સવિશેષ ।।
નિર્હેતુક જે આત્મરતિ વિષયરતિ થકી ભિન્ન ।
અર્થાર્થીનાં ભજનમાં થાય આત્મરતિ છિન્ન ।।

(૧)

પ્રસ્તુત અર્થાર્થિત્રૈવિધ્યમાં ‘‘પ્રથમગ્રાસે મક્ષિકાપાતઃ’’ (પહેલા કોળીયે માખી) સદશ સર્વપ્રથમ દોષ તો એ જ છે કે અર્થાર્થિત્રૈવિધ્યનું આ વિભાજન પદાર્થવિભાજનની વિધિથી સર્વથા અપરિચિત વ્યકિત દ્વારા રજુ કરેલું છે. કેમકે તૃતીયતયા ઉલ્લિખિત સાક્ષાત્સ્વરૂપસમ્બન્ધ્યર્થાર્થી જો મૂલવર્ગ હોય તો તેના ઉપવર્ગતયા દ્વિવિધ લોકાર્થિઓની પરિગણના વદતોવ્યાઘાત (પોતાની જ વાતનું પોતે જ ખંડન કરવું) દોષને પેદા કરનારી થશે. વિશેષરૂપમાં આ કારણથી કે મૂલવર્ગના આ તૃતીય અર્થાર્થીને સંસારનિવૃત્તિની કામનાથી ભગવત્સેવામાં પ્રવૃત્ત થનાર જઘન્ય સંસારી ભકત માનેલ છે. આવી સ્થિતિમાં તેના ઉપભેદતયા લૌકિક/ઐહિક ફલની કામનાઓને વશ ભગવત્સેવામાં પ્રવૃત્ત થવાવાળાના અતિજઘન્ય અથવા અતિજઘન્યતર હોવાનું બાધિત થઈ જશે. જો બાધિત થતું ન માનીએ તો જઘન્ય

અતિજઘન્ય અને અતિજઘન્યતરના પ્રભેદ જ બાધિત થઈ જશે. અને વળી અતિજઘન્યતર ભકતના દ્વિવિદપ્રશ્નૌપયિક (વાનરમતિ જેવી) ઐતિહાસિક પેચોંના પેટારાના રૂપમાં – શબ્દોમાં દ્વિવિધ અને રેખાંકનમાં ત્રિવિધ – જઘન્યત્તમ ભકત અને અતિજઘન્યત્તમ ભકત અને અભકતદેવલક આવા અવાંતર ઉપભેદોમાં તો કોટિદ્વયાવગાહિતા પરાકાષ્ઠા ઉપર સવાર થઈ છે ! (જુઓ : ગદા.પદા.ત.ત.હવેથી ‘ગદાપદાતત’ નામ્ના ઉલ્લેખ્ય પૃ.૨૫). શું આવું પણ કયારેય થઈ શકે છે કે પદાર્થ મૂલતયા બે પ્રકારના હોય છે : [૧]ભાવ અને [૨]અભાવ. અને આવું સ્વીકારી લીધા પછી એમ કહેવું દ્રવ્યાદિષટ્ક અને વાનરમતિમાં ધર્મમતિનો અત્યન્તાભાવ [૧]ભાવપદાર્થ હોય છે. જયારે કે પ્રાગભાવાદિની ચતુષ્ટયી [૨]અભાવપદાર્થ હોય છે. કેમકે વાનરમતિમાં ધર્મમતિનો અભાવ તો અભાવવર્ગની કોટિમાં જ અંતર્ભૂત માનવામાં આવશે. તેથી આવું પદાર્થવિભાજન કાં તો કોઈ ‘મહાકવિ’ ની અનન્યપ્રતિભાને વશ કલ્પિત સંદેહ કે ભ્રાન્તિમાન્ અલંકારોનો પ્રયોગ હોઈ શકે છે. અન્યથા તો અસદાલાપ જ માની શકાય છે. પંડિતોની સભામાં પ્રતિપાદનીય પદાર્થવિભાજન તો કયારેય પણ નહીં !

(૨)

આ અર્થાર્થિત્રૈવિધ્ય ભગવદ્‌ગીતાશાસ્ત્રના જે શ્લોકના આધાર ઉપર ઉટ્ટંકિત છે તે શ્લોકની વ્યાખ્યા શ્રીપુરૂષોત્તમજી શું-કેવી કરે છે એ પણ અવલોકન કરવા જેવી છે :

> ‘‘નનુ એવં સતિ કથં ન સર્વે પ્રપન્નાઃ ભવન્તિ? ઈતિ આહ ‘ન મામ્’ ઈતિ, માં દુષ્કૃતિનો=દુષ્કર્મકર્તારઃ પાપાઃ મૂઢાઃ=પશુવદ્ વિવેકરહિતાઃ નરાધમાઃ=નરેષુ

> અધમાઃ, કેવલં વૈચિત્ર્યાર્થં જગત્પૂરણાર્થં સૃષ્ટાઃ, માં ન પ્રપદ્યન્તે, નનુ ઉપદેશાદિના કથં ન પાપકર્માદિત્યાગેન પ્રપદ્યન્તે? ઈત્યતઃ આહ 'માયયા' ઈતિ, 'માયા' ઈતિ પદેન જ્ઞાનનાશનસામર્થ્યમ્ ઉક્તમ્ ... નનુ ભગવત્પ્રપત્તીચ્છૂનાં કથં ન ભગવાન્ રક્ષતિ ? ઈત્યતઃ આહ 'આસુરં ભાવમ્ આશ્રિતાઃ', મદ્વિરોધ્યાસુરસંગેન તદ્ભાવં પ્રાપ્તાઃ. અતો મયા ન રક્ષ્યન્તે...એવં દુષ્ટકર્મકર્તારો ન ભજન્તિ ઈતિ ઉક્તમ્. તર્હિ કે ભજન્તિ? ઈતિ આકાંક્ષાયામ્ આહ 'ચતુર્વિધાઃ' ઈતિ. 'હે અર્જુન!' ઈતિ સાવધાનતયા શ્રોતવ્યત્વેન સમ્બોધ્ય. 'સુકૃતિનઃ' = પૂર્વજન્મસંચિતપુણ્યરાશયો જનાઃ માં ભજન્તિ. અન્યથા ભજને પ્રવૃત્તિરેવ ન સ્યાત્... ચતુર્વિધત્વં પ્રકટયતિ 'આર્તઃ' ઈતિ, 'આર્તઃ'= સંસારક્લેશાદિયુક્તઃ તન્નિવૃત્ત્યર્થં ધર્મરૂપેણ માં ભજતિ. 'જિજ્ઞાસુઃ'= કામાત્મકમત્સ્વરૂપજ્ઞાનેચ્છુઃ કામરૂપેણ માં ભજતિ. 'અર્થાર્થી' = મત્સેવૌપયિક સાધનસમ્પત્યર્થરૂપેણ મા (નતુ ભગવત્સેવાર્થમ્ અર્થકામનયા) ભજતિ. 'ચ'=પુનઃ 'જ્ઞાનિ'= શાસ્ત્રાર્થજ્ઞાનવાન્ મોક્ષરૂપેણ માં ભજતિ. 'ભરતર્ષભ!' ઈતિ સમ્બોધનં સત્કુલોત્પન્નાનામેવ ભજનપ્રવૃત્તિઃ ભવતિ ઈતિ જ્ઞાપનાર્થમ્ (અમૃ.તરં. ૭/૧૫-૧૬)

તેથી ક્યાં તો ભાગવતોક્ત તથા મહાપ્રભૂક્ત ચતુઃશ્લોકિઓમાં ધર્માર્થકામમોક્ષરૂપ ચતુર્વિધ પુરૂષાર્થતયા કેવલ ભગવદર્થી થઈને ભગવદ્ભજન કરવાનો શ્રીપુરુષોત્તમપ્રતિપાદિત આશય અને આદર્શ અને ક્યાં આ આપણી અદાન્ત (દાબી ન શકાય તેવી) ધનકામનાને

વશીભૂત ચતુર્વિધ ભક્તોના અંતર્ગત કેવલ અર્થાર્થીનું ત્રૈવિધ્યકરણ! એટલે કે ભગવત્સ્વરૂપાર્થ કે સ્વરૂપસેવાર્થ લૌકાકાર્થની કામનાની વકીલાત કરવા માટે અર્થાથી ભક્તની કોટિમાં જ્ઞાની અને જિજ્ઞાસુ ભજનકર્તાઓનો અંતર્ભાવ આમ સ્વીકારવાથી તો ભજનકર્તાઓનું ચાતુર્વિધ્ય જ નિરસ્ત થઈ જતું હોવાથી 'મૂળિયા વિના ડાળ કેમ સમ્ભવે ?' ન્યાય ગલે પતિત થાય છે.

આટલા દ્વિવિદવૈદુષ્ય (વાનરબુદ્ધિ)ના પ્રકાશન કર્યા પછી પણ જાણે સંતોષ ન થયો હોય તેથી બીચારા શ્રીપ્રભુચરણ તેમજ શ્રીપુરુષોત્તમજીને પણ પોતાની જ વાત કરવાવાળા માનીને અર્થાર્થીત્રૈવિધ્યની ઉપપત્તિ વધારામાં આપવા ઈચ્છે છે ! આ પુરૂષોત્તમજીના "**પ્રભુણા અનંગીકારેઽપિ આચાર્યદયયા નૈવ આત્મનઃ પ્રભુઃ અયં નિજલાભપૂર્ણઃ' ઈત્યુક્તન્યાયેન તત્કૃતસ્ય સ્વગામિત્વેન ભજનવૈયર્થ્યાસમ્ભવાદ્ જન્માન્તરે અનુગ્રહવિષયો ભવતિ**" (ગદાપદાતત પૃ.૮) આ વચનના આધાર ઉપર કરવા માગી છે !

હકીકતમાં તો જઘન્યાધિકારિઓના પ્રસંગમાં જ શ્રીપુરુષોત્તમજીએ આનો ખુલાસો કરી દીધો છે : "**જઘન્યાધિકારિ-વ્યવસ્થાં વદન્તિ ઈતિ આશયેન 'સંસારી' ઈતિ શ્લોકં વ્યાકુર્વન્તિ 'યસ્તુ પ્રપંચાસક્તો ....સાક્ષાત્સ્વરૂપસમ્બન્ધ્યાર્થાપેક્ષાયાં તદપ્રાપ્ત્યા કલેશભાગ્ ભવતિ' ઈત્યન્તમ્**" આના પછી આ પ્રકારે કલેશ મેળવનારની અંતે શું ગતિ થશે તેના ખુલાસા માટે સેવ્યપ્રભુ દ્વારા તત્કૃત સેવાના અંગીકાર અને અનંગીકારના બે સંભાવિત કલ્પ પ્રસ્તુત કર્યા છે. અંગીકારના કલ્પમાં કરેલું ભજન વ્યર્થ નહીં જતું હોવાથી જન્માતંરમાં ફલદાયી બનશે. આવી ફલશ્રુતિ પ્રકટ કરી. અનંગીકારમાં સ્વયં ભજનમાં જ પ્રતિબંધ આવી પડશે અને ત્યારે તો વધારે દુઃસહ

વિલમ્બેન ભજકર્તાનું ચિત્ત ભગવાનમાં કોણ જાણે ક્યારે ચોંટી શકશે! જો મર્યાદિત સંખ્યાક અગ્રિમ ત્રણ-ચાર જન્મોની વાત હોતી તો અનિશ્ચયાક 'જન્માંતર' પદનો પ્રયોગ ન કરત.

આના પછી મહાપ્રભુની **''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા ક્લિષ્ટોપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા''** (સિદ્ધા.મુક્તા.૧૬-૧૭) પંક્તિઓની વ્યાખ્યા પ્રભુચરણોએ શા માટે ન લખી તેના સમાધાન રૂપે શ્રીપુરુષોત્તમજી કહે છે **'' 'લોકાર્થી ..' ઈતિ શ્લોકસ્તુ સંસારિમધ્યેઽપિ યો જઘન્યાધિકારી તત્પરઈતિ ઉપેક્ષિત:''** એતાવતા સંસારી અને લોકાર્થીને એક માની લઈને લોકાર્થીના ઉપભેદતયા બે પ્રભેદ રજુ કરવા કયારેય પણ ઉપપન્ન નથી થતું. તેના ઉપર આ વિધાનતો અકાંડ તાંડવ જ છે કે **''લોકાર્થી ભક્તના દેવલકત્વનું વ્યાવર્તન ત્યાં સ્વયં શ્રીમત્પુરુષોત્તમજીએ સિ.મુ. વિ.પ્ર.માં સ્પષ્ટ શબ્દોમાં કર્યું છે''** (ગદાપદાતત-પૃ.૧૧). જે શ્રીપુરુષોત્તમજ કહી રહ્યા છે તે તો આમ છે કે સંસારિતાની જેમ લોકાર્થીતા પણ બે પ્રકારની હોઈ શકે છે : ૧. લાભપૂજાર્થયત્નના ઉપધર્મ હોવાના કારણે દેવલકત્વસમ્પાદિકા લોકાર્થિતા; ૨. ભગવત્સેવાનું અનુષ્ઠાન જેમના દ્વારા પોતાના - આર્થિક પોતાની પૂજાની અભિવૃદ્ધિ માટે (જેમકે પોતાના સેવૌપયિક ઘરમાં જનતા પાસેથી ધન લેવા માટે ધંધાદારી પેઢીની જેમ સમાધાની બેસાડવો-ત્યાં જનતાને લલચાવવા માટે મનોરથોની જાહેરાતના પાટીયા લગાડવા વગેરે હેતુઓના વશ) ન હોય એવા વ્યકિતની લોકાર્થિતા.

તેના માટે સિંહનંદના નિવાસી ક્ષત્રિય સ્ત્રી-પુરૂષની વાર્તાનો ભાવપ્રકાશ અનુસન્ધેય છે :

''ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું 'તમે કહો તો ખરા !' ત્યારે બંનેએ કહ્યું 'અમને એ મનોરથ છે કે આ જન્મમાં આ જ શરીરથી શ્રીઠાકોરજી અમારી સાથે બોલે કૃપા કરે..' ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું 'આટલું કષ્ટ, વ્રત વડે શરીરને આપો છો, તે શ્રીઠાકોરજીના સેવા-સ્મરણમાં મન લગાડો તો આ જ જન્મમાં પ્રભુ કૃપા કરે' ત્યારે બંને સ્ત્રી-પુરૂષે કહ્યું 'મહારાજ ! શ્રીઠાકોરજીની સેવા કેવી રીતે થાય? અમે તો કાંઈ પાસે રાખ્યું નથી. આ બે કપડા પણ મેલા પહેર્યા છે. અને મા-બાપની પાસે દ્રવ્ય છે તે સંસારસુખને માટે માગીએ તો આપે પણ પરમાર્થને માટે શ્રીઠાકોરજી માટે એક કોડી પણ નહીં આપે. અમારી સાથે દ્વેષ કરે છે. તેથી ભગવત્સેવા દ્રવ્ય વગર કયાંથી થાય?' ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે 'તેઓ દ્વેષ કરે તેમાં તો તમારું ભલું છે. બહિર્મુખથી બોલવું ટળ્યું અને સેવા લાયક બે-ચાર-આઠ ઘડી કોઈ પ્રવૃત્તિ કરશો તો તેમાંથી જ તમને નિર્વાહ જેટલું મળશે. તેમાં જ નિર્વાહ કરજો. સેવા માટે શરીરને કષ્ટ થાય ત્યારે ધીરજ રાખી દુ:ખ સહન કરો તો શ્રીઠાકોરજીથી સહન નહીં થાય. તમને જતાવશે. તેથી અમે થાનેશ્વરના વૈષ્ણવને કહી દેશું તમને ઉધાર આપશે. ધંધો પણ ગોતી આપશે પરંતુ તમારૂં મન ભગવત્સેવા કરવામાં હોય તો ઉપાય શ્રીઠાકોરજી બધાજ કરશે. જો મન ન હોય તો તમારી તમે જાણો' .. ત્યારે સ્ત્રી-પુરૂષ બંનેના મા-બાપ એમની નિંદા કરવા લાગ્યા કે 'પહેલાં તો બેય મોટા ત્યાગી હતા. હવે વૈષ્ણવ પાસેથી ભીખ માગીને નિર્વાહ

કરે છે'... ત્યારે પુરૂષના મનમાં માઠું લાગ્યું ત્યારે આવીને સ્રીને કહ્યું કે 'તારા મા-બાપ અમારા મા-બાપ જ્યાં-ત્યાં નિંદા કરે છે' ત્યારે સ્રીએ કહ્યું કે 'તમારા મા-બાપ સાચા છે. આપણી પાસે શું હતું, એક કોડી ન હતી. તે બધા વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીના સેવક જાણીને કરી દીધું છે. તેથી હવે આપણે સુખી છીએ પરંતુ આવી રીતે શ્રીઠાકોરજી સેવા માનશે નહીં. આપણો ધર્મ નાશ પામ્યો. વૈષ્ણવથી પુજાઈને ધન લઈને આપણે નિર્વાહ કર્યો. તેથી આપણને ધિક્કાર છે........ શ્રીઠાકોરજી પ્રસન્ન કરવા માટે શ્રીઆચાર્યજીના શરણે આવ્યા, સેવા પધરાવી. કાંઈ વૈષ્ણવોમાં પૂજાવા માટે આપણી મોટાઈ માટે વૈષ્ણવ નથી થયા. તેથી આપણો ધર્મ હવે બચાવવો હોય તો આપણે તો શ્રીઠાકોરજીને પધરાવીને આ ગામમાંથી બીજી જગ્યાએ થોડાક દૂર નીકળી જઈએ''

(૮૪ વૈ.વા.૬૨મી-ભાવપ્રકાશ)

આ વાર્તાને પુષ્ટિપ્રભુની સેવાની રીતનો આદર્શ શા માટે નથી માનતા ? શા માટે ગદાધરદાસની વાર્તાને જ પ્રમાણ માનો છો? જવાબ રૂપે એક જ વાત સામે આવે છે. મટાડી ન શકાય તેવી ધન લાલસા માટે અન્ધતા. આવી અર્થેષણાન્ધતાને વશ તો કોઈ શરીર વેચવા માટે હાટડી ખોલીને બેઠેલી પુષ્ટિમાર્ગીય વેશ્યા પણ એવું કહી શકે છે -

> *''ન તો હું શરીર વેંચું છું અને ન હાટડી ઉપર બેસીને ગ્રાહકોને લલચાવું છું. તેથી જ શરીર વેંચવા માટે સરકારી*

> *રજીસ્ટરમાં લાયસન્સના નંબરને સ્વધર્મનિર્ધારણમાં પ્રમાણ પણ નથી માનતી. કેમકે સ્વધર્મનિર્ધારણમાં તો 'કામયે દુઃખતપ્તાનાં પ્રાણિનામ્ આર્તિનાશનમ્' ના સનાતન ધર્મોદેશને જ પ્રમાણ માનવામાં આવે છે, આંબેડકર સ્મૃતિને નહીં, તેથી હું તો કામાર્ત જઘન્ય પુરૂષોની આર્તિનું નાશ કરવાવાળી ભગવત્કૃપાથી સ્વધર્મપરાયણ સન્નારી છું. ઉત્તમ પુરૂષ હાટડીમાં રહેતી સ્રીની હાટડી ઉપર ન જતા હોય ત્યારે જઘન્ય ન જાય તો શું તે દરીયામાં ડૂબી મરે ? જઘન્ય પુરૂષો માટે કુલવધુઓનો આવો દ્વેષ તો ધર્માધર્માગ્રતાનો નર્યો ઢોંગ છે. તેથી મોગલકાલમાં જેમ સનાતનધર્મ વિરોધી કાનૂન પ્રતિબંધ માનીને આપણા મહાન પૂર્વાચાર્ય યથા બુદ્ધ્યા સમાધાન કરી ભગવદર્થ તનુજા-વિત્તજા-સેવા-નિર્વાહ કરી લેતા હતા, તેવી જ રીતે હું પણ મારી હાટડીમાં બિરાજમાન ભગવત્સ્વરૂપની સેવામાં અધિક પ્રભુસુખસમ્પાદનાર્થ રાજભોગ-મનોરથ વગેરે માટે આવેલા કામાર્થી જઘન્ય પુરૂષોનું દ્રવ્ય યદૃચ્છાલાભસન્તુષ્ટ રહીને, 'સર્વલાભોપહરણ' ન્યાયથી પ્રભુને સમર્પિત કરીને પ્રસાદ માત્ર જ લઉં છું. બાકીનુંતો હાટડીની દીનહીન શેરીઓમાં ભટકતા દલાલોની વચ્ચે વહેંચી દઉં છું. આંબેડકરસ્મૃતિગ્રસ્ત હોવાથી હટ્ટોપવેશનાત્મિકા ઉપાધિ-અવછિન્ન છું, હવેલીઓમાં બિરાજમાન ગોસ્વામિદ્વિવિદોની જેમ જ!''*
>
> *(જુઓ : 'ગદાપદાતત' પૃ.૨૩)*

તો આવી વેશ્યાવૃત્તિ કરનાર પુષ્ટિમાર્ગીય સ્રીને પણ

સેવોપયોગ્યર્થાર્થી માનીને ઉત્તમકોટિની પુષ્ટિભક્ત માની લેવી !

શ્રીપુરુષોત્તમજીના અનુસાર, પરંતુ, પ્રભુચરણોએ આ શ્લોકનું વ્યાખ્યાન કેમ ન કર્યું, આની કારણમીમાંસા આવી રીતે કરી શકાય છે કે મૂલમાં સંસારી જીવ બે પ્રકારના હોઈ શકે છે : [1]ભગવત્સ્વરૂપાર્થિતયા સંસારનિવૃત્તિકામી ભક્ત અને [2]'‘એહિકં મમ સિધ્યતુ'’ની મનોવૃત્તિવાળા કોઈ લોકાર્થી તથા ભગવત્સેવામાં પ્રવૃત્ત થનાર. આવાઓ માટે મહાપ્રભુએ “**ક્લિષ્ટો ભવતિ સર્વથા**” આજ્ઞા કરી છે. આ આજ્ઞાના અનુસાર કલેશ મેળવનાર કલેશ મેળવવા છતાં [2/ક]ભગવત્સેવાના ભાવવાળો દુરાગ્રહી હોઈ શકે છે. ભગવત્સેવાના આવા દુરાગ્રહનો ત્યાગ કરવાની આજ્ઞા મહાપ્રભુએ “**ગૃહસ્થાનામપિ પૂજાયાં પંચદોષસમ્ભવે પર્યટનમેવ શ્રેષ્ઠમ્ ઈતિ આહ 'વિક્ષેપાદ્' ઈતિ, સ્વતઃપ્રવૃત્તિરહિતાનિ ઈન્દ્રિયાણિ બલાદ્ ભગવતિ યોજ્યમાનાનિ વિક્ષેપં જનયન્તિ વિગ્રહકર્ષિતાનિ ....સ્વસ્ય વા પરમઃ આગ્રહઃ ઉત્પદ્યતે યેન તમસિ પ્રવિષ્ટો ભગવન્તં ન સ્મરતિ, લોકાનાં વા પીડાં કુર્યાત્. તત્ર પૂજા ત્યક્તવ્યા**” (ત.દી.નિ.પ્ર. ૨/૨૪૭) આજ્ઞા જ કરી છે. તેથી આવા ઉપદેશથી વિરૂદ્ધ આચરણ દ્વારા તે ભગવાનને પરિશ્રમ આપવાનું બની જાય છે. તેથી જ શ્રીપુરુષોત્તમજી આને ભક્ત નહીં માનીને 'લોકાર્થી સેવાગ્રહી' કહી રહ્યા છે. અને [2/ખ]ભગવત્સેવાનો અનાગ્રહી જે કલેશ પ્રાપ્ત કરવાથી સેવા છોડી દે છે. અથવા તેના અનુકલ્પરૂપે પ્રપત્તિમાર્ગ, સપ્તવિધભક્તિમાર્ગ, તીર્થાટન કે કથા વગેરે કલ્પોનો સમાશ્રયણ કરે છે.

ઉલ્લેખનીય છે કે માત્ર પહેલાંને જ શ્રીપુરુષોત્તમજીએ 'ભક્ત' કહ્યો છે પરંતુ [2/ક]આગ્રહી અને [2/ખ]અનાગ્રહીને 'ભક્ત' નથી કહ્યા, બંનેમાં લોકાર્થી હોવાના કારણે જ આનું પણ સ્પષ્ટીકરણ વાર્તાસાહિત્યમાં મળે છે. દ્રષ્ટવ્ય :

> **“હજુ તારૂં ચિત્ત દ્રવ્યમાં છે. તેથી ભગવન્નામ હજુ તને ફલિત નહીં થાય. તેથી તું જઈને સમુદ્રના કિનારે બેસ. સમુદ્રની લહેરોમાં તને દ્રવ્ય મળશે. તે દ્રવ્યથી જે મનોરથ શ્રીજગન્નાથજીનો વિચાર્યો છે તે પૂરો કર. પછી શરણે લેશું. તું અમારો છે; તેથી હવે તને સંસારદુઃખ બાધા નહી કરે. ત્યારે નરહરદાસે કહ્યું, 'મહારાજ!, દ્રવ્યમાં મારૂં બહુ મન છે... મન ફાવે તેમ ખરચું જેથી પિતા પણ સાંભળીને લજાય જાય કે જગન્નાથરાયજી આવા ઠાકુર છે' ત્યારે શ્રીઆચાર્યજી કહે 'જા તારો મનોરથ પૂર્ણ થશે' ... ત્યારે નરહરદાસે કહ્યું 'મહારાજ!, આમાંથી થોડું રાખો' ત્યારે શ્રીઆચાર્યજી કહે, 'આ જગન્નાથજીનું દ્રવ્ય છે... આ અમારા કામમાં ન આવે. અમારે તો જો કોઈ અમારો સેવક હોય, ખરી મજૂરીનું દ્રવ્ય હોય તે અમે અંગીકાર કરીએ છીએ'”**
>
> (૮૪ વૈ.વા.૭૧, ભાવપ્રકાશ)

આ આચાર્યોદ્ગારને શુદ્ધ મનથી મનન કરવાથી તો સ્પષ્ટ થઈ શકે છે કે આ જ પુષ્ટિસિદ્ધાન્ત છે. અહીં આચાર્યચરણોએ ભગવત્સેવાર્થ અર્થાર્થીને દીક્ષાદાનાર્હ પણ નથી માન્યો. છતાં પણ પુષ્ટિજીવને ઓળખતા હોવાના કારણે તેની અર્થાર્થિતાનું ઉપશમ કરાવીનેજ ત્યારપછી પોતાના માર્ગમાં તેને દીક્ષિત કર્યો.

ક્યાં આ વાર્તા અને ક્યાં આજે એમના વંશજ હોવા સિવાય કોઈપણ જાતની લાયકાત વગરના અમે ગોસ્વામિઓની અર્થાર્થીને

ભક્તરૂપે બિરદાવવાની દેવલકી વાસના ! જ્યારે કે શાસ્ત્રમાં ''**અર્થાર્થી.. યો દેવં પૂજ્યેત્ સદા 'કર્મદેવલકો' સર્વકર્મબહિષ્કૃતઃ**'' (પુસિસંશિ પદવીદાનપત્રવાચક શ્રીવલ્લભ કૃત વિમ. પૃ.૪૧) અર્થાર્થીને દેવલક માનેલો જ છે. સાથે સાથે ધ્યાનમાં લેવા લાયક છે કે પ્રભુચરણોએ તો દેવલકને તો લાભપૂજાપરાયણ પાખંડી માનીને સિદ્ધાંતમુક્તાવલીની કોઈપણ મુક્તિકોપમ કારિકાથી સર્વથા અસમ્પૃક્ત જ રાખવા યોગ્ય માન્યા છે.

તેથી સંસારી ભક્તના ઉપભેદતયા જે લોકાર્થીનો કલ્પ નિરૂપણ કર્યો છે, તે સિદ્ધ થઈ શકતુ નથી. તેથી સિદ્ધ થઈ જાય છે કે મૂલમાં શ્રીપુરુષોત્તમજી દ્વારા પ્રસ્તાવિત વિભાજન અર્થાર્થી ભક્તનું ન હોઈને – જે સંસારી જીવ ભજનમાં પ્રવૃત્ત થાય છે, એમના વિષયમાં જ છે. કેમકે વાર્તાનું સ્વારસ્ય પણ આ જ છે કે લોકાર્થીની લોકાર્થીતાના દોષનું નિવારણ જો શક્ય લાગતું હોય ત્યારે પુષ્ટિજીવ હોવાની સંભાવનાને લીધે તે સંસારીને આચાર્યાનુગ્રહદ્વારક ભગવદનુગ્રહને મેળવવાનો અધિકારી માની શકાય છે. નિષ્કર્ષતયા કોઈ પોતાની અર્થેષણાને અનુરૂપ તેને અર્થાર્થી ભક્તતયા રજુ કરવા માગે છે તો તે તો સ્વયં પોતાના સ્વભાવની જ રજુઆત છે.

ભગવત્સેવકનું અર્થાપેક્ષી/કામુક અથવા અર્થનિરપેક્ષ/કામવાસનારહિત હોવું એ એક કથા છે; અને, ભગવત્સેવાપરાયણને અર્થાર્થી જઘન્ય કોટિનો ભક્ત માનીને, કૃતભજનવૈયર્થ્યાસમ્ભવાત્ એવાઓને પણ ભક્તિમાર્ગીય જાહેર કરવા એ કોઈ બીજી જ કથા છે!

આમ તો ન તો બધા સંસારી લોકાર્થી હોય છે અને ન બધા લોકાર્થી અર્થાર્થી જ. તેથી બધા અર્થાર્થીઓને તો લોકાર્થી માની શકાય

છે અને બધા લોકાર્થીઓને સંસારીપણ પરંતુ બધા લોકાર્થીઓને અર્થાર્થી નહીં. વસ્તુતઃ પ્રભુચરણના સેવક સ્ત્રી–પુરૂષ બ્રાહ્મણ ગુજરાતની વાર્તા વાંચી હોત તો ખબર પડત કે –

> **''ત્યારે પુરૂષે નાહીને સ્ત્રીની પાસે આવીને પૂછયું કે 'તને શું થયું?' ત્યારે સ્ત્રીએ કહ્યું કે 'હું તો સેવા ત્યારે કરૂં જ્યારે વૈભવથી કરૂં' ત્યારે પુરૂષે કહ્યું કે 'સારૂં વૈભવથી કરજે' ... પુરૂષે સ્ત્રીને કહ્યું કે 'તું એક કામ કર... અહિંથી એક કોસ ઉપર એક વૃક્ષ છે તો ત્યાં જઈને વૃક્ષની નીચે ખોદજે તેથી દ્રવ્ય નીકળશે. તે ટોકરી ભરી લાવીને વૈભવથી સેવા કરજે'... ત્યારે વૃક્ષમાંથી અવાજ આવ્યો કે 'મને તું કાંઈક આપતી જા પછી દ્રવ્ય લઈ જા...કે એક ઝારીનું ફ્લ દઈ જા'... ત્યારે આમણે કહ્યું 'તે તો નહીં આપું' ત્યારે તેણે કહ્યું 'અધિક હોય તે તું રાખજે ઓછું હોય તે હું રાખીશ'... ત્યારે પુરૂષે કહ્યું કે 'નિષ્કંચનતાથી જારી ભરે સેવા કરે તેના ફ્લનું શું કહેવું ... હવે તું વિચાર કર કે ઝારીનું ફ્લ કેટલું છે અને આ દ્રવ્ય કેટલું છે ? ત્યાર પછી તે સ્ત્રીએ કયારેય પણ દ્રવ્યની ઈચ્છા કરી નહીં અને પોતાના મનમાં કહે કે 'હું ઝારી જ ભરતી રહીશ' તો તે સ્ત્રી નિષ્કંચનતાથી ઝારી ભરે અને સેવા કરે તો તે સ્ત્રી–પુરૂષ નિષ્કિંચનતાથી સદૈવ સેવા કરતાં.** (૨૫૨/૧૫૯)

અત્યારના અમે ગોસ્વામિદ્વિવિદોની મતિ અનુસાર તો આ સ્ત્રી–પુરૂષ ભગવત્સેવાના અતિજઘન્યતમ અધિકારી હોવા જોઈએ. કેમકે ગામને પોતાના સેવ્ય પ્રભુના દર્શન કરાવીને ''*ભગવચ્છાસ્ત્રોક્ત*

સર્વલાભો (? ભાડ!) પહરણન્યાયથી સ્નેહપૂર્વક અધિક રાજભોગ-મનોરથાદિ'' ('ગદાપદાતત' પૃ. ૨૩) નહોતા કરાવતા ક્યાં તો ભાવપ્રકાશકાર મહાનુભાવ શ્રી હરિરાયજીનું **''આ વાર્તાનો અભિપ્રાય એ છે કે કોઈ નિષ્કંચન દીન બનીને નિષ્કામભાવથી ભગવત્સેવા કરે છે તેના ઉપર શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે''** (ત્યાંજ) એમ કહેવું અને ક્યાં અમે અત્યારના ગોસ્વામિઓની અર્થૈષણાની અચિકિત્સ્ય મનોગ્રન્થિ !

આવી તો એક નહીં અનેક વાર્તાઓમાં નિષ્કંચનોની ભગવત્સેવાના નેગભોગરાગવૈભવની સેવાથી ક્યાંય અધિક મહત્ત્વ પ્રતિપાદિત કરવામાં આવેલું છે. તેના ઉપર અમારી દ્રષ્ટિ કેમ નથી જતી ? અમે અમારા હૃદયમાં બીજાઓના વિત્તાપહારની જ મનોગ્રન્થિ આટલી દૃઢ કેમ બાંધી રાખી છે ? એને થોડી શિથિલ કરીએ તો નિષ્કંચન ભગવદીયોની વાર્તાનો ભાવ બુદ્ધિ/હૃદયમાં પ્રકાશિત થઈ શકશે. તેથી ગામથી ધન લીધા વીના કોઈ અર્થાર્થી, જો ગદાધરદાસની જેમ, કલેશ પ્રાપ્ત કરતા હોત તો અને ખરેખર યદચ્છાલાભ સંતુષ્ટ હોત તો આ વચનના વિષય માની શકાત. પોતાની હવેલીની પેઢીઓમાં સમાધાનીની દલાલી દ્વારા ધનલાભ મેળવવા વાળા અમે તો ક્યારેય પણ નહીં જ. અન્યથા આચાર્યવચનનુંપ્રમાણ્ય જ કાયમ નહીં રહી શકે.

(૩)

એવું નથી કે ભગચ્છાસ્ત્રમાં જ્યાં-ક્યાંય 'જઘન્ય' શબ્દ દેખાય તો તેના અર્થ સીધો દેવલક જ થાય છે જેમકે આક્ષેપ કરવામાં આવ્યો છે. (દ્રષ્ટ. :'ગદાપદાતત' પૃ.૮) છતાં પણ વિસ્તૃતવિવરણમાંથી

કેટલીક ચર્ચાના ઉદ્ધરણ આ સંદર્ભમાં જોવા લાયક છે :

ગો.શ્યા.મ. : હાં જે પૈસા લઈને સેવા કરે છે .... દેવલક થયો કે નહીં ? ... અને નિષિદ્ધ કોઈપણ પ્રકારથી સેવા કરે છે તો તે જો સેવા જ ન હોય તો 'નહિ કલ્યાણકૃત કશ્ચિદ્ દુર્ગતિ તાત ગચ્છતિ' તો સેવામાં મદિરા અર્પણ કરે તો તે પણ કલ્યાણકૃત હોય છે શું ? કેમકે મદિરા પણ તેણે અર્પણ તો કરી ! એ અર્થમાં કહી રહ્યો છું નિષિદ્ધ પ્રકારથી સેવા કરવાથી.

ગો.હરિરાય : નહીં. આ નિષિદ્ધ પ્રકારથી નથી કરી રહ્યો.

ગો.શ્યા.મ. : નિષેધ તો દેવલકત્વથી પ્રાપ્ત થઈ જ ગયો. કેમકે નહીંતર તનુજાકર્તા અને દેવલક વચ્ચેનું અંતર આપ સ્પષ્ટ કરો.

ગો.હરિરાય : તે જે છે માત્ર તે પોતે પૈસા કમાઈને ધંધો કરવા માટે કે આ કાર્યને માટે નથી કરી રહ્યો; તે માત્ર લોકાર્થી છે. તેનો લોક ચાલે.

ગો.શ્યા.મ. : નહીં-નહીં. હું લોકાર્થીની વાત નથી કરી રહ્યો.

ગો.હરિરાય : નહીં. એ તો એને લોકાર્થીમાં પણ લઈ લેવામાં આવે તો. આવ્યું ને ધ્યાનમાં.

ગો.શ્યા.મ. : નહીં. હું તો નિષેધ્યકોટિના લોકાર્થીની ચર્ચા કરી રહ્યો છું. તેનાથી તનુજસેવાકર્તાને અલગ કેવી રીતે કરવો ?

(વિસ્તૃ.વિવ.પૃ.૨૨૩-૨૨૪)

ઉક્ત ચર્ચાસભા પછી પ્રકાશિત વિશોધનિકાના 'દે-ધનાધન' બીજા પ્રકરણ (પૃ.૨૯) માં પણ મેં સેવાકર્તાના '[૧]ભકત [૨]ભક્ત્યર્થી

[૩]અભક્ત્યર્થી ભેદ બતાવ્યા. [૩]અભક્ત્યર્થીના ફરીને [અ]અનિષિદ્ધ લોકાર્થી અને [આ]નિષિદ્ધ વૃત્યર્થી બતાવ્યા જ છે. એથી જ સિદ્ધ થાય છે કે ન તો ચર્ચાસભામાં અને ન તો આજે પણ મારા લેખ-પ્રવચનોમાં મેં ક્યારેય આવું પ્રતિપાદન કર્યું. તેથી જ્યારે નિંદિત લોકાર્થી પોતાની નિંદ્ય મનોવૃત્તિને છોડીને, એટલે કે અર્થાર્થિતાનો પરિત્યાગ કરી, ''આયે કષ્ટં વ્યયે કષ્ટં, કષ્ટં પ્રાપ્તસ્ય રક્ષણે, અપ્રાપ્તૌતું (દેવલકાનામિવ સૃષ્ટ્યારંભે નિયતયા અર્થાર્થિતયા) મહત્ કષ્ટં, વિત્તં કષ્ટં ઈહ ઉચ્યતે'' આવો અર્થમોહભંગ સાધી શકે છે. ત્યારે જ પ્રભુ પણ તેના પૂર્વજન્મના અમાન્ય ભજનને પણ, આચાર્યમાર્ગીય જીવ જાણીને તેના ઉપર દયા કરે છે. આ તો રિટ્રોસ્પેક્ટિવ ઈફેક્ટ (પૂર્વમાં અમાન્યને પાછળથી માન્ય બનાવી) ના રૂપમાં પણ માન્ય કરીએ છીએ. પરંતુ કોઈપણ સ્થિતિમાં તેની પહેલાં તો નહીં જ. તો પછી લોકાર્થીના ભજનના વૈયર્થ્ય કે અવૈયર્થ્યનો પ્રશ્ન જ અહીં ઉભો કેવી રીતે થઈ શકે ? અન્યથા કંસ-પૂતના-શિશુપાલ વગેરે અસુરોને પણ માર્યા પછી પ્રદત્ત મુક્તિના વૃત્તાંતના આધારે ભગવદ્હિંસા કે ભગવદ્દ્વેષ વગેરેની મનોવૃત્તિઓને પણ શાસ્ત્રવિહિત મુક્ત્યુપાય તથા માન્ય કરવી પડશે.

ત્યારે તો વાત માત્ર ભગવાન ઉપર જ નહીં પરંતુ ''ગુરૂઃ સાક્ષાત્ પરં બ્રહ્મ'' ન્યાયે ગુરૂહિંસા અને ગુરૂદ્વેષને શાસ્ત્રવિહિત મુક્ત્યુપાયતયા માન્ય રાખવા જ પડશે. ત્યારે તો અર્થાર્થી ભક્તની જેમ હિંસાર્થી ગાલીપ્રદાનાર્થી જીવોના પણ ચારવિધ પ્રકારના પ્રભેદ સ્વીકારવા પડશે, કૃતભજનવૈયર્થ્યાસમ્ભવાત્. ત્યારે તો ''**નૈવ આત્મનાઃ પ્રભુઃ અયં નિજલાભપૂર્ણઃ**'' ન્યાયેન પૂર્વજન્મકૃત ગુરુહિંસાર્થી કે દ્વેષાર્થીના ભજનોનું વૈયર્થ્ય પણ નિરસ્ત કરવું પડશે.

મને નથી લાગતું કે આ ન્યાયની વ્યાખ્યામાં પૂર્વાચાર્યોએ જે

એકાધિક વર્ણક પ્રતિપાદિત માન્યા છે, તેમાંથી કોઈ એક વર્ણકપર પણ અર્થાર્થીભક્તોના વિભાગકર્તાએ, ઉદ્ધૃત કરતાં પહેલાં, દષ્ટિપાત કર્યો હોય. કેમ કે જો માત્ર દષ્ટિપાત કર્યો હોત તો ખબર પડત ---

પ્રથમવર્ણકમાં તો સ્પષ્ટતયા ''**મર્યાદામાર્ગમ્ આશ્રિત્ય તથા ઉચ્યતે નતુ પુષ્ટિભક્તિમ્. અતએવ 'ભક્ત' પદં 'સેવા' પદં ચ વિહાય 'જન' પદં 'માનં' પદં ચ ઉક્તમ્**'' કહેવાયેલું છે.

દ્વિતીય વર્ણકમાં ''**કિંચ ભક્તસ્ય કા વાર્તા ! ભક્તિરહિતોઽપિ જનો ભક્તપ્રવર્તિતસમ્પ્રદાયસ્થિતો ભૂત્વા ભગવતે યદ્યદ્ માનં વિદધીત સ્વસ્ય કર્તવ્યત્વેન (નતુ અર્થાર્થીતયા) વિહિતં જ્ઞાત્વા ..... તત્ર સમ્પ્રદાયાનુરોધાદ્ આત્મને વૃણીતે ... પરં ભક્તં સ્વયં વૃણીતે, અન્યઃ સ્વતઃ કરોતિ ઈતિ તારતમ્યમ્. તર્હિ ભક્તકૃતમેવ અંગીકરોતિ ઈતિ નિયમઃ કથં સમ્ભવતિ ? ઈતિ ... દૃષ્ટાન્તમ્ આહ... મુખસ્થાનીયો ભક્તઃ પ્રતિમુખસ્થાનીયઃ તદનુવર્તી .... તથા ભક્તાનુવર્તિકૃતં ભક્તકૃતં નતુ તત્કૃતં, ભક્તાનુસારિત્વાત્**'' તેથી ભક્તોએ લોકાર્થિતયા ભગવત્સેવા ન કરી હોય અને ભક્તાનુવર્તી કોઈ દ્વિવિદ અર્થાર્થિતયા ભગવત્સેવા કરતો હોય તો તેને ભગવાન અંગીકાર નહી કરે એ સિદ્ધ થાય છે.

તૃતીયવર્ણકમાં ભગવાન ભક્તાધીન હોવાના કારણે સ્વતંત્ર નથી હોતા ઉલ્ટાના નિષ્કંચન હોય છે. તેથી નિષ્કંચનજનોની સાથે જ પ્રેમ કરે છે આમ કહેવાયું છે. એટલા માટે અર્થાર્થીજનોના દ્વારા કરવામાં આવતી સેવાને અંગીકાર જ નથી કરતાં, આમ ફલિત થઈ રહ્યું છે.

ચતુર્થવર્ણકમાં અભક્તો દ્વારા સમર્પિત અધિક (રાજભોગ-છપ્પનભોગ-વગેરે પણ) નહીં પરંતુ અધિક ભક્તો દ્વારા સમર્પિત અલ્પમાત્રમાં પણ પત્ર પુષ્પ ફલ જલ અંગીકાર કરે છે, આમ કહેવાયું છે. આજે તો (કહેવાતી) પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં માણસમાત્રની ભેટ-સામગ્રી સ્વીકારવામાં આવે છે. તે પણ એ જાણ્યા વગર જ કે દર્શન કરવા આવનાર જનતા સ્વસમ્પ્રદાયી છે કે વિસમ્પ્રદાયી, કૃષ્ણભક્ત છે કે અન્યાન્યદેવોની ભક્ત, ભકિતમાર્ગીય છે કે ભક્તીતરમાર્ગાનુગામી ! આવી હાલતમાં તેઓની ભેટસામગ્રી પુષ્ટિપ્રભુ અંગીકાર જ નથી કરતા. તો આપણી હવેલીઓમાં મઠડી-મોહનથાળ વગેરે અને હોટેલ-રેસ્ટોરાંમાં ચાઈનીઝ ફુડ અને મેકસીકન બર્ગરની વચ્ચે, જેને વલ્લભકુલના ગો.બા. પણ હવે આરોગવા લાગ્યા છે (અને આવું તેઓ ઓરકુટ ઉપર પોતાની પ્રોફાઈલમાં કબુલ પણ કરે છે) ફરક શું રહી જશે ! તેથી તેને ભગવત્પ્રસાદ માની શકાતો નથી. આમ, વિપરીત જ સિદ્ધ થઈ જાય છે.

પાંચમા વર્ણકમાં એમ કહેવાયું છે કે નિઃસ્વાર્થી ભક્ત જ્યારે ભગવાનને કાંઈક સમર્પિત કરે છે ત્યારે પ્રભુ સ્વભાવતઃ અંગીકાર કરે છે. સ્વાર્થવશ ભજન કરનાર જ્યારે કાંઈક ભગવાનને સમર્પિત કરે છે તો કરુણા જાગવાથી જ. આવી હાલતમાં આશંકા પેદા થાય છે કે ભગવાનના વિશેષ અનુગ્રહ વગર તો નિઃસ્વાર્થ ભજન કોઈ કરી જ શક્તું નથી. ત્યારે તો ભજન કરવું જ લોકો બંધ કરી દેશે. તેથી તેનો ખુલાસો આપવા માટે આમ પ્રતિપાદન કરવામાં આવેલું છે કે પુષ્ટિમાર્ગમાં નિષ્કામ કે નિઃસ્વાર્થ ભજન કરવામાં આવે છે. મર્યાદામાર્ગમાં મોક્ષકામનાને માટે ભજન કરવામાં આવે છે અને પ્રવાહમાર્ગમાં લૌકિક કામના કે સ્વાર્થને માટે ભજન કરવામાં આવે છે. તેથી જેમ બની આવે તેમ બધાને ભગવાનની ભકિત તો કરવી જ

જોઈએ. આવી હાલતમાં અર્થાર્થીને યથાવિવક્ષિત અર્થમાં તો પ્રવાહમાર્ગીય જીવ જ માનવો પડશે. અને તેની પ્રસંશા પણ તેને પ્રવાહમાર્ગથી નિવારિત કરીને દૈવમાર્ગમાં અભિમુખ બનાવવાને સ્વીકારવી પડશે.

આવી સ્થિતિમાં સૌથી પહેલાં તો કયા વર્ણકમાં પ્રતિપાદિત અર્થમાં ‘‘નૈવાત્મનઃ પ્રભુરયં નિજલાભપૂર્ણઃ’’ ન્યાય સ્વીકારવો એ પક્ષગ્રહણ દ્વારા સ્પષ્ટ કરવું પડશે. એટલું તો નક્કિ જ છે કે મર્યાદામાર્ગમાં મોક્ષકામના માટે ભક્તિ કરી શકાતી હોય તાવતા –

> ‘‘મોક્ષાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા,
> ક્લિષ્ટોપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં મોક્ષો નશ્યતિ સર્વથા’’ /
> ‘‘કામાર્તઃ/હિંસાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ
> સર્વથા, ક્લિષ્ટોપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં કામો/હિંસા નશ્યતિ
> સર્વથા’’.

આવું પણ ભગવદ્ગીતોક્ત ચતુર્વિધ ભજનકર્તાઓને ‘સુકૃતિ’ કહેવામાં આવવાની દુહાઈ દઈને કહી શકાય છે શું ભજનનો આવો પ્રકાર મહાપ્રભુને અભિપ્રેત (માન્ય) માની શકાય છે શું ? કેમકે ચતુર્વિધ ભજનકર્તાઓમાં માત્ર અર્થાથી જ નહીં આર્ત પણ સ્વીકારવામાં આવેલ છે. અને કોઈ જઘન્ય હોય કે જઘન્યતર કે અતિજઘન્યતમ પણ અધિકારી કેમ ન હોય પોતાની અગમ્યાગમનની વાસનાને લીધે અથવા અવધ્યના વધ્યની કામનાને લીધે ભજન કરતો હોય તો ભજનના આવા પ્રકારને પણ પુષ્ટિમાર્ગીય માની શકાય છે કે નહીં ? ‘‘કૃતભજનવૈયર્થ્યાસમ્ભવાત્’’ આવાઓના ભજનને પણ શું ધર્મ્ય જ માની લેવું ! અને ‘‘ફલમતઃ ઉપપત્તેઃ’’ ન્યાયથી તેવાઓની કામના

પણ ભગવાનને પૂરી તો કરવી જ પડશે કે નહીં ? આનો ખુલાસો કરવો પડશે.

(૪)

મુખ્યરૂપમાં ધ્યાન દેવાની વાત અહીં એ છે કે જે જન્મમાં ભગવત્સેવા કોઈ લોકાર્થી થઈને કરે છે, તે જન્મતો તેનો વ્યર્થ જ જાય છે. તો આવું જાણવા છતાં પણ આટલા દુર્લભ જીવનમાં જઘન્યાર્થિતાના માટે પ્રેરણા કે સ્વચ્છન્દાનુસરણની અનુજ્ઞા કે ઉપદેશની વકીલાત શા માટે કરવી ? અને જન્માંતરમાં જે પુષ્ટિપ્રભુ પુષ્ટિમાર્ગાચાર્યના માર્ગની કાની રાખવા માટે તેના ઉપર અનુગ્રહ કરી શકે છે, તો તેતો ભગવદ્દ્વેષી અસુરો ઉપર પણ કરી જ શકે છે. તો પછી સ્વયં જઘન્યતાનું અનુમોદન કરીને જનતાના દ્રવ્યને હડપ કરવા પોતાની ભગવત્સેવાના નામ ઉપર ચાલતી પેઢીમાં સમાધાની અને રસીદનો સરંજામ કરીને જનતાને લલચાવવી શા માટે ? લોકાર્થીના આ જન્મમાં લૌકિકસ્વાસ્થ્યને અને જન્માન્તરમાં લોકાર્થિતાને નિવૃત્ત કરીને જ ભગવાન પોતાનો અનુગ્રહ પ્રદાન કરતા હોય તો આ જન્મમાં લોકાર્થીતાનું અનુમોદન શા માટે કરવું ? કારણ કે પ્રભુ પણ તો અંતમાં લોકાર્થિતાને નિવૃત્ત કરીને જ ભક્તિમાર્ગીય અનુગ્રહ કરશે, તે પણ જન્માંતરમાં જ તેને સ્વગામિતયા સફળ બનાવશે. તો આ જન્મ તો નિરર્થક ગયો ! આ જાણતા હોવા છતાં ક્ષુદ્રસ્વાર્થ માટે એતજ્જન્મકૃત સેવાને અભગવદ્ગામી શા માટે બનવા દેવી ? જ્યારે કે અનિષિદ્ધ લૌકિક કામનાની અનિષિદ્ધ લૌકિક ઉપાયો દ્વારા પૂર્તિ કરવા માટે ભક્તિમાર્ગમાં કોઈ મનાઈ તો નથી ફરમાવવામાં આવી. તેથી આ જન્મમાં ભગવદ્ગામી ન બની શકનાર સેવાની જાણી જોઈને વકીલાત કરીને ભગવત્સેવાના પોતાના નિંદિત કે નિષિદ્ધ જઘન્યાધિકારને ઢાંકવા માટે આવું કપટનાટક શા માટે કરવું ? તેથી આ વાત તો અમારા દ્વિવિદોંની ઉઘાડી પડેલી દેવલકતાનું પ્રમાણ બની જાય છે.

તેથી જ ચર્ચાસભામાં જ્યારે સેવાના પ્રયોજનના વિષયમાં જીજ્ઞાસા પ્રકટ કરી તો દ્વિવિદમતિને અનુરૂપ પ્રસ્તુત અર્થાર્થિપ્રભેદોના વિભાગકારે લખાવ્યું હતું કે પુષ્ટિસિદ્ધાંતમાં અધિકારિભેદવશ ભકતીતર લૌકિક પ્રયોજન પણ સિદ્ધાન્તાભિમત છે. જ્યારે પુછયું ''સેવાસ્થળ કયું ?'' તો કહ્યું ''સેવાકર્તૃસ્વામિક હોવું જોઈએ'' હવે આ જેમ ગોસ્વામિદ્વિવિદો ઉપર લાગુ પડશે તેવી જ રીતે વૈષ્ણવો ઉપર પણ લાગુ કરવામાં આવે તો ગો.બા.ઓની હવેલીઓમાં દેવલકો દ્વારા ગેરમાર્ગે દોરાયેલા વૈષ્ણવ જે કાંઈ કરી રહ્યા છે, તે ચાહે તનુજા હોય કે વિત્તજા, તેને ત્યાં તેનું સ્વામિત્વ ન માનવાથી ભગવત્સેવારૂપે અમાન્ય જ રાખવી પડશે. આનાથી ઉલટુ પોતાના ઘરોમાં જે વૈષ્ણવ સેવા કરે છે તેને જ સિદ્ધાંતાભિમત પ્રકારતયા સેવાના રૂપમાં જ માન્ય કરવું પડશે.

વિસ્તૃતવિવરણ (પૃ.૧૬૦-૧૬૭); અને વિશ્વાસ ન હોય તો પક્ષગ્રહણની પ્રકાશિત વીડિયો જોઈને પણ, નિર્ણય કરી શકાય છે કે પોતાની દ્વિવિદમતિના અનુરૂપ માત્ર સાત પાનામાં સીમિત ચર્ચામાં પણ સેવા દ્વારા પોતાની આજીવિકા ઉભી કરવાવાળાને પહેલા જઘન્યકોટિનો માન્યો. પછી પ્રશ્ન કરવાથી કે તે સિદ્ધાંતાભિમત જઘન્યાધિકાર છે કે સિદ્ધાંતાનભિમત જઘન્યાધિકાર છે ? બીજા શબ્દોમાં જઘન્યાધિકારી જે સેવા દ્વારા પોતાની આજીવિકા કમાય છે તે સિદ્ધાંતશુદ્ધ સેવાનો અનુકલ્પ છે, વિકલ્પ છે; કે પ્રતિકૂલકલ્પ છે? તો તેમાં સમજ્યા વિચાર્યા વગર ''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં'' વચનનો પેચ નાખવાની કોશિશ કરી. જ્યારે આજીવિકોપાર્જકના રૂપમાં

લોકાર્થીને ગણાવી શકાય છે કે નહીં ? આમ પૂછયું તો પૂરો ગ્રન્થાંશ બધા સાંભળે તે રીતે વાંચીને સંભળાવવા લાગ્યા, જ્યારે વાંચતા-વાંચતા પોતાની ત્રુટિનો ખ્યાલ આવ્યો ત્યારે શાખાચંક્રમણ કરીને સ્વીકારી પણ લીધું કે ત્રણ વર્ષની મુદતમાં તો નહીં પરંતુ ત્રણ વર્ષની મુદત પૂરી થયા પછી **"પૈસા માટે કે પૈસાનો અર્થી બનીને સેવા કરે છે ત્યારે તેનામાં દેવલકત્વ આવે છે"** (વિસ્તૃત વિવ. પૃ. ૧૬૫)

આવી હાલતમાં પોતાની હવેલીને **"શ્રીવલ્લભસમ્પ્રદાયની સેવાપ્રલાણીના અનુસાર શ્રીઠાકોરજીની સેવાપ્રલાણી ચાલુ રાખવા માટે"** (સી.પી.આર.નં.૧૩૯ના પૃ. ૨) ટ્રસ્ટ જાહેર કરવાની જે ચેરીટી-કમિશ્નરની ઓફિસમાં અરજી આપી, તેના (પૃ.૪) ઉપર આવકમાંથી ત્રીસ ટકા મજુરી પેટે મેળવવાનો અધિકાર પણ સ્વીકારવામાં આવેલો હોવાથી, અને તે કોણ જાણે કેટલાય વર્ષોથી અપનાવેલ હોવાથી સ્વયંસ્વીકૃત પક્ષ મુજબ નિષિદ્ધકોટિની જઘન્ય દેવલકતા પોતાનામાં સિદ્ધ થશે કે નહીં ?

હવે ફરી પોતાના ભગવત્સેવોપયોગ્યર્થાર્થી બનવાની શાખા ઉપર ચંક્રમણ કરી ઉત્તમ પુષ્ટિભક્ત હોવાની વાત સોળ વરસો પછી સૂઝી છે. આ કુશકાશાવલમ્બનમાં તનુજા વિત્તજા અને માનસી સેવાના ત્રૈવિધ્યને આધાર બનાવવામાં આવી રહ્યો છે. પહેલાં, કહ્યું હતું **"યદ્યપિ અહીં વાર્તાવગેરેના પ્રમાણનો વિષય નથી"** (વિસ્તૃત વિ.૧૭૮) પરંતુ હવે નૂતનશાખાચંક્રમણમાં ગદાધરદાસની વાર્તા પ્રમાણતયા રજૂ થઈ ગઈ છે :

> **"ગદાધરદાસની જેમ જ સ્વભગવદર્થ તનુજા-વિત્તજા સેવા નિર્વાહ શાસ્ત્રસંમત યદચ્છાલાભસન્તોષવૃત્તિથી**

> **યથાશક્તિ કરૂં છું, લાભપૂજાર્થયત્ન વડે નહીં... આ મારી ગર્વ સાથે નગારૂં વગાડીને ઘોષણા છે... લોકો પ્રભુને પૂજે છે મને નહીં... ઉલ્ટુ ભગવત્-શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણન્યાયથી ટ્રસ્ટનો બધો નફો ભગવદર્થ... તેથી લાભપૂજાનો પ્રશ્ન જ પેદા થતો નથી... વૈષ્ણવોની વિત્તજાનો વિનિયોગ હું શ્રીપ્રભુચરણોકત - શ્રીપુરૂષોત્તમચરણોકત ભગવત્સેવોપયોગ્યર્થાર્થિતયા સ્નેહપૂર્વક અધિક રાજભોગ-મનોરથાદિમાં લગાવું છું. તેથી અમારા અધિકારમાં લેશ માત્ર ન્યૂનતા નથી આવતી"**
> ('ગદાપદાતત' પૃ. ૨૩-૨૪).

હવે આ મજા જોવા જેવી છે :

ગો.હરિરાય : " 'સાચ ફલરૂપા સાધનરૂપા ચ આસ્તે' .. ફલની સાથે પણ 'રૂપ' પદ જોડાયેલું છે અને સાધનની સાથે પણ .... આની નીચે સીધું 'ઉક્તસેવાસાધને ઈતરે ઈતિ આહુઃ' પ્રભુચરણ સાધનની સાથે અહીં જે પહેલાં જોડવામાં આવેલું 'રૂપ' પદ છે તેને હટાવી રહ્યા છે .. માત્ર 'સાધન' પદ છે. એટલે કે સાધનત્વસ્વીકારઃ ઈતિ. દ્વિવચન સ્પષ્ટ છે 'ઉક્તસેવા સાધને ઈતરે' ... અર્થાત્ સાધનત્વેન સેવે છે... કેમકે આ જે 'તનુવિત્તજા' પદ છે તે 'દ્વન્દ્વાન્તે શ્રૂયમાણત્વાદ્' આ હેતુ આગળ છે. હું ભુલી ગયો છું....

ગો.શ્યા.મ. : પ્રત્યેકમ્ અભિસમ્બધ્યતે.

ગો.હરિરાય : છે ને તે વચન ! જરા ભૂલી ગયો ! ... ત્યારે તે સાધન તો જરૂર છે પરંતુ સાધનરૂપ નથી ... 'એતાદ્દષ્યો તે તત્સાધિકે ન'... જેનું સાધનત્વ સ્વીકાર કરવામાં આવેલું છે... જે સાધન જ છે, સાધનરૂપા નથી. માત્ર સાધન જ છે. તે 'તત્સાધિકે' દ્વિવચન અર્થાત્ માનસી સેવાની સાધિકે; બંને અલગ અલગ ચાલી રહી છે... કેમકે સાધકત્વ અને સાધનત્વ બંનેમાં ભેદ છે... અર્થાત્ સાધકત્વં નિષિદ્ધં નતુ સાધનત્વં...'એતાદ્દૃશ્યો' અર્થાત્ માત્ર સાધનરૂપમાં (આટલામાં જ જોઇ શકાય છે કે સાધન અને સાધનરૂપની વચ્ચે પ્રસ્તાવિત અન્તરને અહીં જ છોડી દેવામાં આવ્યું છે!) કરવામાં આવેલી સેવાઓ 'તત્સાધિકે ન'= માનસીના ફલની સાધિકા નથી બની શકતી. પરંતુ જ્યારે તેને તનુવિત્તજા= બંને ભેગી કરીને કરવામાં આવે છે, ત્યારે તેનું રૂપ બને છે સાધનરૂપમ્. સાધનરૂપા થતાં જ તે માનસીની સાધિકા બની જાય છે. 'એતેન'= આનાથી એ વાત થઇ... કેમકે સ્પષ્ટ કહ્યું છે કે ભાઇ! જ્યારે બંને અલગ-અલગ જો થઇ જાય છે, બિચારી કેવળ સાધનમાત્ર રહી જાય છે. એટલા માટે તેનામાં સાધકત્વ તો આવી શકતું નથી એટલા માટે સાધકત્વ જેમાં આવે છે તે 'એતેન ભગવદર્થં નિરૂપધિસ્વસર્વસ્વનિવેદનપૂર્વકં તત્રૈવ સ્વદેહવિનિયોગે પ્રેમ્ણિ જાતે સા ભવતિ' આ આગળ એટલા માટે બતાવ્યું....'ન કાર્યમ્' નો નિષેધ પણ જેને માનસી સેવા કરવી છે, અર્થાત્

જે ઉત્તમકોટિનો અધિકારી છે, માનસી જે ફલરૂપા સેવા છે તે જેને સિદ્ધ થવાની છે, ભગવદિચ્છાથી, અધિકારી તો ભગવદિચ્છાથી નિશ્ચિત થાય છે, તો જે ભગવદિચ્છાથી ઉત્તમકોટિનો અધિકારી છે, જેને માનસી સિદ્ધ થવાનું નિશ્ચિત જ છે, પ્રભુના વ્યુચ્ચરાણથી જ કે 'આ મારો ભક્ત છે, આને માનસી સિદ્ધ થશે'... જે 'ન કાર્યમ્' આ નિષેધ જ છે તે તો ઉત્તમ અધિકારીને માટે છે. આવુ હું એટલા માટે કહી રહ્યો છું કે જો આવું ન હોત તો આગળ 'એતાદ્દૃશસ્ય અવાન્તરફલં ભવતિ...' તેમાં સાધન જે માનસીને માટે કરવાનું છે તેને પણ સાથે મધ્યપાતીન્યાયથી અવાન્તરફલ તો મળે જ છે.... પરંતુ જો અલગ-અલગ કરે છે, તેઓ કે ઉત્તમ અધિકારી નથી, મન્દમધ્યમ છે, તેઓને તેઓ અલગ-અલગ કરે છે તો તેને અવાન્તર ફલ મળે છે.. 'ન' જે છે તે માનસીના ઉત્તમ અધિકારી, મતલબ ઉત્તમાધિકારીભિઃ તથા ન કાર્યં યથા વ્રજસ્થાનામિવ પર્યવસ્યતિ ... એટલા માટે કહ્યું છે કે તેને કાંઇ ખબર નથી હોતી કે આ બંનેને સાથે જ કરવી જોઇએ, આ જ પ્રકારથી કરવી જોઇએ ત્યારે તે સિદ્ધ થાય, આવી તો તેને ખબર નથી હોતી. તે તો બંનેમાંથી કોઇપણ કે ક્યાંય પણ કોઇપણ પ્રકારે કરી લે છે જેમ એક બાલક''

(વિસ્તૃ.વિવ.૨૦૨-૨૧૦)

ચર્ચાના સમયે શું ભાંગ પીધી હતી ? કે તનુજા અને વિત્તજા

સેવાના દ્વિત્વની વકીલાતમાં સૃષ્ટિના આરંભથી ભગવન્નિર્ધારિત મન્દમધ્યમ જઘન્ય અજ્ઞાની હોવાની સ્વીકૃતિ ભરી સભામાં કરવામાં આવી રહી છે. હું આ વાતને વિચારી-વિચારીને હંસી રહ્યો હતો. તેમાં આ વધુ બોલી ગયા કે ‘‘આપ હંસી રહ્યા છો તે એટલા માટે કે ઉક્તપ્રકારમાં તો બંને આવશે આપ એમ માની રહ્યા છો પરંતુ હું એમ નથી માનતો’’ (વિસ્તૃ.વિવ.૨૦૯)

હવે આ આત્મજાઘન્ય પર ધ્યાન આકૃષ્ટ કર્યું તો અન્ય કોઈ આત્મત્રાણોપાય વિત્તૈષણાવશ દેખાતું ન હોવાથી નૂતનશાખા ‘‘[1]માનસીના સાધન બે છે તનુજા અને વિત્તજા ‘તથાચ એકકર્તૃકેએવ તે તત્સાધિકે ઈતિ ફલિતાર્થઃ’ અર્થાત્ [2]એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી બંને સેવા તનુજા-વિત્તજા જ માનસીની સાધક હોય છે. કેમકે ‘વિત્તં દત્વા... એતાદૃશ્યૌ તે તત્સાધિકે ન ઈતિ અભિપ્રાયજ્ઞાપકં સમસ્તં પદમ્’ અર્થાત્ [3]મજુરીના રૂપમાં વિત્ત લઈને કે દઈને બે વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી આવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી.. આથી એ સિદ્ધ થયું કે [4]તનુજા-વિત્તજા બે સેવાઓની એકકર્તૃકતાવચ્છેદેન યોગાવસ્થા જ તનુવિત્તજા છે. [5]અલગથી એક સેવા નહીં... તેથી એકકર્તૃકતાવચ્છેદેન સંયુક્તાવસ્થા જ તનુવિત્તજા બનતી હતી, જે માનસીની સાધિકા છે. [6]રામકૃષ્ણદાસવત્ વિભાગાસહ ‘તનુવિત્તજા’ નામની એક સેવા પુષ્ટિમાર્ગમાં હોતી જ નથી. અર્થાત્ [7]શ્રીમદાચાર્યચરણોક્ત ‘તનુવિત્તજા’ સમસ્તપદ એકકર્તૃકતાભિપ્રાયિક છે, એકસેવાભિપ્રાયિક નહીં. આ જ સિદ્ધાંત છે.

(‘ગદાપદાતત’ પૃ.૧૪-૧૫)

આ ગોસ્વામિદ્વિવિદમુકુટમણિની બુદ્ધિના ચમત્કારો વિષે,

વાર્તાસાહિત્યની શૈલીમાં કહેવું હોય તો, આમની અર્થૈષણાની દુરવસ્થાની વાર્તા ક્યાં સુધી કહેવી !

[1]સિદ્ધાન્તચર્ચાના સમયે અલગ અલગ તનુજા અને વિત્તજા સૃષ્ટિના આરંભના સમયથી ભગવન્નિર્ધારિત મન્દમધ્યમાધિકાર કે ક્ષમ્યજઘન્યતા હતી. હવે તે જ બંને સેવાઓ સિદ્ધાન્તતઃ માનસી સેવાની સાધનારી માનવામાં આવી રહી છે. શું આ ચર્ચાસભામાં બુદ્ધિપૂર્વક લડાવેલા પેંતરા હતા કે દિગ્મૂઢતાવશ ? જો બુદ્ધિપૂર્વક હોય તો છોડવાની શું આવશ્યકતા ? જો દિગ્મૂઢતાવશ હોય તો પોતાને ધિક્કારવા જોઈએ, અન્ય કોઈ ઉપર બળાત્કારના આરોપ કે પુનઃશાસ્ત્રાર્થ માટે પડકારવાના [2]જે ‘‘દ્વન્દ્વાન્તે શ્રૂયમાણત્વાત્ પ્રત્યેકમ્ અભિસમ્બધ્યતે’’ વ્યાખ્યોદાહૃત વચન ઉપર બધી જ તાગડધિન્ના ચાલી રહી છે, તે વચન પણ મેં યાદ દેવડાવ્યું ત્યારે પૂર્ણરૂપમાં સભામાં રજૂ થઈ શક્યું. ખૈર વિસ્મૃતિ એટલી ખતરનાક કથા નથી જેટલી એ કે સિદ્ધાન્તચર્ચામાં તનુવિત્તજા એકકર્તૃકા એકાકિની માનસીની સાધિકા હતી પરંતુ હવે તે સિદ્ધાન્તતઃ અશક્ય જાહેર કરી દેવામાં આવી છે. આ વૈદુષ્ય (પંડિતાઈ પણું) સિદ્ધાન્તચર્ચા વખતે ક્યાં ગયું હતું ? [3-4-5]હવે પોતાના દુરદૃષ્ટવસાત્ ફરીથી આ બીજો પક્ષગ્રહણ કરી લેવામાં આવ્યો છે કે ‘‘મજુરીના રૂપમાં વિત્ત લઈને કે દઈને બે વ્યક્તિ દ્વારા કરવામાં આવતી. તનુવિત્તજા માનસીની સાધક નથી થતી’’ તો પછી પોતાના ઘરને ‘શ્રીપુષ્ટિસમ્પ્રદાય ... મોટી હવેલી ટ્રસ્ટ’ તથાકથિત આંબેડકરસ્મૃતિ મુજબ, સાર્વજનિક ટ્રસ્ટના આવેદન (સી.પી.આર.નં.૧૪૦, તદનુસાર એ/૩૧૭/જામ.) માં જાહેર કરેલા સાર્વજનિક ટ્રસ્ટમાં તેની આવકના ત્રીસ ટકા દ્રવ્ય પોતાના માટે મજુરીના રૂપમાં પોતે શા માટે માન્ય રાખી ? તદનુસાર ગદાધરદાસજી ના સેવ્યપ્રભુની કરવામાં આવતી સેવા માનસીની સાધિકા સિદ્ધ નહીં

થઈ શકે. જો કે આમાં પણ કોને તકલીફ હોઈ શકે છે ! કેમ કે સિદ્ધાન્તચર્ચાસભામાં અંગીકૃત પક્ષ મુજબ આ દ્વિવિદમતિવાળાઓને ભગવાને જઘન્ય દેવલક જ બનાવવા નિર્ધારિત કરી રાખ્યા હોય તો ભગવદિચ્છા તો બલિયસી જ હોય છે ને. એટલે તેનો તો બાધ પણ સંભવ નથી ! પરંતુ હવે આ ભગવદિચ્છાનો અનાદર કરીને શા માટે પોતાને ભગવત્સેવાપયોગ્યર્થાર્થિતયા ઉત્તમકોટિના રૂપમાં બિરદાવવામાં આવી રહ્યા છે ? આવી હાલતમાં વિશેષતઃ દર્શનાર્થિઓના દ્વારા કરવામાં આવતી વિત્તજ સેવા અને મુખિયા-ભીતરિયા વગેરે પગારદાર નોકરો દ્વારા સમ્પન્ન કરાવવામાં આવતી તનુજા સેવા માનસીની સાધિકા કેવી રીતે માની શકાય ! આનાથી ઉલ્ટુ સહજસંભવ છે કે દ્વિવિદોના દુઃસંગથી જે વૈષ્ણવોની મતિ ભ્રષ્ટ નહીં થઈ હોય એવા, અનેક વૈષ્ણવ પોતાના ઘરોમાં માનસીની સાધિકા એકકર્તૃકા તનુવિત્તજા કરી જ રહ્યા હશે. તેથી એમની પાસેથી બ્રહ્મસંબંધ દીક્ષા પોતાના પરિવારોને અપાવવી જોઈએ, તેઓએ પોતાનાજ બ્રહ્મસંબંધદીક્ષા આપવાના મિથ્યાધિકારનો દાવો કરવાને બદલે !

[૬]રહી વાત 'રામકૃષ્ણદાસ' પદમાં વિભાગાસહ દ્વન્દ્વસમાસની અને 'તનુવિત્તજા' પદમાં વિભાજનસહ દ્વન્દ્વસમાસની. આને આપણે ચર્ચાસભામાં ગૃહીતપક્ષની અભિપ્રેત ઉપપત્તિના નિરૂપણના આધારે પણ ચકાસી શકીએ છીએ **''તનુજા અને વિત્તજા મધ્યમપદલોપી છે … હવે આ ઝંઝટને તો વ્યાકરણની તો હમણા શું કરીએ !''** (વિસ્તૃ.વિવ. પૃ. ૨૦૪). હવે ભલા કોઈ પ્રથમાનો પણ વિદ્યાર્થી આ દ્વિવિદોને પૂછે તો ખરો કે દ્વન્દ્વસમાસના ઉપભેદોમાં મધ્યમપદલોપી સમાસ આવે છે શું ? મધ્યમપદલોપી ઉદાહરણ માનવામાં આવતા ''શાકપ્રિયઃ પાર્થિવઃ = શાકપ્રાર્થિવઃ'' સમસ્તપદની જેમ જો ''તનુજા વિત્તજા = તનુવિત્તજા'' સમસ્ત પદ પણ હોય તો જે ''દ્વન્દ્વાન્તે શ્રૂયમાણતા''ના હેતુને વશ 'તનુવિત્તજા' પદ વિભાગસહિષ્ણુ માની લીધું, તે જ 'તનુવિત્તજા' પદ ફરી પાછુ 'રામકૃષ્ણદાસ' પદની માફક વિભાગા સહિષ્ણુ સાબિત થઈ જશે ! આ કેવો પેંતરો હતો ?

[૭]હવે કહેવાઈ રહ્યું છે કે 'તનુવિત્તજા' પદ એકકર્તૃકતાભિપ્રાયક છે એકસેવાભિપ્રાયક નહીં તો આવી હાલતમાં 'ગદાપદાતત' ના પૃષ્ઠાવરકપર જે શ્રીદ્વારકેશજીનું વચન **''તનુશ્ચ વિત્તંચ તનુવિત્તે તાભ્યાં જાતા કૃતા સ્વતઃ પ્રાદુર્ભૂતા વા તનુવિત્તજા. દ્વન્દ્વાન્તે શ્રૂયમાણત્વાત્ તનુજા વિત્તજા ચ. તત્સિદ્ધૌ 'તે' ઈતિ… ઉભે માનસીસેવાર્થકે દૈવી સેવા કર્ત્રી, દ્વિતીયા તદ્રૂપજ્ઞાપિકા''** ઉદ્ધૃત કર્યું, તેમાં **''દ્વન્દ્વાન્તે શ્રૂયમાણત્વાત્ તનુજા વિત્તજા ચ''** વાક્યાંશમાં 'ચ'કાર [૧]નિરર્થક છે? [૨]વિકલ્પાર્થક છે ? [૩]અવધારણાર્થક છે? [૪]સમુચ્ચયાર્થક છે ? [૫]ઈતરેતરયોગાર્થક છે? [૬]સમાહારાર્થક છે ? અથવા [૭]અન્વાચયાર્થક છે?

જો [૧]નિરર્થક માનતા હો તો તે, 'ચ' કારની અર્થાવગતિમાં અક્ષમતાને કારણે અથવા ગ્રન્થકારદ્વારા વ્યર્થપ્રયોગ કરવામાં આવેલો હોવાથી? પહેલો કલ્પ તો મોટાભાગે બુદ્ધિવાળા કોઈપણ માન્ય રાખશે જ !બીજા કલ્પમાં 'ચ'કારને જેમ વ્યર્થ શબ્દનો પ્રયોગ માન્યો તેવી જ રીતે ''દ્વન્દ્વાન્તે શ્રૂયમાણત્વાત્ તનુજા વિત્તજા ચ'' સંપૂર્ણ શબ્દાવલી પણ નિરર્થક કેમ ન હોઈ શકે ?

[૨]વિકલ્પાર્થક માનતા હો તો વિકલ્પઘટક પ્રથમકલ્પરૂપ 'તનુવિત્તજા'ના વગર દ્વિતીય 'એકકર્તૃકા તનુજા-વિત્તજા' નો કલ્પ આપમેળે અસિદ્ધ બની જશે. વિકલ્પની ઉપપત્તિના માટે 'તનુજા-વિત્તજા' ની વિશેષ અવસ્થાના રૂપમાં દ્વિત્વને શોધવા જશું તો એક

જ વિભાજનકારની સિદ્ધાન્તચર્ચાસભામાં સહભાગી બનવાની અવસ્થા અને ‘ગદાપદાતત’ લેખનકાર બનવાની બે અવસ્થાઓની વચ્ચે પણ ભેદવશ વિકલ્પ સ્વીકારવો પડશે. અને તે બંનેની વચ્ચે મતભેદ સ્પષ્ટ થવાથી ‘સુન્દોપસુન્દ’ ન્યાયથી બંનેને સ્વતોનિરસ્ત માનવા પડશે ! કોઈપણ પ્રકારની નૂતનશાસ્ત્રચર્ચાની જરૂરિયાત વગર!

[૩]અવધારણાર્થક માનતા હો તો તે પણ, પોતાની ક્ષુદ્રબુદ્ધિને કારણે ‘તનુવિત્તજા’ ને ‘તનુજા અને વિત્તજા’ ની યોગાવસ્થા માની લીધી હોવાના લીધે, તદ-(=તનુવિત્તજાઽ) ભાવાપ્રકારક તત્ - (= તનુજા-વિત્તજા) પ્રકારક જ્ઞાન ન થવાને કારણે અનુપપન્ન બની જશે.

[૪]સમુચ્ચયાર્થક માનવાથી તો ‘‘[૬]**રામકૃષ્ણદાસવત્ વિભાગાસહ ‘તનુવિત્તજા’ નામની એક સેવા પુષ્ટિમાર્ગમાં હોતી જ નથી**’’ આવો પક્ષ સ્વતો અભ્યુપગત હોવાથી સમુચ્ચેયના અભાવમાં સમુચ્ચય જ અનુપપન્ન બની જશે. જો ‘‘**બંને પગને વારા-ફરતી ચલાવવાથી એટલેકે મિલી-જુલી એક મુદ્રા બને છે, જેને લોકો ‘ગતિ’ અથવા ‘ચાલવું’ કહે છે**’’ (‘ગદાપદાતત’ પૃ.૧૬) આ વિધાનના તર્જ પર તનુજાને સમુચ્ચેય માનીને તેની સાથે વિત્તજાના સમુચ્ચયાર્થ ‘ચ’કાર માનશો તો પણ સમુચ્ચય (=નિરપેક્ષાણામ્ એકત્ર અન્વયઃ) નિરસ્ત થઈ જશે. કેમકે ચલન કે નમન ક્રિયાઓમાં ઈતરેતરસાપેક્ષ બે પગ કે બે હાથની જેમ જ ઈતરસાપેક્ષ હોવાથી તનુજા અને વિત્તજાનો સમુચ્ચય પુનઃબાધિત થઈ જશે.

તેથી [૫/૬]ઈતરેતરયોગાર્થક કે સમાહારાર્થક ‘ચ’ કારને માનવાથી તો ‘તનુવિત્તજા’ પદની સાથે જ ‘‘તનુજા અને વિત્તજા’’ પદોનો યોગ કે સમાહાર સ્વીકારવો પડશે. તેથી પુનઃ તનુવિત્તજા

અકામગલેપતિત થશે ! સ્વવૃત્તિવાદપ્રકાશિકામાં વિવેચિત દ્વન્દ્વસમાસના અર્થ, જો દ્વિવિદોની બુદ્ધિથી ગમ્ય થયા હોત તો ‘ગદાપદાતત’ સદૃશ પ્રકાશન જ અસમ્ભવ થઈ જતું.

‘‘દ્વન્દ્વાન્તે .. અભિસમ્બધ્યતે’’ ગપગોળાનો સૂચિકાવિસ્ફોટન :

તેથી હવે રહી જાય છે ‘ચ’ કારને [૭]અન્વાચયાર્થક સ્વીકારવાની કથા. તે સંદર્ભમાં આ અવધેય છે : અન્વાચય તો હંમેશા ઉદ્દેશ્યસિદ્ધિના પછી અનુદ્દેશ્ય સિદ્ધ્યર્થ અનુજ્ઞારૂપ જ હોય છે.

આવી સ્થિતિમાં સર્વપ્રથમ તો ‘‘**ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા**’’ રૂપ આચાર્યોપદેશમાં ન તો તનુજા અને ન વિત્તજા જ ઉદ્દિષ્ટતયા કે ઉપદિષ્ટતયા સિદ્ધ થશે. અર્થાત્ આ બંને સેવાઓ ઉદ્દેશ્યીભૂત કે ઉપદેશ્યીભૂત તનુવિત્તજાની અંગભૂતા એવી અવાન્તરક્રિયા સિદ્ધ થશે. તેથી અંગી તનુવિત્તજા ક્રિયાની સ્વરૂપાન્તઃપાતિની હોવાના રૂપમાં જ પોતાનો સ્વરૂપલાભ કરી શકશે, સ્વતન્ત્રતયા નહીં. કેમકે પ્રધાનાન્તઃપાતી અંગોને ‘અવાન્તર’ કહેવામાં આવે છે. તેથી કૈમુતિકન્યાયથી (આપોઆપ) પ્રધાનાંગી તનુવિત્તજા ક્રિયાના પ્રધાનફલ, ચિત્તની એવી ભગવત્પ્રવણતા કે સેવાકર્તાને સેવ્ય કે સેવાની માનસી થવા લાગી જાય, આવા પ્રધાનફલના સ્વરૂપમાં અન્તઃપાતી બે અંગભૂત અવાન્તર ફલ, સંસાર-દુઃખનિવૃત્તિ અને બ્રહ્મજ્ઞાન, ની જનિકા જે બની શકે છે, તે પણ નહીં બની શકે.

જેમ બેસેલા પુરૂષને ‘‘બહાર જાવ!’’ ઉપદેશમાં અનુપદિષ્ટ, ઉત્થાન તેમજ સવ્યેતર ચરણસંચાલન, અનુદ્દેશ્ય કે અનુપદ્દેશ્ય થવા છતાં પણ, અવાન્તરક્રિયાત્વેન અર્થાપત્તિદ્વારા અવગત થાય છે. પદની

અભિધાવૃત્તિ દ્વારા અનન્યલભ્ય શબ્દાર્થતયા નહીં. આવી સ્થિતિમાં ગોસ્વામિદ્વિવિદો જેવા જ કોઈ અભાણ વ્યક્તિ આના વિષયમાં વિધિભારની કલ્પના કરી શકે છે. અથવા દ્વિવિદમુકુટમણિ તો ઉત્થાન અને સવ્યેતરચરણસંચાલન વગર બહિર્ગમન અનુપપન્ન હોવાથી ‘‘બહાર જાવ’’ આદેશનો મૂલ અભિપ્રાય બહાર નિકળ્યા વિના, ત્યાંજ સવ્યેતરચરણોની આગળ-પાછળ હલાવવું-ડોલાવવું માનીને મધ્યસ્થ વિદ્વાનોની વચ્ચે મૌખિક શાસ્ત્રાર્થ કરવાનું આહ્વાન પણ આપી શકે છે ! અથવા, ઉદાહરણતયા, ‘‘**પુરોડાશં પર્યગ્નિ કરોતિ**’’ વિધિમાં કોઈ અગ્ન્યાધાન કે અગ્નિપ્રજવાલનના વિધાનની કુકલ્પના પણ કરી શકે છે !

એટલા માટે અવાન્તરક્રિયાદ્વયીના અન્વાચયનાર્થ શ્રીદ્વારકેશજીએ સંસારદુઃખની નિવૃત્તિ અને બ્રહ્મજ્ઞાન રૂપી અવાન્તરફલોની સાધિકા હોવાનું સમજાવવા માગ્યું છે. નહીં કે અનુદ્દિષ્ટ કે અનુપદિષ્ટ એવી તનુજા તેમજ વિત્તજા ક્રિયાઓની ઉપદિષ્ટતા સિદ્ધ કરવા માટે. કેમકે તે તો અંગી તનુવિત્તજા ક્રિયાના સ્વરૂપાન્તઃપાતિની છે. આનું, ચાહે અવસ્થાન્તરતયા કે સાધનાન્તરતયા, ‘તનુવિત્તજા’ થી બહિર્ભાવન કરવાથી આની અવાન્તરરૂપતા જ નિરસ્ત થઈ જશે. તેથી અવાન્તરફલપ્રદતા પણ નિરસ્ત થશે જ. ત્યારે તનુજા કે વિત્તજાથી ન તો મુખ્યફલ અને ન અવાન્તરફલ પણ મળી શકશે, તેથી ભગવત્સેવાના સંદર્ભમાં બેઉને નિષ્ફલ નિરર્થક જ માનવી પડશે. છતાં પણ ‘કૃતભજનવૈયર્થ્યાસમ્ભવાત્’ કોઈ દેવલક આના ફલરૂપમાં ઉદરપૂર્તિ પરિવારનિર્વાહ કે ભજનકતરૂપે યશોલાભ વગેરેથી સન્તુષ્ટ થાય તો તે તો પ્રાવાહિકી ભક્તિની કથા છે ! આ વિષયમાં કોઈ શાસ્ત્રાર્થ કે ચર્ચાની જરૂર જ નથી. વ્યાકરણશાસ્ત્રના કે ન્યાયશાસ્ત્રના પ્રથમા/મધ્યમાની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીની પણ ગુરૂત્વેન ઉપાસના કરીને આને

સમજી શકાય છે !

આવા પૈસાના લાલચુ દેવલક સ્વયં આચાર્યચરણના કુળમાં જન્મ લેશે આવું શ્રીદ્વારકેશજીને સ્વપ્નમાં પણ ખ્યાલ હોત તો આચાર્યચરણાનુદ્દિષ્ટ અર્થાત્ આચાર્યચરણાનુપદિષ્ટ તનુજા-વિત્તજા ક્રિયાઓના અંગી તનુવિત્તજા ક્રિયામાં અવાન્તરભાવ કે અંગભાવ ક્યારેય ન સમજાવત. ‘‘પ્રસરં ન લભન્તે હિ યાવત્ ક્વચન મર્કટાઃ !’’ કેમકે પ્રભુચરણોએ તો ખુલાસો કરીજ રાખ્યો હતો કે ‘‘**ભગવત્સેવાયામ્ અભિનિવિષ્ટસ્ય યદ્યપિ તે અનભિલષિતે તથાપિ વસ્તુસ્વભાવાદ્ ભવતઃ**’’

એટલા માટે *ત્રીસ ટકા અર્થલાભગ્રહણાર્થી* વિષયસુખાર્થી ઉદરભરણાર્થી નિજપૂજાયશોલાભાદ્યર્થી ગોસ્વામિદ્વિવિદોનું તો ચિત્ત ભગવાન સિવાયના વિષયોમાં જ અભિનિવિષ્ટ હોય છે. જે અદેવલક ભજનકર્તાઓનું ચિત્ત, પરંતુ, ભગવત્સેવામાં અભિનિવિષ્ટ હોય છે, એમને તો તનુજા કે વિત્તજાના ભાગલા ક્યારેય અભિલષિત નથી થઈ શકતા. એટલા માટે ભગવત્સેવાને પોતાની આજીવિકાના ઉપાર્જનનો ઉપાય ન બનાવવાવાળા અજઘન્યકોટિના કોણજાણે કેટલા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પોત-પોતાના ઘરોમાં અર્થાર્થી ન હોવાના લીધે તનુવિત્તજા જ કરે છે ! આ અમૃતવચનાવલીમાં સંકલિત પૂર્વજોના વચન તથા પૂર્વસ્વીકૃત પોતાના ગૃહીતપક્ષને આધારે પણ સિદ્ધ છે જ.

અવધેય છે કે આચાર્યોપદિષ્ટ ‘‘**કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા, ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા**’’ (સિદ્ધા. મુક્તા. ૧-૨) મૂલકારિકા તો વિધિમુખેન કૃષ્ણસેવાની કર્તવ્યતા પ્રતિપાદિત કરી રહી છે. છતાં પણ ચર્ચાસભામાં કહેવામાં આવ્યું કે

મન્દમધ્યમાધિકારીને તનુવિત્તજા કરવાનો નિષેધ અહીં અભિપ્રેત છે અને ''તુષ્યતુ દેવલક'' ન્યાયથી સ્વીકારીને પણ ચાલીએ, જે અત્યારના પુષ્ટિમાર્ગની દુઃખદ હકીકત પણ છે !, છતાં પણ પૂછી તો શકાય જ છે કે જો કોઇ તનુવિત્તજા નથી કરતો તો તે જઘન્ય સાબિત થઇ ગયો કે નહીં, વગર શાસ્ત્રાર્થે ?

એટલા માટે નૂતનશાખાચંક્રમણમાં તનુવિત્તજાને માત્ર એક અવસ્થા માની લેવામાં આવી છે. અને એકકર્તૃકા તનુજા અને વિત્તજાને સિદ્ધાન્તતઃ સાચી સેવા. મોટામાં મોટું મુર્ખાઇ ભરેલું વિધાન તો આ બીજુ વધારે કરી દીધું :

> **''બંને પગને વારા-ફરતી ચલાવવાથી એક અવસ્થા એટલે કે હળી-મળીને એક મુદ્રા બને છે, જેને લોકો ગતિ કે ચાલવું કહે છે, એક પગ નથી કહેતા... ઝડપથી ચાલતા બે પગ સારી રીતે જોઇ ન શકાતા હોવાથી એક પગ સમજીને ત્રીજો એક પગ એટલે કે ટાંગ કહે છે ! જેમ એક સેવા તનુવિત્તજા''** ('ગદાપદાતત' પૃ.૧૬)

હવે આ મુદા ઉપર પણ જો કોઇ કાયમ દઢ રહે, તો અહીં પણ પુછી શકાય છે કે તો પછી આવા ફાંસા (બચાવ)ની શું જરૂર કે **''વૈષ્ણવોની વિત્તજા દ્વારા અમે તો અધિક રાજભોગ-મનોરથાદિ કરીએ છીએ**-પોતે તેનો પ્રસાદ લ્યે છે કે નહીં. આ બાબતમાં દેવલકજનોચિત્ત મૌન રાખીને - **એટલા માટે અમારા અધિકારમાં કોઇ ન્યૂનતા નથી આવતી !''** ('ગદાપદાતત' પૃ. ૨૩-૨૪). આ ન્યૂનતા ભલા આવી ક્યાંથી શકે, જો એકકર્તૃકા તનુજા અને વિત્તજા વિભકત સેવા જ શુદ્ધ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત હોય તો !''

સારવાર ન થઇ શકે એટલી હદે પૈસાની લાલચથી આંધળા ન હોય તો, વિદ્વાનોની વાત જવા દો, એક અભણ ગામડીયો પણ આટલી વાત તો સરળતાથી સમજી શકશે કે બે પગના આધારે સમ્પન્ન થતી ચાલવાની ક્રિયામાં બે પગથી વધારાના ત્રીજા પગની નહીં. પરંતુ ચાલવાની ક્રિયાનું એકજ હોવું પ્રકટ થાય છે. આ એક ક્રિયાનો અસ્વીકાર કરી એક ડાબા પગની ક્રિયા અને બીજી જમણા પગની આમ બે ક્રિયાઓની જેમ એક તનુજા અને બીજી વિત્તજા સેવાની ભ્રમણા કે મહામોહ તો દ્વિવિદોને પોતાની મતિભેદનવશાત્ જ થઇ શકે છે. ગર્દભાદિ પશુ પણુ દૂર ઉભા-ઉભા કોઇ એક પગને હલાવતો-ડોલાવતો રહે અને પોતાની પાસે ન આવતો હોય તો કારણવગર ડર રાખતો નથી. અને બંને પગના સંચાલનવશ પોતાની તરફ આવનાર બળાત્કારીને જોઇને તો ભાગવા લાગે છે ! પરંતુ સિદ્ધાન્તચર્ચાસભામાં પક્ષગ્રહણની પ્રક્રિયામાં પુચ્છેન નિબદ્ધ કે નિગૃહીત થઇ જવાને લીધે હવે શાહમૃગ માનસિકતાને લીધે એક ક્રિયાની અંગભૂતા બે અવાન્તરક્રિયાઓનો દર્શનમોહ આત્મત્રાણ (આત્મરક્ષા) ની અંતિમ ભ્રમણા દેખાઇ રહી છે !

હવે આના ઉપર ધ્યાન આકૃષ્ટ કરવાથી ફરી એજ કઢંગી વાત દોહરાવવી નિશ્ચિત છે કે મધ્યસ્થવિદ્વાનોની સમક્ષ મૌખિક શાસ્ત્રાર્થમાં આ બધી વાતોનો ખુલાસો મુખધ્વંસદ્વારા કરી દેવામાં આવશે ! ખોં-ખોં ખાઉં-ખાઉં કિર્ર્ર્ઽઽઽક્રિચ્ચ !

(૫)

દ્વિવિદોની બુદ્ધિનું વૈપરીત્ય જ કાંઇક એવું હોય છે : દ્રૌપદીને પાંચ પતિ હતા. તેથી એક પતિના વ્રતને અવ્યભિચારથી નભાવવાનો

નિયમ તો ત્યારે જ નિરસ્ત થઈ ગયો, જ્યારે ભગવાને પોતાની બહેનને પાંચ પતિઓની પત્ની બનવા દીધી. તેવી જ રીતે શ્રીનાથજીના દેવાલયની સ્વીકૃતિની વખતે જ પુષ્ટિમાર્ગમાં જાહેરજનતાને ભગવદ્દર્શન કરાવીને ભગવત્સેવા માટે દ્રવ્ય વગેરેના વિનિયોગ દ્વારા પોતાના ન હોય તેવા ધનથી વિત્તજા સેવાની અનુમતિ (છૂટ) માની લેવી જોઈએ. એટલા માટે ગદાધરદાસજીએ પણ અપુષ્ટિમાર્ગીય વણઝારાના દ્રવ્યથી સ્વસેવ્યપ્રભુને જ્યારે ભોગ ધર્યો અને બધાને પ્રસાદ લેવડાવ્યો ત્યારે એકકર્તૃકા તનુજા-વિત્તજા એવી બે સેવાઓનો સિદ્ધાન્ત સ્પષ્ટ થઈ ગયો.

આવા બધા વિપરીત અભિપ્રાયમાં બીજાની સ્ત્રીને લલચાવવાના કે બીજાનું દ્રવ્ય પડાવવાના સિદ્ધાન્તોની શિરોમણિતા તો ચોક્કસ માની શકાય છે. આની સચ્ચાઈની પરીક્ષા તો, પરન્તુ, ગદાધરદાસજીની વાર્તાના આધારે નથી થઈ શકતી. તે તો કૃષ્ણદાસજીની (૮૪/૭૫) વાર્તાના આધારે જ ચકાસી શકાય છે !

કૃષ્ણદાસજીની વાર્તામાં આવે છે કે એમના ઘરમાં અતિથિ બનીને વૈષ્ણવોના ઓચિંતા આવી જવાથી સ્વસેવ્યપ્રભુને ભોગ ધરીને ભગવત્પ્રસાદ લેવડાવવા માટે ઘરમાં સામગ્રી નહોતી. ત્યારે એમની પત્ની પોતાના ઉપર કુદૃષ્ટિ રાખનાર અનાજ વેંચનાર વાણીયાને રાત્રે આવી જશે એવું વચન આપી અનાજ લઈ આવી. પોતાના સેવ્ય પ્રભુને ભોગ ધરીને વૈષ્ણવોને ભગવત્પ્રસાદ પણ લેવડાવી દીધો. ત્યારબાદ પોતાની પત્ની દ્વારા આપેલા વચનની જાણ થતાં કૃષ્ણદાસ પોતે તેને શણગાર સજાવીને પોતાના ખંભે બેસાડીને કામુક વાણિયાના ઘરે મુકી આવ્યા ! આના દ્વારા ભગવત્સેવાર્થ પોતાની પત્નીને બીજા પુરૂષની પાસે શણગારીને રાત્રે મુકી આવવાના પ્રકારને પોતાના સેવ્ય

પ્રભુના સુખ માટે આપણી પુષ્ટિમાર્ગીય સેવાનો સિદ્ધાન્તાભિમત પ્રકાર ઘોષિત કરી શકાય છે શું ? જેવી રીતે વણઝારાનું દ્રવ્ય પોતાનું ન્હોતું છતાંય તેવા દ્રવ્યથી ગદાધરદાસજીએ નિઃસંકોચ સ્વસેવ્ય પ્રભુને ભોગ ધરીને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો, તેવી જ રીતે કૃષ્ણદાસજીએ પણ તો ભગવત્સેવાર્થ પોતાની પત્નીને પરપુરૂષના ઉપભોગ માટે ચુપચાપ તેના ઘરે પહોંચાડી આવ્યા હતા. તે કામુક વાણીયાનું દ્રવ્ય પોતાનું ન્હોતું છતાંય તેવા પૈસાથી ભોગ ધરીને વૈષ્ણવોને પ્રસાદ પણ લેવડાવ્યો હતો. તેથી ભગવત્સેવાના અંતર્ગત કામુકોને પોતાની પત્ની ઉપભોગાર્થ પ્રદાન કરી તે કામુક ધનિકોના દ્રવ્યથી પણ ભગવત્સુખનો અધિક રાજભોગ-મનોરથાદિનો ભાવ રાખીને સેવા કરવાનો સિદ્ધાન્ત ત્યારે જ પ્રસ્થાપિત થઈ ગયો હતો એવું કેમ નથી માની લેતાં ?

ગામને બેવકૂફ બનાવવા માટે '[1]એકકર્તૃકા વિભકત તનુજા અને વિત્તજા તથા બીજા '[2]શ્રીનાથજીના સેવા પ્રકારને વિવાદનું કેન્દ્ર માત્ર બનાવવામાં આવી રહ્યો છે ! આ બાબતમાં બધી વાસ્તવિકતા જ્યારે કે સ્વયં મહાપ્રભુએ ----

> [1]“ભગવત્સેવાયામપિ ક્લિષ્ટં ન સમર્પયેત્ ...... સન્માર્ગોપાર્જિતં ન અન્યેષાં ભાગરૂપં .... તેનૈવ ચિત્ત નિવૃત્તિઃ ઈતરનિષેધાર્થમ્ એતદ્ ઉક્તમ્” (ત.દી.નિ.પ્ર. ૨/૨૩૬)

> **[2]ત્યારે પૂરણમલે દંડવત કરી વિનંતી કરી કે ‘મહારાજ ! મને સેવક કરો અને શ્રીનાથજીએ મંદિર સમરાવવાની આજ્ઞા કરી છે, તો આપ આજ્ઞા આપો**

તો હું સમરાવું” ત્યારે શ્રીઆચાર્યજી પૂરનમલને નામનિવેદન કરાવી કહ્યું ‘આગરાથી કારીગર બોલાવો’ ત્યારે પૂરનમલે કારીગર બોલાવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ તેઓને કહ્યું ‘મન્દિરનો નકશો કરી લાવો’ ... ત્યારે શ્રીઆચાર્યજી કારીગરને કહે કે ‘અમારા ઠાકુરનું મન્દિર શિખરબંધ ધ્વજા-કળશનું નહીં. નંદરાયજીના ઘરની જેમ કરો’... ત્યારે નકશો તૈયાર થયો ત્યારે તે જ ધ્વજા-કળશ શિખરબંધ ચક થઈ ગયા. ત્યારે શ્રીઆચાર્યજીએ જાણ્યું કે શ્રીઠાકોરજીની ઈચ્છા એવી છે કે જગતમાં પુજાઈને ઘણા જીવનો ઉદ્ધાર કરશે. *તેથી દેવાલયની રીતિ અહીં રાખવી ઉચિત છે.* (૮૪ વૈ.વા.૨૩/૧).

આને સેવાસંબંધી ઔત્સર્ગિક સિદ્ધાન્તનો અપવાદ ન માનીએ તો **“ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે ‘અમે પણ ક્યા જીવનો બગાડ કરીએ ? જે અધિકાર કરશે તેનો બગાડ થશે .... તેથી જેનો બગાડ થવાનો હશે તે આપમેળે આવશે”** (૮૪ વૈ.વા. ૮૪/૧૦) તેથી શ્રીગોવર્ધનનાથજીના પરમ ભગત બની બેઠેલા આ દેવલકોને કાં તો સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજીના જ મુખારવિન્દની આજ્ઞાને અપ્રમાણ જાહેર કરવી પડશે. અન્યથા પ્રભુચરણોએ જેમ કહ્યું **“અધિકારી વગર કામ ચાલશે નહીં..... અમે ક્યા જીવનો બગાડ કરીએ !”** (૮૪ વૈ.વા.૮૪/૧૦) તે મુજબ શ્રીગોવર્ધનનાથજીના સેવાપ્રકારનો અપવાદ કે અપસિદ્ધાન્તમાંથી એક તો કાંઈક માનવું જ પડશે. કેમ કે અન્યત્ર અધિકારી વગર ચાલી પણ શક્તુ હોય પણ અહીં અનુષ્ઠેય સેવાપ્રકારમાં **“નહિ કલ્યાણકૃત કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છત્તિ”** (ભગ.ગીતા. ૬/૪૦) ભગવદુક્ત સામાન્ય નિયમનો અપવાદ જ પ્રકટ થાય છે. ગોસ્વામિદ્વિવિદોની દ્રવ્યલોલુપતાનાં અતિરેકનું આનાથી મોટું સબળ

પ્રમાણ ક્યું હોઈ શકે છે કે જે શ્રીગોવર્ધનનાથજીના ભગત હોવાનો વાવટો ફરકાવી રહ્યા છે સ્વયં એમના વચનનું પ્રામાણ્ય તેઓ નથી માનતા !

આવી સ્થિતિમાં સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજીની ધ્રુવસિદ્ધાન્તોકિત જો દેવલકોકિતની જેમ અપ્રમાણિક ન હોય તો એમના સેવાપ્રકારને કારણે બગાડ થતો માનવાથી તે આપત્તિ પુષ્ટિમાર્ગીય સેવાપ્રકાર ઉપર પણ લાગુ પડશે. એટલા માટે આ પ્રકારને અપવાદ માનવા સિવાય છૂટકો જ નથી. આમ અપવાદરૂપે માન્ય કરવાથી ત્યાં ભગવત્સેવાર્થ પરદ્રવ્યના વિનિયોગની અનુજ્ઞાવિધિને પોતાના દ્રવ્યથી ભગવત્સેવાના સામાન્યશાસ્ત્રની સરખામણીમાં અપવાદશાસ્ત્રરૂપમાં જ માન્ય કરવી પડશે.

ઋણાપાકરણ ન કરવાને પાપ માનવામાં આવતું હોવા છતાં, આવશ્યકતા જણાય ત્યારે ઋણાદાનને શાસ્ત્રોમાં ક્યાંય પણ નિષિદ્ધ નથી માનવામાં આવ્યું. આમ અનિષિદ્ધ ઉપાયદ્વારા પણ ભગવત્સેવા કરવાની રીતિને વાર્તાસાહિત્યમાં એકત્ર નહીં પણ અનેકત્ર, સ્વયં ગદાધરદાસજીની વાર્તામાં પણ નિષિદ્ધ સ્થાપિત કરેલી છે : **“ઉધાર લઈને જ્યાં સુધી દ્રવ્ય આપે નહીં ત્યાં સુધી તેની સેવા છે” —“જ્યાં સુધી કરજ ન ચુકવે ત્યાં સુધી તેની સેવાનું ફલ તેની પાસે નહીં”** (૮૪ વૈ.વા.૮/૧ — ૬૦/૧). આવી સ્થિતિમાં દ્રવ્ય ઉધાર લઈને વિત્તજા સેવા કરનાર તનુજા સેવાકર્તાની વિભક્ત તનુજા અને વિત્તજા એકકર્તૃકા નથી, એવું તો કહી નથી શકાતું. છતાં પણ ભાવપ્રકાશકાર તેને વિત્તદાતાની સેવા માની રહ્યા છે. આને શ્રીપુરૂષોત્તમજીના **“નચ યાગો યજમાનસ્યેવ વિત્તદાતુઃ ફલતિ ઈતિ શંક્યં, તત્ર ઋત્વિગ્દક્ષિણાદિવદ્ અત્ર તદ્દાનાદેઃ ભક્તિમાર્ગે ભગવતા**

અનુક્તત્વાત્. અતઃ તથા ન કાર્યં કિન્તુ ભગવદુક્તરીત્યૈવ કાર્યમ્'' (સિ.મુ. વિ.પ્ર.૨) આ વચનથી સંવાદિત કરવાથી ગોસ્વામિદ્વિવિદોની કુત્સિત કલ્પના નિરસ્ત થઈ જાય છે કે આ નિષેધ ઉત્તમાધિકારીને માટે છે. કેમકે ઋણગૃહીતાદ્વારા ઋણરૂપ લીધેલા ધનથી વિક્રીત અન્ન વસ્ત્ર કે ઘર અથવા અનુષ્ઠિત વિવાહ વગેરે કર્મોથી પ્રાપ્ત પત્ની વગેરે ઉપર અજઘન્ય ઋણદાતા ક્યારેય પોતાનું સ્વત્વ જાહેર નથી કરતો. માત્ર ઋણ ચુકવવાની અપેક્ષા રાખે છે.

તેથી લૌકિક ન્યાયની સરખામણી દ્વારા જોવાથી ઋણ લઈને કરવામાં આવેલી ભગવત્સેવા ઋણગૃહીતાની જ હોવી જોઈતી હતી, ઋણદાતાની નહીં. ભગવત્સેવાપયોગ્યર્થાર્થિતયા પરદ્રવ્યગ્રહણ કરવાવાળા દેવલકોના ઠાકોરજીને કેટલાક શ્રદ્ધાવિહીન ધનિક વૈષ્ણવ અને સરકારી કાયદા ભલેને વૈષ્ણવ જનતાના સાર્વજનિક ધર્માનુષ્ઠાનાર્થ ભગવત્સ્વરૂપ માનતા હોય પરંતુ મોટાભાગની ભોળી ગામડાની જનતા તો કાંઈપણ સમજ્યા વગર દ્રવ્ય પ્રદાન કરતી રહે છે.

તેઓને ખબર પણ નથી હોતી કે તેઓ શા માટે પૈસા આપી રહ્યા છે. શું ગોસ્વામિદ્વિવિદોને તેમના સ્વ (સુ+અ=સ્વ) ધર્માચરણરૂપા ભગવત્સેવામાં સહાયતા માટે, કે (દે ધનાધન પેદા કરીને વધારી રાખેલા) વિશાળ પરિવારના પાલનને માટે, કે દ્રવ્યદાનને અજ્ઞાનવશ પોતાનું સાંપ્રદાયિક કર્તવ્ય માની લેવા માટે, કે આ દ્વિવિદોના સેવ્ય ભગવત્સ્વરૂપમાં શ્રદ્ધાતિરેકના લીધે, કે મઠડી-મોહનથાળ વગેરે મિઠાઈ ખરીદવા માટે, અથવા ગામમાં પોતાની પ.ભ.ના રૂપમાં વિખ્યાતિ માટે, આમાંથી ક્યા હેતુ માટે આપી રહ્યા છે, આ તેઓ પોતે પણ જાણતા નથી હોતા ! આવી સ્થિતિમાં આ વિત્તદાન તનુજા કરનારની વિત્તજા સેવા થઈ કેવી રીતે શકશે ? જો તે દેવલક ન હોય !

તેથી પરિવાર સિવાયના બીજા કોઈના દ્રવ્યથી ભગવત્સેવા સમ્પાદિત કરવાની નિષેધાજ્ઞા સ્પષ્ટ શબ્દોમાં આપી દીધેલી જ છે. છતાં પણ તનુજા અને વિત્તજાના એકકર્તૃકતાને બહાનું બનાવીને જો બલીયસી ભગવદિચ્છા અથવા ગદાધરદાસજીના આધિદૈવિક સામર્થ્યને કારણે વણઝારાના દૈવી જીવ હોવાનું બહાનું કરીને પારકાનું દ્રવ્ય લઈ શકાય છે તો શ્રીકૃષ્ણની રાસક્રીડા કે શ્રીબલરામનું મદિરાપાન કે પ્રદ્યુમ્નનો પોતાના મામા રૂક્મીની કન્યા રૂક્માવતી સાથે વિવાહ વગેરેને પણ શાસ્ત્રતઃ અનુમોદનીય કૃત્ય માનવા પડશે ! અન્યથા શ્રીનાથજીના દેવાલયની રીતિની જેમ જ ગદાધરદાસજીની વણઝારાના દ્રવ્યથી કરવામાં આવેલ સેવા પણ ''**ભગવત્સેવાયામપિ .... ઈતરનિષેધાર્થમ્...**'' વચનોક્ત ઉત્સર્ગવિધિનો અપવાદ માન્યા વગર કોઈ કારણ જ બાકી રહી નથી જતું. આ ન સ્વીકારવાથી તો કૃષ્ણદાસજીના પ્રકારને પણ અનુસરણીય માનવો પડશે.

તેથી આચાર્યવંશજોને પણ કૃષ્ણદાસજીના જેવી એકકર્તૃકા તનુજા અને વિત્તજા બે સેવાઓના સિદ્ધાન્ત ''**તત્સિદ્ધયૈ તનુવિત્તજા**'' વિધાનના લક્ષણોદાહરણતયા અપનાવવો પડશે, માત્ર ગદાધરદાસજીના અનુસરણથી કાંઈ સિદ્ધ થશે નહીં. ''**યદ્યદ્ આચરતિ શ્રેષ્ઠઃ તત્તદેવ ઈતરો જનઃ સ યત્ પ્રમાણં કુરુતે લોકઃ તદ્ અનુવર્તતે**'' (ભગ.ગીતા. ૩/૨૧) ન્યાયથી પહેલાં સ્વયં પોતાના જીવનમાં કૃષ્ણદાસજીની સેવાનિષ્ઠા ચરિતાર્થ કરીને બતાવવી પડશે કે નહીં ? અથવા કૃષ્ણદાસજી, કયા અર્થમાં, ગદાધરદાસજીથી ઉતરતી કક્ષાના ભક્ત હતા ? આ કોઈ ખુલાસો કરીને તો બતાવો ! તેથી શ્રીનાથજીના દેવાલય કે ગદાધરદાસજી અને કૃષ્ણદાસજી પરદ્રવ્યથી સેવા-પ્રસાદવિતરણના પ્રકારને આધિદૈવિક સામર્થ્યવશ અનુષ્ઠિત સેવાનો આપવાદિક પ્રકાર માનવા સિવાય કોઈ રસ્તો જ રહેતો નથી.

પોતાની મૂઢતાને ઉઘાડી પાડવા ''અવ્યાપારેષુ વ્યાપાર'' ના સ્વભાવસિદ્ધ દુર્વ્યસનને લીધે એક વિધાન **''શાસ્ત્રમાં પ્રતિપ્રસવ નિષિદ્ધનો હોય છે અપવાદનો નહીં. પણ કોણ સમજાવે ભોળાનાથને...? એમનું જોર ચાલે તો પ્રતિપ્રસવનો પ્રેતપ્રસવ કરી નાખે''** ('ગદાપદાતત' પૃ.૩) કર્યું છે. આ તો સારૂં જ કર્યું ! કેમકે કહેવામાં આવ્યું છે કે **''શાસ્ત્રાણિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વૈ નરાઃ મનાંસિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વાનરાઃ''** તેથી મનની સ્વચ્છન્દચારિતામાં વિધિનું બંધન મરણથી પણ વધારે ત્રાસદાયક લાગતું હોવાથી વિધિના સ્વરૂપમાત્રનું અજ્ઞાન અહીં પ્રકટ થઇ ગયું ! પૂર્વમીમાંસાભાષ્યમાં સુસ્પષ્ટ શબ્દોમાં –

> **''વિધિઃ કઃ ? યદ્ વાક્યમ્ ઉપલભ્ય પુરુષઃ (નતુ પ્લવંગમઃ) કસ્મિંશ્ચિદ્ અર્થે (નતુ અનર્થે) પ્રવર્તતે. કુતશ્ચિદ્ (સર્વત્ર અર્થોપાર્જનૈકવ્યસનાદ્) વા નિવર્તતે સ વિધિઃ વિધીયતે હિ અનેન (નતુ જઘન્યાધિકારસમ્પાદકો અનર્થઃ પ્રત્યુત) અર્થઃ ઈતિ** (પૂ.મી.ભા.૭/૪/૨/૧૦)''

બલવદ્ અનિષ્ટથી જોડાયેલ એવા ઈષ્ટ=અર્થમાં પ્રવર્તનાર્થ વિધાયક વચન ઉત્સર્ગરૂપ સામાન્યશાસ્ત્ર હોય છે. એ જ રીતે બલવદ્ અનિષ્ટથી ન જોડાયેલ ઈષ્ટ; કે અલ્પ ઈષ્ટથી જોડાયેલ બલવદ્ અનિષ્ટ, થી નિવર્તનાર્થ નિષેધક વચનને પણ વિધિ જ માનવામાં આવે છે. આમ આ બંને જ 'સામાન્યશાસ્ત્ર' કહેવાય છે.

એટલા માટે વિધિના [૧]સામાન્ય [૨]વિશેષ [૩]પ્રતિપ્રસવ [૪]અભ્યનુજ્ઞા [૫]ઉપસંહાર [૬]વ્યવસ્થા [૭]પર્યુદાસ [૮]અભાવ [૯]સાધારણ [૧૦]ઉત્કર્ષ અને [૧૧]અપકર્ષ આમ અગીયાર પ્રકાર માનવામાં આવેલા છે. આ અગીયાર સામાન્યાદિ વિધિના પ્રભેદોને જાતિવિધિ ગુણવિધિ દ્રવ્યવિધિ અને ક્રિયાવિધિના પ્રભેદોથી ચારગુણા કરવાથી ૪૪ પ્રભેદ બને છે. આને ફરી પાછા ઉદ્દેશ્યવિધિ વિધેયવિધિ કે ઉભયવિધિના ત્રણ ઉપભેદોથી ત્રણગુણા કરવાથી ૧૩૨ ભેદોપભેદ સિદ્ધ થાય છે. પ્રકારાન્તરતયા ફરી અપૂર્વવિધિ નિયમવિધિ કે પરિસંખ્યાવિધિની જેમ જ ઉત્પત્તિવિધિ વિનિયોગવિધિ અધિકારવિધિ વગેરે કેટલા બધા ભેદોપભેદ–અવાન્તર ભેદોથી ભરપૂર આ શાસ્ત્રીય તત્ત્વ છે.

આને ન તો કાવ્યકલ્પનાના આધારે અને ન તો કોઇ બિચારા દીન ગજજાજીના મજ્જાશોષણદ્વારા પણ સમજી શકાય છે ! આ ગંભીર વિષયોના પરીક્ષારહિત ઉદ્દેશસંકીર્તન પણ વાંદરાને સમજાય તેવો વિષય નથી. તે તો વિનીતભાવથી ગુરુચરણોની પાસે બેસીને શાસ્ત્રાધ્યયન કરવાથી જ બુદ્ધિગત કરી શકાય છે.

એટલા માટે કર્તવ્યના ઉપદેશક સામાન્ય વિધિશાસ્ત્ર અને અકર્તવ્યના ઉપદેશક સામાન્ય નિષેધશાસ્ત્રના બાધને 'અપવાદશાસ્ત્ર' કહેવાય છે. આ અપવાદશાસ્ત્રના પણ બાધને 'પ્રતિપ્રસવવિધિ' માનેલ છે. આને સીમિત મર્યાદામાં ન લઈને [૧]સામાન્ય–[૨]વિશેષ– [૩]પ્રતિપ્રસવ ક્રમાનુરોધવશ લેવામાં આવે છે. આ દ્રવ્યલાલચુઅંધાપાની સારી રીતે સારવાર વગર બુદ્ધિગત થઇ શકે, એવી તો કથા જ નથી. આ તો શાસ્ત્રૈકચક્ષુ વિદ્વજ્જનોના માટે જ અવલોકનાર્હ વિષય છે. છતાં પણ તત્ત્વબુભુત્સુઓના અવબોધનાર્થ આ ખુલાસો કરવો આવશ્યક છે.

આના અંતર્ગત 'અપવાદશાસ્ત્ર' ના બે રૂપ હોય છે : [૧]વિધ્યપવાદરૂપ નિષેધવચન અને [૨]નિષેધાપવાદરૂપ વિધિવચન.

આ રીતે અન્યતરરૂપ અપવાદશાસ્ત્રના પણ બાધ કરવાથી જે પ્રતિપ્રસવ હોય છે તે પણ [૧]નિષેધનો પ્રતિપ્રસવ હોયતો વિધિરૂપ બની જાય છે અને [૨]વિધિનો પ્રતિપ્રસવ હોય તો નિષેધરૂપ બની જાય છે.

એટલા માટે વિધિવશાત્ પ્રાથમિક પ્રાપ્તિનું અનુસરણ કરાવવા અર્થમાં દ્વૈતીયીક અપ્રાપ્તિના બાધ દ્વારા **“અકર્તવ્યત્વેન ઉક્તસ્ય કર્તવ્યત્વેન ઉક્તિઃ પ્રતિપ્રસવઃ”** (બાલ.૯૯) પણ કહેવાયેલું છે. એ જ રીતે રાગાન્તરવશાત્ દ્વેષવશાત્ કે નિષેધવશાત્ પ્રાથમિક અપ્રાપ્તિના બાધતયા દ્વૈતીયીક પ્રાપ્તિના બાધનાર્થ પણ પ્રતિપ્રસવ થઇ શકે છે. તેથી જ **“ન હિંસ્યાત્ સર્વભૂતાનિ”** (છાન્દો. ઉપ. ૮/૧૫/૧) નિષેધરૂપ વચનના બાધાર્થ અપવાદતયા **“અગ્નિષોમીયં પશુમ્ આલભેત્”** (તૈત્તિ.સંહિ. ૬/૧/૧૧) વચન વિધિમુખ હોય છે. આ વિશેષબાધ છે. તેથી સ્વાભાવિકરૂપમાં છાન્દોગ્યોપનિષદ્વચનસદ્દશ વચનોથી પ્રાપ્ત જ હિંસાથી નિવર્તનના અપવાદતયા કર્મયોગની અંતર્ગત કર્તવ્યત્વેન વિધિવિહિત આલમ્બનના ભકિતમાર્ગીય સાધનામાં બાધ કરવાનું ભાગવતમાં —

“નિષેવિતેન અનિમિત્તેન સ્વધર્મેણ મહીયસા ।
ક્રિયાયોગેન શસ્તેન ન અતિહિંસ્રેણ નિત્યશઃ ॥”
(ભાગ.પુરા.૩/૨૯/૧૫)

આ વચનથી સુબોધિનીમાં આચાર્યચરણ કહે છે કે નિર્ગુણભક્તિના સાધનોમાં મુખ્ય સાધન અન્તઃકરણની શુદ્ધિ હોય છે. તેમાં આધિભૌતિક સાધનો દ્વારા અન્તઃકરણની શુદ્ધિ ધર્માર્થ થાય છે. આધ્યાત્મિક સાધનો દ્વારા જ્ઞાનાર્થ અપેક્ષિત શુદ્ધિ થાય છે.

આજ રીતે જે આધિદૈવિક સાધન હોય છે તેનાથી ભક્ત્યર્થ પરમ શુદ્ધિ થાય છે. આ ક્રમશઃ સ્માર્ત શ્રૌત તથા તાન્ત્રિક ઉપાય છે. આ સ્માર્ત શ્રૌત તથા તાન્ત્રિક કર્મોનું અનુષ્ઠાન મુખ્યકલ્પતયા અને કામનારહિત થઇને કરવું જોઇએ. (અનુસંધેય જે કર્મોમાં પદે-પદે ફલશ્રુતિ મળે છે, તેને પણ ભક્ત્યંગતયા કરવા હોય તો મહાપ્રભુ નિષ્કામતયા અનુષ્ઠેય બતાવી રહ્યા છે. જ્યારે કે એમના વંશજ હોવા સિવાય બીજી કોઇપણ જાતની ફૂટી કોડીની પણ યોગ્યતા ન રાખવાવાળા ગોસ્વામિદ્વિવિદ સ્વયં અર્થાર્થિતયા જ ભક્તિ કરવાની વકીલાત કરતાં લજાતા નથી !).

આના પછી શ્રુતિવિહિત અનિષિદ્ધ પશ્વાલમ્ભનના પ્રતિપ્રસવાર્થ અતિહિંસાનો નિષેધ સમજાવી રહ્યા છે. એટલા માટે યજ્ઞકર્મ પણ જ્યારે ફલાર્થ થાય છે તો તે ભૌતિકકર્મ બની જાય છે, શુદ્ધ્યર્થ થાય છે તો આધ્યાત્મિક અને ભગવદર્થ થાય છે ત્યારે આધિદૈવિક, આવો સ્વીકાર સુબોધિની (૧૦/૬૭/૪૧) માં કર્યો છે. તેથી અર્થાર્થિતયા સ્વયં ભકિતની વકીલાત કરવાવાળા પોતાને મહાપ્રભુના વંશજ માનવામાં શરમાતા કેમ નથી ?

સ્મૃતિ અને તંત્ર બંનેના પ્રામાણ્યના અનુરોધવશ દેવદ્રવ્યોપભોગ કે આજીવિકાર્થ કે અર્થોપાર્જનાર્થ ભગવદારાધના વ્યકિતને દેવલક બનાવે છે, આ પ્રાપ્ત જ હતું. તેથી આ બાબતમાં નૂતન વિધાનની કે નિષેધની કોઇ અપેક્ષા જ નહોતી. તેથી જ નરહરદાસની વાર્તામાં “ત્યારે **શ્રીઆચાર્યજીએ કહ્યું ‘આ જગન્નાથરાયજીનું દ્રવ્ય છે... આ અમારે કામ ન આવે’**” (૮૪ વૈ.વા.ભા.પ્ર. ૧/૭૧). આમ આપે દેવદ્રવ્યોપભોગની નિષિદ્ધતામાં પોતાની અચલનિષ્ઠા પણ પ્રકટ કરી જ છે.

એટલા માટે, ધનલાલચુઆંધળાઓને ન પણ સમજવામાં આવતું હોય પરન્તુ, ગદાધરદાસજીને તો સમજવામાં આવ્યું જ હતું. તેથી જ અર્થાર્થી બનીને નહીં પરંતુ સર્વથા ભગવદર્થ જ ભગવત્સેવા કરતા હતા. એટલે જ પોતાના યજમાનો પાસેથી પોતાને જે કાંઈ માગ્યા વગર મળતું તેનો પણ સંગ્રહ નહોતા કરતા. **''તનુજા/વિત્તજા જે બને તે કરે (યદૃચ્છાલાભસન્તુષ્ટતયા જ નહીં કે ભગવત્સેવોપયોગ્યર્થાર્થિતયા... અધિક રાજભોગ-મનોરથાદિ કરાવવા પણ) બહુ સંગ્રહ કરે નહીં (અને ન હવેલી ટ્રસ્ટ બનાવીને ધંધાદારી પેઢી ઉપર સમાધાની બેસાડીને ભગવત્સેવાર્થ આવતા પારકાદ્રવ્યના નફામાંથી ત્રીસ ટકા મજુરી લઈને પણ) જે આવે તેની સામગ્રી કરી શ્રીમદનમોહનજીને ભોગ ધરે. વૈષ્ણવને મહાપ્રસાદ લેવડાવી દેતા''** (૮૪/૮ વૈ.વા.ભા.પ્ર.), આ ગદાધરદાસજીની જ વાર્તાના ભાવપ્રકાશના આધારે સિદ્ધ થાય છે. ન તો તેઓ દેવદ્રવ્યથી સેવા કરતા હતા અને ન તો આજીવિકાર્થ પણ. આ તો દીવસના અજવાળા જેવી સાફ વાત છે. જોવા જેવી વાત આ જ છે કે બ્રાહ્મણ હોવાને લીધે ગદાધરદાસજીને દાનના રૂપમાં જે કાંઈ મળતું તેનો જ શાસ્ત્ર અનિષિદ્ધ આજીવિકાના ઉપાયરૂપે પ્રતિગ્રહ કરીને સેવા કરતા હતા. એટલા માટે એમની સેવા પોતાના તન અને પોતાના વિત્તથી જ સિદ્ધ થતી હતી. તેથી એમની ભગવત્સેવા એકકર્તૃકા અવિભકત તનુવિત્તજા જ હતી. એથી જ પોતાના અંગત વિત્તના વિનિયોગના દૃઢ આગ્રહવશ જ ઉધાર લઈને ભગવત્સેવા ન કરી **''ઉધાર લઈને જ્યાં સુધી તેનું દ્રવ્ય ન આપે ત્યાં સુધી તેની સેવા છે આમની નહીં''** (૮૪ વૈ.વા.ભા.પ્ર.૮/૧) આવી સ્થિતિમાં ગોસ્વામિદ્વિવિદોનો સેવાપ્રકાર તો ગદાધરદાસજીના સેવાપ્રકારના પગરખા સાથે પણ સરખાવી ન શકાય.

આવી સ્થિતિમાં સન્તદાસે પણ જે પોતાના સેવ્યપ્રભુની સેવાને માટે જે સંપત્તિનો ભાગ પાડયો તે પણ મૂળમાં દેવસમ્પ્રદાનકતયા દેવસ્વામિક દ્રવ્ય ન હોઈને મહાપ્રભૂપદિષ્ટ આપવાદિકી રીતિના અનુસાર ભગવત્સેવાર્થ ન્યસ્ત દ્રવ્ય હતું, પારકાનું દ્રવ્ય નહીં. તે તો ભગવત્સેવાપ્રયોજક માત્ર દ્રવ્યન્યાસ હતો. છતાં પણ તે દ્રવ્યનો પ્રસાદ ન લેતા. આ સંતદાસચોપડાની વાર્તામાં ''કેટલાક દિવસમાં તારૂં **બધું દ્રવ્ય નાશ પામશે. જે દ્રવ્ય શ્રીઠાકોરજી માટે રાખીશ તે રહેશે. પરંતુ ઠાકોરજીનો વૈભવ વધાર્યા પછી જ્યારે દ્રવ્ય ન હોય ત્યારે તેમાંથી ખાનપાન કરે તો બહિર્મુખ થાય'' - ''ત્યારે શ્રીઠાકોરજીની સેવામાં મંડાણ શ્રીઠાકોરજીના દ્રવ્યથી રાખ્યું અને શ્રીઠાકોરજીની મૂડીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા મૂડી કરી કોડી વેંચતા ... ત્યારે એમની મજુરીનો રાજભોગ ન થયો તેથી મહાપ્રસાદ પણ ન લીધો. ટકાના ચુનમાં અલગ ભોગ ધરતાં તે રાજભોગ માનતા મહાપ્રસાદ લેતાં''** (૮૪ વૈ.વા.ભા.પ્ર. ૭૬/૧). આ ભગવત્સેવાર્થ મહાપ્રભુપદિષ્ટ આપવાદિકી રીતિમાં દેવદ્રવ્યના ભક્ષણની નિષેધની ઉપસંહારવિધિનું ઉદાહરણ છે. બોલીને જણાવેલું ન હોવા છતાં, શક્ય જ નથી કે ઉધાર લીધેલ મૂડી તેઓએ ધીમે-ધીમે ચુકાવી નહીં હોય. આ ઉધાર લઈને ભગવત્સેવા કરવાના સામાન્ય નિષેધની આપવાદિકી રીતિ નહીં તો બીજું શું હતું ?

તેથી કઈ વાર્તામાં ભગવત્સેવાવિધિ વિહિત-નિષિદ્ધ પ્રકારોના ઉત્સર્ગ કે સામાન્ય શાસ્ત્રીય પ્રકારનું ઉદાહરણ પ્રકટ થયું છે, કેમાં વિહિત/નિષિદ્ધ પ્રકારોના બાધ દ્વારા અપવાદશાસ્ત્રનું ઉદાહરણ; અથવા ફરી અપવાદશાસ્ત્રદ્વારા બાધિત પ્રકારના પ્રતિપ્રસવશાસ્ત્રનું ઉદાહરણ વાર્તામાં પ્રકટ થયું છે, આને સમજ્યા વગર પૂંછડી ઉઠાવેલ વાંદરાની જેમ એક ડાળની બીજી ડાળી ઉપર સતત ચંક્રમણ કરવું કપ્યર્થ (વાનર માટે) હોઈ શકે છે પુરૂષાર્થ (નર માટે) નહીં.

(૬)

તેથી આચાર્યોપદિષ્ટ સેવાની દેવલકપ્રાણશોષિકા રીતિતો ‘‘એતેન ભગવદર્થં નિરૂપધિ સ્વસર્વસ્વનિવેદનપૂર્વકં તત્રૈવ સ્વદેહવિનિયોગે પ્રેમ્ણિ (નતુ આજિવિકાદ્યર્થમ્) જાતે સા (ચેતસ્તત્પ્રવણરૂપા સેવા) ભવતિ ભાવઃ’’ (સિદ્ધા.મુક્તા.વિવ.૨) છે. આ રીતિનો ત્યાગ કર્યા વિના એટલે કે પોતાની ભગવત્સેવા માટે બીજાનું ધન વાપર્યા વિના માત્ર હૃદયમાં ‘‘મારી ઐહિક બધી કામના સેવ્યપ્રભુ પૂર્ણ કરશે’’ આવું વિચારીને પણ કોઇ ભજનમાં પ્રવૃત્ત થઇ શકે છે. તેથી આવા પ્રકારનો એક લોકાર્થી હોઇ શકે છે. તેને ભગવત્સેવાર્થ કે પોતાના ઐહિકકામપૂર્તિના માટે ધનલાભ ન થતો હોય, અને દરેક પ્રકારે કલેશ જ મળતો હોય અને ભગવત્પ્રિય આચાર્યના માર્ગ ઉપર દ્દઢતાથી ટકી પણ રહેતો હોય તો આવાઓનું ભજન નકામું નથી જતું. ક્યારેકને ક્યારેક જન્મજન્માંતરમાં ભગવાન આવા સેવા કરવાવાળા ઉપર અનુગ્રહ કરે છે, આવું કહેવામાં આવી રહ્યું છે નહીં કે દર્શનાર્થી જનતાને પોતાની પ્રભુસેવાના પ્રદર્શન દ્વારા દર્શનાર્થી જનતાના દ્રવ્યથી ભગવત્સેવા નિભાવવાવાળો અને તેના દ્વારા પોતાના આર્થિક લાભના અથવા પૂજાના અથવા કીર્તિના ભૂંગળા વગાડવા માટે છપ્પનભોગ કે ભગવત્સેવાસ્થળની વ્યાપારિક જાહેરાત બુલશિંમથરાયની જેમ ઓરકુટ ઉપર પ્રકાશિત કરવાવાળા ધંધાદારી પેઢીઓની જેમ હવેલીની પેઢી ઉપર નિમાયેલા સમાધાનીઓ દ્વારા ભગવત્સેવાર્થ ધનભેળું કરવા માટેનું નાટક કરવાવાળાનું ભગવદ્ભજન, ન તો વાર્તામાં ન તો કહેલા ઉપદેશોમાં પણ, નકામું ન જવાની વાત કહેલી મળે છે. તેથી આવું ભજન ભગવદ્ગામી નથી થતું, એવું પ્રકાશકાર સ્પષ્ટ કહી રહ્યા છે.

એટલે જ **‘‘અત્ર એવં મમ પ્રતિભાતિ’’** અનુચ્છેદમાં જે ત્રિવિધ

સંસારી બતાવ્યા છે, તેમાં જે સંસારનિવૃત્તિની કામનાથી ભગવદ્ભજનમાં પ્રવૃત્ત થાય છે તેને ‘અર્થાર્થી’ માનવો તે તો દ્વિવિદમતિવિલાસ છે.

(૭)

આના અવાન્તર પ્રભેદતયા **‘‘સેવાનાગ્રાહી પણ પ્રતિફલાદ્યર્થ દુરાગ્રહેણ ભગવત્સેવામાં પ્રવૃત્ત અતિજઘન્યતર ભક્ત’’** (‘ગદાપદાતત’ પૃ.૨૫) જે કહ્યો છે તે તો ‘‘મમ માતા વન્ધ્યા’’ વચનના જેવું જ વદતોવ્યાઘાતરૂપ પ્રતિપાદન છે. પ્રકાશકાર આગ્રહી અને અનાગ્રહીનો આ અર્થોમાં નહીં પરંતુ ભગવત્સેવાર્થ અપેક્ષિત ધનની પ્રાપ્તિ ન થવાથી કલેશ થતો હોવા છતાં પણ જે ભગવત્સેવાને નિભાવે છે તેને ભગવદ્-અસંતોષકારક દુરાગ્રહ માની રહ્યા છે :

> **‘‘તન્મૌઢ્યેન દુરાગ્રહાદિના ભગવદુપેક્ષાયાં દૃષ્ટાદૃષ્ટાભ્યાં વા સર્વપ્રકારૈઃ લોકતએવ કલેશં પ્રાપ્નોતિ. તત્ર આદ્યસ્તુ ક્લિષ્ટોઽપિ લોકાદ્ વિરજ્ય ચેદ્ ભજેત્ કૃષ્ણં તદા ઉક્તન્યાયેનૈવ સર્વપ્રકારૈઃ લોકો બાહ્યઃ આન્તરઃ ચ નશ્યતિ. તતો ‘મત્પરૈઃ કૃતમૈત્રસ્ય કરિષ્યે મદનુગ્રહમ્’ ઈતિ ન્યાયેન ઈહ વા પરત્ર પ્રતિબન્ધરહિતાનુગ્રહવિષયો ભવતિ ...’’** (સિ.મુ.વિ.પ્ર. ૧૬-૧૭).

આને **‘‘ ‘અત્યાગ્રહપ્રવેશે’= સ્વસ્ય વા પરમ આગ્રહઃ ઉત્પદ્યતે યેન તમસિ પ્રવિષ્ટો ભગવન્તં ન સ્મરન્તિ ... તત્ર પૂજા ત્યક્તવ્યા...’’** (ત.દી.નિ. ૨/૨૪૭) વચનથી સંવાદિત કરવાથી સ્પષ્ટ થઇ જાય છે કે જેને ભગવત્સેવાના ત્યાગની આજ્ઞા આપવામાં આવી રહી છે, તે

ભગવત્સેવાના દુરાગ્રહવશ ન છોડે તો સર્વથા કલેશ જ મેળવે છે. આજ છે તેનું અવાન્તર ફલ. કેમકે વાર્તામાં સુસ્પષ્ટ શબ્દોમાં **''આચાર, ક્રિયા, દ્રવ્યથી શ્રીઠાકોરજી પ્રસન્ન નથી, શ્રીઠાકોરજીમાં પ્રીતિ જોઇએ''** (૮૪ વૈ.વા.૪૨/૧) નિર્ધારિત કરવામાં આવેલું જ છે. આવી સ્થિતિમાં અર્થાર્થી સેવાકર્તા ઉપર તેના સેવ્યપ્રભુ પ્રસન્ન જ નથી થઇ શકતા. કેમકે વસ્તુતઃ તે ન તો ભગવદર્થી હોય છે અને ન તો ભગવત્સેવાર્થી પણ. ભગવાન તો નિષ્કિંચનજનપ્રિય હોય છે અને નિષ્કિંચનભાવથી જે સેવામાં પરાયણ હોય તે જ પ્રભુના સુખનો વાસ્તવિક ભાવ નભાવી શકે છે, અર્થાર્થી નહીં.

આમ અવાન્તરફલાનુભવના અભાવમાં તત્કારણીભૂત ભગવદનુગ્રહનો પણ અભાવ અનુમેય બને છે. ઉદાહરણના રૂપમાં મોજશોખની સાથે માત્ર પરિવારના પાલન માટે વલ્લભવંશજો દ્વારા કરવામાં આવી રહેલા ભગવદ્ભક્તિના ધંધાદારી અનુષ્ઠાનોના કારણે કમ સે કમ અમારા વલ્લભવંશજો ઉપર તો પુષ્ટિપ્રભુના અનુગ્રહનો અભાવ સુનિશ્ચિત જ લાગે છે. પરંતુ આચાર્યાજ્ઞાનું અનુસરણ કરીને (આવી) ભગવત્સેવાને બદલે કથા પ્રપત્તિ તીર્થાટન વગેરે અનુકલ્પોનું અનુસરણ કરે છે, તેમના ઉપર ભગવાન્ જન્મજન્માંતરમાં પ્રસન્ન થઇ શકે છે.

જોવા જેવી વાત છે કે સદ્યોગૃહીત વાર્તાપ્રામાણ્યનો પક્ષ પણ નૂતન પ્રતિપાદનમાં છોડી દેવામાં આવ્યો છે : **''મહાપ્રભુએ દેવીભક્ત બંગાળીઓને શ્રીનાથજીની સેવા સોંપી નહોંતી... તે બંગાળી દેવીભક્ત નહીં ઉલ્ટાના પુષ્ટિસમ્પ્રદાયના જ નિકટતમ અનુયોગી એવા માધ્વગૌડસમ્પ્રદાયના રૂપસનાતનના શિષ્ય હતા''** ('ગદાપદાતત' ૪). તો આજ તો છે શ્રીગોવર્ધનનાથજીમાં

ગોસ્વામિદ્વિવિદોની નિષ્ઠાના નાશનું શક્તિશાળી પ્રમાણ ! દ્રષ્ટવ્યઃ

> **''ત્યારે એક દીવસ શ્રીગોવર્ધનનાથજીએ અવધુતદાસજીને જતાવ્યું કે 'તમે કૃષ્ણદાસ અધિકારીને કહો કે આ બંગાળીઓને કાઢો... અને આ બંગાલી મને ભોગ ધરે છે તે એમની ચોટલીમાં એક દેવીનું સ્વરૂપ છે તે મારી પાસે બેસાડે છે. તેથી આ બંગાળીઓને જલ્દી કાઢો.''** (૮૪ વૈ.વા. ૮૪/૨)

કારણ આમાં બીજું કાંઇ નથી. શ્રીગોવર્ધનનાથના સેવાપ્રકારની પુષ્ટિમાર્ગીય હોવાની શપથ ખાઇ રાખેલી હોવાને કારણે વગર બ્રહ્મસંબંધે પણ ભગવત્સેવા શક્ય હોવાનું માથે થોપાઇ જશે. ત્યારે પોતાની સૃષ્ટિ વધારીને મોઢું-માથું-હાથ-પગ વગેરે અનેક અંગપ્રત્યંગોથી જનતાનું દ્રવ્ય એકઠું કરવામાં પ્રતિબન્ધની સંભાવના ડરાવવા લાગે છે !

એટલા માટે કિરીટભાઇ ફટાણિયાનો વિરોધ કરવા માટે સિદ્ધાન્ત રટવા લાગે છે ''વલ્લભવંશજ ન હોવાથી તેને બ્રહ્મસંબંધદીક્ષા દેવાનો અધિકાર નથી'' પરંતુ વંશપ્રવર્તક મહાપ્રભુ સ્વયં આ આજ્ઞા કરે છે કે ભાગતતત્ત્વજ્ઞદંભાદિરહિત કૃષ્ણસેવાપરાયણ ન હોય તો કોઇને ગુરૂ બનાવવા અથવા આવી વ્યક્તિ પાસે ભગવત્સ્વરૂપને પુષ્ટ કરાવવાના બદલે જાતે જ ભગવત્સેવા શરૂ કરી દેવી જોઇએ. **''તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્''** (ત.દી.નિ. ૨/૨૨૮). ત્યારે સિદ્ધાન્તની સાથે આંખમિંચામણી રમવા માગે છે. પ્રતિપ્રશ્ન કરવા લાગે છે *''અમારી અંદર ગુરૂના લક્ષણ છે કે નહીં તે તપાસવાની યોગ્યતા વૈષ્ણવોએ પોતે-પોતાની કેવી રીતે માની*

લીધી?'' જ્યારે કે શ્રીપુરૂષોત્તમજી પણ સ્પષ્ટ શબ્દોમાં **''કલેઃ બલિષ્ઠત્વેન અગ્રિમેષુ ગુરૂલક્ષણાભાવમ્ આલોચ્ય ... સ્વયમેવ સેવાકરણેઽપિ...''** (ત.દી.નિ.પ્ર.આ.૨/૨૨૮) વ્યાખ્યાન દ્વારા આનુ અનુમોદન કરી જ રહ્યા છે. આવી સ્થિતિમાં આટલું તો પુછી જ શકાય છે કે કિરીટભાઈમાં અધિકાધિક ગુરૂલક્ષણાભાવ હશે પરંતુ ભગવત્સેવાનો ધંધો કરવાવાળા અમારા ગોસ્વામિદ્વિવિદોમાં તો સર્વથા વિરૂદ્ધ લક્ષણ જ દેખાઈ રહ્યા છે એનું શું ?

એટલા માટે સિદ્ધ થઈ જાય છે કે પોતાની પ્લવંગમતિના દુર્ભાગ્યવશ આ વાર્તાપ્રામાણ્યના પક્ષને પણ આ ગોસ્વામિદ્વિવિદોને શીઘ્ર જ પુનઃ છોડવો જ પડશે. આમાં મૂળહેતુ એક બીજો જ કર્ણોપકર્ણ સાંભળવામાં આવેલું તથ્ય છે. આ દ્વિવિદવૃંદના સદસ્યોને પોતાની દુર્દભ દ્રવ્યવાસનાની પૂર્તિને માટે કોઈ કામાખ્યાદેવીની પણ નિત્યપૂજા કરવી પડે છે. એટલા માટે શ્રીગોવર્ધનનાથજીના દર્શન બહાર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને કરાવીને તેમાંથી થયેલી આવકમાંથી અંદર તે કામાખ્યદેવીનાં પૂજનનો પ્રકાર ચલાવવામાં આવશે. તે પોલ ક્યારેક ખુલી પણ જાય તો તેની પહેલા પાળ બાંધવા માટે આ ગોસ્વામિદ્વિવિદમુકટાયિતનો આશરો લઈને આ લખાવડાવવામાં આવ્યું છે. જો શ્રીગોવર્ધનનાથજી પ્રત્યે લેશમાત્ર પણ નિષ્ઠા હોત આ લોકોની તો સ્વયં શ્રીગોવર્ધનનાથજીના મુખારવિન્દમાંથી નીકળેલા વચનને 'અપ્રમાણિક' કહી શકવાની હિંમત કરી જ ન શકે !

તેથી આ વિષયમાં પણ કોઈ જાતના શાસ્ત્રાર્થ કે વાદ-વિવાદને અવકાશ જ નથી. કોઈ પોતાની બલાથી એતદર્થ આત્મના મનસા વાચા પોતે-પોતાને સન્નદ્ધ માનીને આત્મપીડન કરવા માગતો હોય તો પ્રભુ કરે કે તે સહસ્ત્રપરિવત્સર સુધી આવી પીડાથી છૂટી ન શકે !

મને તો કાંઈ આ વિષયમાં કોઈ જાતની ઈચ્છા રુચિ કે ઉત્સુકતા પણ નથી. હા લેખિતરૂપમાં કોઈ મુદ્દો સામે આવે છે તો તે બીજા ભોળા લોકોને પથભ્રષ્ટ ન કરે એ હેતુથી લેખિત પ્રત્યાખ્યાન તો કરતા રહેવું એ તો મારી પુષ્ટિપ્રભુ મહાપ્રભુ અને પ્રભુચરણદ્વયીના પ્રત્યે પરમપ્રતિબદ્ધતા છે. તેથી શાસ્ત્રચર્ચાર્થ આવાઓની પાસે જવું કે એને બોલાવવા મારી ઘોષિત પ્રતિબદ્ધત્તાનો ભંગ થાય ! તેથી એટલું જ કહી શકાય છે :

વાંધો છે ત્યાં જવામાં વાંધો બોલાવવામાં ।
બકવાદી મૂઢ જનનાં તો સામે આવવામાં ॥
માણસનું મ્હોરું રાખી એક નરપશુ રખડતો ।
ફાવે ના સંગ જેનો કેમ ફાવે બોલવામાં ! ॥

(૮)

આ બધા વિવાદના મૂળમાં જે મુખ્ય કલહબિન્દુ છે તે તો આચાર્યોપદિષ્ટ સેવાના પ્રકારથી આધુનિક દેવલક ગોસ્વામિદ્વિવિદોના સર્વથા વિપરીત આચરણના કારણે બહાર આવે છે. એમના આચરણ કેમકે સિદ્ધાન્તવચનોથી જ માત્ર નહીં પરંતુ સ્વયં પોતાની પણ જે-તે પ્રસંગે અન્યાન્ય અભિપ્રાયિક (!) પ્રયોજનો માટે બોલેલી વાતોથી વિરુદ્ધ જાય છે. આવા ભુલાવી દીધેલા વચન જ્યારે પુષ્ટિમાર્ગીય જનતામાં ફરી પ્રકાશિત જ નહીં પણ ચર્ચાવા પણ લાગી ગયા છે. ત્યારે આક્રોશનો જવાળામુખી ફાટી પડે તે સ્વાભાવિક જ છે. આ જવાળામુખીમાંથી બીજું કાંઇ નહીં, માત્ર આ ગોસ્વામિદ્વિવિદોના દિલોમાં ભરેલા ભય કુંઠા અપરાધબોધ આત્મગ્લાનિજન્યલજ્જા તથા આર્થિક સંકટની સંભાવનાનો લાવારસ નીકળી રહ્યો છે બીજું કાંઇ જ નીકળી નથી રહ્યું !

એટલા માટે જેઓ થોડીક પણ લોકમાનસ અને દેશકાલની આધુનિકતાને ઓળખી શક્યા છે, તેઓ તો મૌન રહીને બને એટલી પ્રતીક્ષા કરવામાં જ પોતાનું હિત માને છે. ઊંટ કયા પડખે બેસશે તેનો નિશ્ચય તેઓને નથી થઇ રહ્યો. તેથી દૂરગામી નહીં તાત્કાલિક હિત અધિકાધિક વિપરિતાચરણદ્વારા જનતાને ગેરમાર્ગે દોરવામાં જ માનવા લાગ્યા છે. અતઃ ‘‘ફટાટોપો ભયંકરઃ’’ પ્રકટ કરનાર વિમર્શકારે પણ આનું સારી રીતે આકલન કરી મૌનવ્રત ધારણ કરવામાં પોતાનું હિત માની લીધું છે. ગોસ્વામિદ્વિવિદમુકુટમણિની તો કથા નિરાળી જ છે ! જેમકે મારી પાસે એક કેસેટમાં મુદ્રિત પ્રવચનમાં પોતાના સ્વરૂપની બાબતમાં પોતેજ મારા ઉપર અહંકારનો આરોપ લગાડીને આ વધારે સ્વીકારી લીધું કે અહંકારીથી બાથ ભીડવામાં બીકણ વિદ્વાનોએ મૂઢ કાલીદાસને જેમ ભીડાવી દીધા એમ બાથ આમને મારી સાથે ભીડાવી દેવામાં આવ્યા છે ! એથી જ પોતાના પિતૃચરણના જન્મોત્સવ ઉપર પણ વધાઇગાનને બદલે મરસીયા જેવું ‘‘દિલકે અરમાં આંસુઓ મેં ઢલ ગયે’’ ફીલ્મી ગીતની તર્જ ઉપર ગાયું કે **‘‘કહી ગયો તે કહી ગયાનો વસવસો. રહી ગયું તે રહી ગયાનો વસવસો. જીવવું નિષ્કામ મુશ્કિલ કામ છે. જીન્દગી એક વસવસાનું નામ છે !’’** ગાતો જા, ગાતો જા, એક દિવસ તારો પણ જમાનો આવશે. તેથી પોતાના આ જ ક્ષોભને ‘‘કોતિ પુંડ્રુ બ્રહ્મરાક્ષસમ્’’ બનાવવામાં ખબર નહીં, પોતાની બુદ્ધિનો શું પ્રકર્ષ માની લીધો છે !

વિચાર્યવિષયની પંચમાંગ સંગતિ :

આ બદહવાસીમાં કોઇને પાછળથી ન ઘેરાવું પડે એટલા માટે તો સિદ્ધાન્તચર્ચાસભાની પહેલાં ‘સિદ્ધાન્તવચનાવલી’ નામના વચન સંકલનમાં —

^{૧}સેવોપદેશદીક્ષા ^{૨}સેવાસ્વરૂપ ^{૩}સેવા પ્રદર્શન ^{૪}સેવા પ્રયોજન ^{૫}સેવા સ્થળ ^{૬}સેવ્યસ્વરૂપ ^{૭}સેવાર્થ આજીવિકા ^{૮}સેવાકર્તા તથા સેવાપરિચારક ^{૯}સેવોપદેષ્ટા ^{૧૦}ભાગવતકથા ^{૧૧}સ્વસેવ્યસ્વરૂપ-પ્રસાદગ્રહણ ^{૧૨}તીર્થપર્યટન અને ^{૧૩}આચાર્યવચનાશયનિર્ધારણપ્રકાર

આ શિર્ષકોની નીચે પૂર્વાચાર્યોના ગ્રન્થસ્થ વચનોને સંકલિત કરવામાં આવેલા હતા. એ જ રીતે ‘અમૃતવચનાવલી’ નામથી અન્ય વચનસંકલન પણ આ સિદ્ધાન્તવચનોની પરમ્પરયા શું વ્યાખ્યા થતી આવી છે તે એકવાક્યતા બતાવવા તથા સંસ્કૃતભાષાથી અજાણ જનતાને પણ તે સમજમાં એટલા માટે પ્રકાશિત કરાવવામાં આવી હતી. પણ તે ચર્ચાસભામાં ચર્ચા માટે પ્રામાણ્ય સ્વીકારવામાં પોતાની અસંમત્તિ મને સૂચિત કરવામાં આવી. એટલા માટે ચર્ચાના સમય દરમ્યાન તેને પરિશિષ્ટરૂપે પ્રકાશિત કરાવવી પડી.

મારો આ બંને પ્રકારના વચનોના સંકલનમાં મુખ્ય ઉદ્દેશ્ય એ પણ હતો કે જે પણ કોઇ ચર્ચા માટે સામેલ થવા માગતા હોય તેને વિવાદાસ્પદ મુદ્દાની ગંભીરતાનું આકલન થઇ શકે. હું નથી માનતો કે તે આકલન લેશમાત્ર પણ નહીં થઇ શક્યું હોય. કેમકે ચર્ચામાં અર્થહીન વાતોના નિરર્થક ખુલાસા પૂછી-પૂછીને આખી ચર્ચાને ધ્વંસ કરવાની જે કુટિલતા બતાવવામાં આવી તે એટલા માટે જ હશે તેવી વધુ શક્યતા છે. તેથી છેલ્લે મારે જાહેર કરવું પડયું કે ચર્ચાકાર દ્વારા પક્ષગ્રહણના અભાવમાં ચર્ચા આગળ નહીં કરૂં. ત્યારે પણ જો અડગ રહેતા કે કોઇ તટસ્થ વિદ્વાનના માધ્યસ્થ્યના વગર પક્ષગ્રહણ નહીં કરૂં તો તો કોઇ વાત સુધરી પણ જાત. હાનિ તો માત્ર એક જ સંભાવિત

હતી કે ચર્ચામાં હાજર રહેલ જનતા એ વીચારી લે કે ચર્ચા માટે પ્રવૃત્ત થવા છતાં પણ પોતાનો પક્ષ શું છે તે બતાવી ન શક્યા ! તેથી પક્ષગ્રહણ ઉપર બળાત્કારનો આરોપ લગાડીને, જે હજુ સુધી (આરોપ) ચાલુ જ રાખ્યો છે, ચર્ચા માટે પ્રવૃત્ત થવું પડયું.

આમ તો આ સિદ્ધાન્તચર્ચાના આયોજકોએ પોતાની નિયમાવલીમાં (૯) (૧૦) (૧૧) (૧૨) અને (૧૩) નિયમોના અંતર્ગત આ એક મહિના પહેલાં જ સ્પષ્ટ કરી દીધું હતું. છતાં પણ એ જ ચર્ચા નિયમોને આધીન ચર્ચા કરવી કે ન કરવી, આવી બેતુકી ચર્ચામાં કાલયાપનની કુટિલતા દેખાડવી પડી. ‘‘સિદ્ધાન્તવચનોના ભાવાનુવાદ શા માટે વાંચીએ’’ કે ‘‘વાંચ્યા જ નથી !’’ જેવા બચવાના બહાના બનાવી ન શકે એટલા માટે અશુદ્ધિનિર્દેશન અન્તર્ગત સભામાં બધાની સામે ‘‘કરો અંડરલાઇન ! કરો અંડરલાઇન !’’ નું ‘દે ધનાધન’ નાટક મેં પણ ઘણો સમય ચાલવા દીધું. પરન્તુ સમજી ન શક્યા કે વાત ક્યાં જઇ રહી છે ! અને પક્ષગ્રહણમાં સિદ્ધાન્તવચનાવલીમાં સંકલિત સીમિત વચનોમાં બંધાવાનો ઇન્કાર કરી પોતે જ અન્ય પણ વચનોની સંગતિના વિચારની પણ આવશ્યક્તા સ્વીકારી લીધી. પરિણામ રૂપે ‘અમૃતવચનાવલી’ માં પણ વિચારવાની આવશ્યક્તા પોતે જ પોતાના ગળામાં નાખી દીધી.

જ્યારે મહાપ્રભુથી લઇને અત્યારસુધીના અનેકાનેક વૃદ્ધ પુરુષોના વચન, જેને સમજવામાં સાધારણ જનતાને સંસ્કૃતભાષાની જેમ કોઇ તકલીફ આવી જ નહોતી શકતી, એનું પણ પ્રામાણ્ય સ્વીકારી લીધું તો, વિચારણીય બાકી કાંઇ પણ રહ્યું જ નહિ પોતાના સ્વીકારેલા પ્રામાણ્યના બંધનમાં પોતાને જ ખરાબ રીતે ફસાવું પડયું. પોતાને પોતાના અઘોષિત પ્રતિનિધિ બનાવવાવાળાના વચનો સિવાય સ્વયં

પોતાના નિ.લી.પિતૃચરણ (શ્રીવૃજભુષણલાલજી) ના વચન પણ પોતાના માથા ઉપર વજપાતની જેમ આવી પડયા !

આનાથી ઉદ્વિગ્ન થવું તો સ્વાભાવિક વાત હતી. એટલે અસ્થિરમતિ હોવાની વિડમ્બણા આવી નહીં તો કેવી હોય ? આ બધા પાસાઓ ચર્ચા માટે સામેલ થતાં પહેલાં શાંતચિત્તથી વિચાર્યા હોત તો આવી દુર્ગતી ન થાત. પણ ‘‘દૈવો હિ દુરતિક્રમઃ’’ (સમય થાશે બળવાન્ નહિ પુરુષ બળવાન્) ન્યાયથી જે થવાનું હતું તે થઇ જ ગયું ! સાંજે ચર્ચા સમાપ્ત કરવા માટે મારા ઘરે આવીને ‘‘**સૌરાષ્ટ્રની જનતા ઉપર આની ખરાબ અસર પડશે. તેથી એકબીજાથી હળતીમળતી ચર્ચા દ્વારા સમય પસાર કરી ચર્ચાસભાની સમાપ્તિ થવાની જાહેરાત કેવી રીતે કરવી**’’ આવું સમજાવવા લાગ્યા. એટલા માટે હું ચર્ચામાં સામેલ ન હતો કેમકે ન તો મારી ક્યાંય સૃષ્ટિ છે અને ન તો આ ચર્ચા મારા માટે મારા વ્યક્તિત્વને જાહેર કરવાની કોઇ યોજના હતી. મારૂં પ્રયોજન તો મેં છેલ્લા દિવસના સત્રમાં ભરી સભામાં પ્રગટ કર્યું જ હતું. આને વિસ્તૃ.વિવ.માં વાંચી-વિચારી શકાય છે. જો હજુ પણ હિમ્મત હોય તો મારા ઉપર મિથ્યાભાષણનો આરોપ કોર્ટમાં લગાડી શકાય જ છે અને ત્યાં બધા જ પ્રમાણ રજુ કરવા માટે હું પ્રતિબદ્ધ છું. દ્વિવિદમતિના વૈભવનું અપર ઉદાહરણ આ એક બીજું જોવા જેવું છે કે જામનગરની હવેલીના ચોકમાં ભાષણ કરતી વખતે આ વધુ સ્વીકારી લીધું કે કાંઇપણ વાત કરવી હોય તો સાવચેતીપૂર્વક કરવી જોઇએ કારણ કે છુપાવેલા ટેપરેકોર્ડરથી વાતનું રેકોર્ડીંગ થઇ જવાની સંભાવના છે. જેમ ચર્ચામાં સિદ્ધાન્તપક્ષની પ્રસ્તુતિના કારણે પ્રાપ્ત સન્માનપત્રના અપ્રમાણિક્તાની ઘોષણા પોતે જ પોતાના હસ્તાક્ષર સાથે આપી પરંતુ સૌરાષ્ટ્રમાં ફરી સન્માનપત્ર મેળવવાની સન્માનસભાઓના આયોજન ન કરવાનું લોભસંવરણ

થઇ ન શક્યું ! પરિણામરૂપે મારે તે પત્ર પ્રકાશિત કરાવવો પડયો. એવી જ રીતે ઉદ્ધ્વસ્ત મનઃસ્થૈર્યને કારણે ફરી 'ગદાપદાતત' પ્રગટ થઇ ગઇ છે.

એમાં જે હવે આઠપ્રકારના અર્થાર્થીના પ્રભેદ બતાવવામાં આવ્યા છે, તેમાં ગીતામાં કહેલા અવશિષ્ટ ત્રણેય એટલે કે આર્ત જિજ્ઞાસુ અને જ્ઞાની ભજનકર્તાઓનો આન્તર્ભાવ માનીએ તો કંઠોક્ત ચાતુર્વિધ્ય જ નિરસ્ત થઇ જવાથી અર્થાથી પણ નિરસ્ત થશે. અન્યથા અવશિષ્ટોના અષ્ટવિધ પ્રભેદોનો અવિચાર લેખકની માત્ર અર્થાર્થિતામાં જ પોતાની બુદ્ધિ પુરી થઇ જવાની સાક્ષી પૂરી રહ્યું છે.

આનો ખુલાસો પણ પંડિતસભામાં મૌખિક શાસ્ત્રચર્ચા દ્વારા જ કરવો હોય તો મારી પાસે એવી ચર્ચા ખંજવાળના વારણનો કોઇ ઉપાય જ નથી. કેમકે અર્થાર્થી વિભાજનકારને ભ્રમણા છે કે લેખિતરૂપથી કરવામાં આવતી ચર્ચા કુત્સિતપ્રેમિકાના પત્રાવમ્બનની કે બાર્હનહ્રી પંડિતપંક્તિમાં અનુપવેશ્ય મનોવૃત્તિ છે. તો શું મહાપ્રભુ-પ્રભુચરણ વગેરે પૂર્વાચાર્યોની પત્રાવલમ્બન વિદ્વનમંડન અવતારવાદાવલી ભક્તિમાર્તંડ પ્રાભંજમારૂતશક્તિ વગેરે વાદગ્રંથોમાં અંગીકૃત વિચારશૈલીને પણ કુત્સિતપ્રેમિકાના પત્રાવલમ્બન કે બાર્હન્નલી મનોવૃત્તિ માનવી ? કેમકે પૂર્વાચાર્યોના આ વાદગ્રંથોમાં પણ કોઇ તટસ્થ મધ્યસ્થ ન હતા. તેથી આ પૂર્વાચાર્યોના લેખનને પણ શું 'દ્ધનાધન' (દ્રષ્ટ. **"શાસ્ત્રાર્થના નિયમ મુજબ પક્ષગ્રહણવિધિ મધ્યસ્થ-વિદ્વાન્ સમ્પન્ન કરાવે છે. આમ હવામાં પક્ષગ્રહણ નથી થતો"** ('ગદાપદાતત' પૃ.૧૨). માનવા ? આ તો અનધીતશાસ્ત્રો દ્વારા કિલકિલાયિત માત્ર પ્રલાપ (રૂદન) જ સિદ્ધ થશે. ન્યાયશાસ્ત્રમાં, કેમકે, શાસ્ત્રાર્થ કે વાદના નિયમને સ્પષ્ટ કરતા કહેવામાં આવેલું છે :

૧."ગુર્વાદિભિઃ સહ વાદો – વિજિગીષુણા જલ્પવિતણ્ડે"
૨."નચ અયં નિયમઃ પ્રાશ્નિકપ્રત્યાયનાયએવ વાદઃ.
પ્રાશ્નિકાનન્તરેણાપિ વાદો દૃષ્ટઃ. યદાતુ ન અયં તત્ત્વબુભુત્સુઃ,
લાભપુજાખ્યાતિકામો વાદમ્ આરભતે તદા પ્રાશ્નિકૈઃ પ્રયોજનમ્
અસ્તિ. સત્યમ્ ! અસ્તિ પ્રયોજનં, વાદસ્તુ તદા ન ભવતિ".
૩.વીતરાગૌ હિ વાદિપ્રતિવાદિનાવેવ વાદસ્વરૂપજ્ઞાનં તત્પરીક્ષાં
ચ કર્તું શક્નુતઃ. તત્ કિમ્ અત્ર પ્રાશ્નિકૈઃ ?"
(ન્યા.ભા.વા.તા.ટી. ૧/૨/૨).

એથી જ આવા ગોસ્વામિદ્વિવિદોને આટલી પણ ખબર નથી કે આ ગ્રંથોમાં પૂર્વાચાર્યોએ ન્યાયનિર્ધારિત મધ્યસ્થવિદ્વાન/પ્રાશ્નિકની અપેક્ષા રાખ્યા વગર માત્ર સ્વપક્ષ નહીં પણ પૂર્વપક્ષનું નિરસન પણ કર્યું છે. તેથી કોઇપણ જાતની શાસ્ત્રીય મર્યાદાના ભાન વગર અગડંબગડં બકવાશથી તો પોતાના પૂર્વજો સુધી આવા અપશબ્દોનો પ્રયોગ લાગુ પડી જશે. તો ત્યારે આવું કરવાવાળામાં શ્રીજગદીશનિર્ધારિત લક્ષણની અતિવ્યાપ્તિનું વારણ કેવી રીતે કરવું (!) આવું વિચારીને ગુરૂજનોના પ્રત્યે આદરભાવને લીધે હૃદય કંપી જાય છે.

દ્વિવિદોને તો પોતાના બોલ્યાની કાંઇપણ કીંમત ન હોવાથી કાંઇપણ ફરક નથી પડતો. સ્વયં મંદબુદ્ધિ હોવાને લીધે તેઓ કયારેક કોઇ પક્ષગ્રહણની ભૂમી ઉપર આવી ટપકે છે. જયારે ફસાઇ જવાનું ભાન થાય છે ત્યારે : **"બલાત્કાર ! બલાત્કાર !! દિલકે ઝખ્મોંકો તૂ હાથોમેં છુપા લે શાયર ! નાદાં હૈ જમાના યે ડર ન જાયે કહીં. તુમ ક્યા જાનોં કિ દર્દે દિલકી નસીહત ક્યા હૈ ? દિલકે ટુકડોંકો હમને દિલ હી મેં સંજોકે રખ્ખા હૈ, ફિર કભી યું હી ઠુકરાનેકો તેરે કામ**

આયેંગે'' (દ્રષ્ટ. વિસ્તૃ.વિ૧.પૃ. ૧૯૭,૩૨૪-૩૨૫). રડવા લાગે છે. તે પણ પોતાના નિ.લી. પિતૃચરણના જન્મદિવસ ઉપર પ્રાચીન રીત મુજબ વધાઇ ગાવાને બદલે ''**કહી ગયો તે કહી ગયાનો વસવસો. જીંદગી એક વસવસાનું નામ છે**'' આવા શોકસભા લાયક ગીત ગાવા માંડે છે અને પછી શાખામૃગની જેમ કોઇ શાખા ઉપર ચંકમણ કરવાનો મોકો મળતાં જ ફરી એ જ ''**ખ્રોં-ખ્રોં ખ્રાંઉ-ખ્રાંઉ કિર્રૂર્રૂડડડર્ક્રિચ્ચ ! (=) તારૂં આખે આખું વિશોધન - ધન...દે ધનાધન ચપટીમાં લુંટાઇ જવાનું છે ...** *(શા માટે અને કેવી રીતે ? તો કહે છે)* **જો તુમકો હો પસંદ વહી બાત કરેંગે. તુમ દિનકો અગર રાત કહો રાત કહેંગે.** *(આજ જો સાચું હોય તો પછી શું થઇ ગયું કે)* **હાય દો કાન પકડકર વો કુબુલાતકી રાત, જીંદગીભર નહીં ભુલેગી વો ચર્ચાત કી રાત, એક અન્જાન ભોલેસે મુલાકાતકી રાત** ('ગદાપદાતત' પૃ.૧૩) **ખ્રોં-ખ્રોં ખ્રાંઉ-ખ્રાંઉ કિર્રૂર્રૂડડડર્ક્રિચ્ચ !!!!''**

તેથી જો ચર્ચાસભામાં પક્ષગ્રહણ કરાવ્યો તેનો બદલો લેવો હોય તો ભાંડો ફુટી ગયો કે પક્ષગ્રહણમાં કરવામાં આવેલી કબુલાતને કારણે પોતે જ અસ્પૃશ્ય અસમ્ભાષ્ય સાબિત થઇ ગયા. તો હવે જ્યાં સુધી મને ગૃહીત પક્ષમાં કોઇ વિપ્રતિપત્તિ ન હોય તો કોઇ મધ્યસ્થ વિદ્વાન કે અવિદ્વાનને બેસાડીને ચર્ચાનો પ્રસંગ મારા માટે ક્યાં ઉપસ્થિત થાય છે ? જો તે કબુલાતોમાં જટિલ પેંતરા ફસાવી રાખ્યા હોય તો ફસાએલા રહેવા દો ! મને શું ફરક પડે છે ? જો મારી સાથે કોઇ રાગદ્વેષ ન હોય અને માત્ર સિદ્ધાન્ત બધાની સામે સુનિર્ધારિત કરવાનું પ્રયોજન હોય તો. અથવા 'ગદાપદાતત' માં જેમ પોતાના પિતૃચરણને 'ભંગેડી' કે 'બેવકૂફ' ન કહી શકવાના વસવસાને કારણે 'સરળસ્વભાવ' ('ગદાપદાતત' પૃ.૯) કહી દીધા ! એવી જ રીતે બીજા પણ અનેકાનેક ગોસ્વામિબાલકોને કહેવું હોય તો એમના વચન જે 'અમૃતવચનાવલી'

માં સંકલિત થયા એમના માટે પણ આવી 'ગદપદાતત' પ્રકાશિત કરાવી દેવી જોઇએ. બાકી તો માત્ર મારી જ સાથે કોઇ નિગૂઢ દ્વેષ હોય તો સુખેથી પ્રકાશિત કરતા રહો !

કોઇપણ સ્થિતિમાં મને *'ભોલેનાથ'* જે કહેવામાં આવી રહ્યો છે તેના જવાબમાં દ્વિવિદમુકટમણિને *'કુટિલનાથ'* હું તો નથી કહી શકતો. કેમકે મારી ગણત્રીથી, જે ગોસ્વામિબાલક ન તો જવાબ દઇ શકે છે કે ન પોતાના દુર્વૃત્ત ઉપર કાબૂ મેળવી શકે છે, આવા બુલશિંમથરાય ટાઇપના, આનાથી કેટલાય વધારે કુટિલ છે. જેમ ચર્ચાસભા પછી 'પુસિસંશી' (પુષ્ટિ સિદ્ધાન્ત સંરક્ષણ શીરોમણિ) પદવી પ્રદાન કરી ગોસ્વામિદ્વિવિદ પોતાના ભાઇને ષષ્ઠપીઠાધીશ ન માની લે, એટલા માટે 'ગદાપદાતત' કારકનો પુચ્છનિગ્રહ કરી લેવામાં આવ્યો ! તેથી જ્યારે પણ ભવિષ્યમાં માનશે ત્યારે પોતને પ્રદત્ત પદવીપત્રનું પઠન કરવાવાળાને અપ્રમાણિક માનવા પડશે !

તેથી પોતાની દ્વિવિદમતિના વૈભવના અવિરત પ્રકાશનના દ્વારા 'ગદાપદાતત' કાર તો સ્વમાર્ગીય સિદ્ધાન્તોની સેવા જ કરી રહ્યા છે. તો પછી નકામું શા માટે આવાઓને ગળે વળગવું? હું તો ન પહેલા ઇચ્છતો હતો અને ન આજે પણ કોઇ ચર્ચા ઇચ્છુ છું. હા આવા અગડંબગડં બકવાદને લીધે બધાની અંદર પુષ્ટિના સાચા સિદ્ધાન્તોને જાણવાની ઉત્કંઠાના નિરંતર ઉદ્દિપન દ્વારા સમ્પ્રદાયની મોટામાં મોટી સેવા અજાણતામાં જ શ્રીમદનમોહનપ્રભુ પોતાના દેવલક સેવક દ્વારા કરાવી રહ્યા છે ! ભલે દ્વેષના કારણે કેમ ન હોય પરંતુ મારી આલોચના દ્વારા જનતાની અંદર ઉત્કંઠા જગાડીને કરવામાં આવતી પોતાના સમ્પ્રદાયની આ મોટામાં મોટી સેવાનું મહત્વ રાગદ્વેષ વગર સિદ્ધાંતબોધના લાભમાં તો ક્યારેય ઓછું આંકવામાં નહીં આવી

શકે.

હા ! મારે જે જવાબ દેવો છે તે તો હું લેખિતરૂપે દેતો રહ્યો છું અને દેતો રહીશ પણ, દ્વિવિદોના જેવો બુદ્ધિભેદ સ્વમાર્ગીય જનતામાં ક્યાંક પ્રગટ ન થઇ જાય ! આ દ્વિવિદમનીષાની અંદર ભરેલા ઊંડા દાવપેચ તો મૌખિક ચર્ચામાં જ પ્રગટ થઇ શકશે. અન્યથા શાખાચક્રમણ કર્યા વગર તો ક્યારેય નહીં. તેથી પોતાના કાવાદાવાના ટુકડાઓને દિલમાં સાંચવી રાખ્યા. ન માત્ર આ જન્મમાં પરંતુ આવતા હજારો જન્મો સુધી કાંઇ ફરક પડવાનો નથી. કેમકે મારા મનમાં કોઇ કાવાદાવા ન ત્યારે હતા અને ન અત્યારે પણ છે. મને તો સર્વાધિક લાભ આ દ્વિવિદમતિવિલાસનો એજ લાગે છે કે સાચા સિદ્ધાન્તોના અવગાહનાર્થ મારા લેખ, ભવિષ્યમાં પ્રભુકૃપાવશ, નિર્વિવાદ માર્ગદર્શન પ્રદાન કરશે. આનાથી વધારે બીજું કોણ મને સહયોગ આપી શકે છે ! ખરેખર તો પુષ્ટિપ્રભુ મહાપ્રભુ અને પ્રભુચરણની આનાથી અધિક ફલવતી કૃપા મારા ઉપર બીજી હોય જ કઇ શકે છે !

કેમકે ન્યાયવાર્તિકતાત્પર્યટીકાકાર તો સ્પષ્ટ શબ્દોમાં નિર્દેશ આપે છે "**તસ્માદ્ એવંવાદી નોત્તરાર્હઃ નહિ ઉન્મત્તાય કશ્ચિદ્ અનુન્મતઃ ઉત્તરમ્ આહ. બ્રુવાણો વા સોઽપિ, ઉન્મત્તએવ, સ્યાત્**" (ન્યા.વા.તા.ટી. ૧/૨/૨)

તો પણ "**એવં પ્રતારણા શાસ્ત્રં સર્વમાહાત્મ્યનાશકમ્ ઉપેક્ષ્યં ભગવદ્ભક્તૈઃ શ્રુતિસ્મૃતિવિરોધતઃ, કલૌ તદાદરો મુખ્યઃ ફલં વૈમુખ્યતઃ તમઃ**" ન્યાયથી જાણકાર પુષ્ટિમાર્ગીઓને માટે ઉપેક્ષા કરવા લાયક હોવા છતાં પણ "**એતન્મતમ્ અવિજ્ઞાય સાત્ત્વિકાઅપિ વૈ હરિં મતાન્તરૈઃ ન સેવન્તે તદર્થં હિ એષઃ ઉદ્યમઃ**" ન્યાયથી ચર્ચા માટે નાલાયક દેવલકજનો સાથે શાસ્ત્રાર્થ કરવા માટે નહીં પરન્તુ ભોળા અને ગેરમાર્ગે દોરાયેલા સાચા પુષ્ટિમાર્ગીઓને સાચા પુષ્ટિસિદ્ધાંતથી વાકેફ કરાવવા માટે, આમના ઉદ્ભાવિત કલ્પોને સંશયની નિરસનીય કોટિમાં રાખવા ન માત્ર ઉચિત છે પરંતુ આવશ્યક પણ છે.

ખરેખર જોવામાં આવે તો તટસ્થ વિદ્વાનોને મધ્યસ્થ બનાવીને મૌખિક ચર્ચા દ્વારા એકબીજાને પાડી દેવાની પ્રતિજ્ઞા કે ડિંડિમઘોષણા કરતાં પહેલાં 'સિદ્ધાન્તવચનાવલી' અને 'અમૃતવચનાવલી' માં સંકલિત અથવા અસંકલિત પૂર્વાચાર્યોના વચનોની એકવાક્યતા શાંત ચિત્ત તથા સ્વસ્થ બુદ્ધિની સાથે વિચારીને પોત-પોતાની સમજણને લેખબદ્ધ કરી પ્રકાશિત કરાવી હોત તો કાંઇક કાર્ય થાત. એકબીજા સાથે અર્થહીન વ્યક્તિગત પ્રતિસ્પર્ધામાં બગડી રહેલા સમય અને કલુષિત થતા વાતાવરણને બચાવી પણ શકાતું હતું.

નિષ્કૃષ્ટસિદ્ધાન્ત :

તેથી હવે આ પ્રાપ્ત થાય છે કે સિદ્ધાન્તચર્ચાસભા 'શીર્ષક અંતર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે સેવોપદેશદીક્ષાના સ્વરૂપમાં જ ભગવત્કૃપામૂલક આ માર્ગમાં પ્રવેશના પ્રથમ સાધનના રૂપમાં ગુરુપરીક્ષણની વાત મહાપ્રભુએ સમજાવી છે. તેમાં ભાગવત તત્ત્વજ્ઞ દમ્ભાદિદોષરહિત કૃષ્ણસેવાપરાયણ હોવું ગુરુરૂપે પસંદ કરવા લાયક પુરુષની પહેલી કસોટી છે. આટલા માટે અભાગવતજ્ઞ દમ્ભાદિસહિત શ્રીકૃષ્ણની પારકા તન-ધનથી કરવામાં આવતી સેવાના પ્રદર્શન કરનારાઓ દ્વારા, જે પરંપરાના બહાના કાઢીને આજીવિકા કે પૈસા પેદા કરવાના પ્રયોજનવશ કરવામાં આવતી કૃષ્ણસેવા તો સિદ્ધાન્તતઃ ભગવત્સેવાનું સર્વથા અમાન્ય સ્વરૂપ જ છે. આના સમર્થન

માટે પ્રભુચરણ શ્રીગોપીનાથજીના વચન, એ જ રીતે શ્રીપુરુષોત્તમજીના વચન, જેમાં શ્રીમદ્ભાગવતકથાની દક્ષિણા લેવાવાળાને ભગવન્નામ વેંચવાનો અપરાધી બતાવીને પાત્રાપાત્રના વિચાર વિના ભગવન્નામાત્મક મન્ત્રોની દીક્ષા આપવાને પણ નામવિક્રય માનવામાં આવેલ છે. તેથી ભગવત્સ્વરૂપ કે ભગવત્સેવાને વેંચવી તે પણ અપસિદ્ધાન્ત સાબિત થઇ જાય છે. સેવા આપણે કરીએ અને તે સેવા માટે દ્રવ્ય કોઇ બીજાનું વાપરીએ આવી પ્રક્રિયા સિદ્ધાન્તસંમત હોય જ ન શકે. 'અમૃતવચનાવલી' માં પણ રજુ કરેલા કાંકરોલી અને કામવનવાળા મહારાજશ્રીના વચનોથી આને સંવાદિત કરી શકાય છે.

[2]શીર્ષકના અન્તર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે 'તુષ્યતુ દેવલક' ન્યાયથી સેવાનું તનુજા અને વિત્તજા એવા ભાગલાવાળુ સ્વરૂપ માનીને ચાલીએ; એટલે કે તનુવિત્તજાને માન્ય ન રાખીને એકકર્તૃકા અલગ–અલગ બે સેવાઓ થતી હોય તો પણ આ જ શીર્ષકના અન્તર્ગત (ખ) વચનમાં ભગવત્સેવા માટે જરૂરી દ્રવ્ય કે સામગ્રીનું સન્માર્ગોપાર્જિત હોવું અને સેવક સીવાય બીજા કોઇનો જેમાં ભાગ ન હોવો, જે અપરિહાર્ય (ફરજીયાત) માનેલું છે, તેનાથી આ વિસંગત થઇ જશે. ઇતરથા (આના સિવાયના કોઇપણ) પ્રકારના નિષેધના કારણે ફરી સેવા માટે પારકાના દ્રવ્યના ઉપયોગના નિષેધનો ગાળીયો આવે જ છે. અધિક કે ઉત્તમ સામગ્રીના સમર્પણ માટે પોતાની ભગવત્સેવાના લોકોને ખુશ કરવા માટેના અનુષ્ઠાનને બહિર્મુખતાને પ્રાપ્ત કરાવનાર જે જણાવવામાં આવ્યું છે તે પણ સેવાનું તનુવિત્તજા સ્વરૂપનું જ સમર્થન છે, તનુજા અને વિત્તજા દ્વૈધીભાવનું નહીં. સેવાના આવા સ્વરૂપનું સમર્થન ફરી મહાનુભાવ શ્રીહરિરાયજીના બંને વચનોના આધારે પણ સિદ્ધ થાય છે. કેમકે સમર્પણ પછી સેવાની સાર્થકતા માટે પોતાના તનુવિત્તના વિનિયોગ ઉપર ભાર દેવામાં આવ્યો છે. **"સ્વમાર્ગીય સેવાસ્વરૂપના જ્ઞાનના અભાવમાં માત્ર શ્રદ્ધાવશ યથાકથંચિત્ કરવામાં આવતી સેવા, માત્ર ભૌતિક ક્રિયા પુરતી રહી જાય છે"**, આ વિધાનના સમર્થન માટે "લોકાર્થીનું કૃષ્ણભજન" નું ન્યાયપાદન શ્રીહરિરાયજીના અનુસાર લોકાર્થીની કૃષ્ણસેવાને 'કૃતભજનવૈયર્થ્યાસમ્ભવ' ન્યાયનો અવિષય માનવામાં પ્રબળ પ્રમાણ છે. 'અમૃતવચનાવલી' માં સંકલિત સ્વયં ગોસ્વામિદ્વિવિદોના જ નડિયાદના દાવામાં સિદ્ધાન્તવિદ્ની હેસિયતમાં આપેલી જુબાનીમાં ગોસ્વામિઓને ત્યાં દર્શનાર્થી વૈષ્ણવજનતા દ્વારા આપવામાં આવતા દ્રવ્યને સ્વમાર્ગવિપરીત હોવાના કારણે અને આ રીતે લેવાથી હવેલી વાલ્લભ સમ્પ્રદાયની નથી રહી જતી, આવા કઠોર વિધાનથી પણ સંવાદિત કરી શકાય છે. એ જ રીતે પોરબંદરવાળા મહારાજશ્રીએ તો પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજીના વચનના આધારે વૃત્ત્યર્થ સેવાને મલપ્રક્ષાલનાર્થ ગંગાજળની સમાન પાપકર્મ હોવાનું પ્રતિપાદિત કર્યું છે. આ જ રીતે કાંકરોલીયુવાચાર્યના વચનોથી પણ આ પ્રતિપાદનની પ્રામાણિકતાને સંવાદિત કરી શકાય છે.

[3]શીર્ષકના અન્તર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે અસ્વીય અને/અથવા અભક્ત વ્યક્તિઓ માટે પોતાની ભગવત્સેવાનું સાર્વજનિક પ્રદર્શન જ સિદ્ધાન્તાભિમત પ્રક્રિયા નથી અને આવું કરવાથી સેવા કરનારનું હૃદય ભગવદ્ભાવવિનાનું બની જાય છે; અને એક વર્ષની સેવા પણ નિષ્ફળ થઇ જતી માનવામાં આવેલી છે. તેથી હવેલીની પેઢીઓ ઉપર ભગવત્સેવાના નામે માગેલા કે લેવામાં આવતા પારકા દ્રવ્યથી ધરેલી સામગ્રી નિષ્ફળ પણ સિદ્ધ થઇ જાય છે. તેથી તે પ્રસાદ જ ન રહી જતો હોય ત્યારે ભગવન્મનોરથોદ્વારા જનતાને દ્રવ્ય આપવા માટે લલચાવવા કરવામાં આવતા પ્રદર્શનની

અપસિદ્ધાન્તરૂપતા જ સ્પષ્ટ થાય છે. 'અમૃતવચનાવલી'માં સંકલિત નિ.લી.કાંકરોલીવાળા મહારાજશ્રીના વચન, સ્વયં ગોસ્વામિદ્વિવિદને 'પુસિસંશિ' પદવીદાનપ્રપાઠક સુરતવાળા મહારાજશ્રી તથા કાંદીવલી-મુંબઈના ચિ. બાવાના વચનોથી પણ આને સંવાદિત કરવાથી પોતાની ભગવત્સેવાનું પ્રદર્શન અપસિદ્ધાન્ત થાય છે. તેથી સેવાપ્રદર્શનના અંતર્ગત કે સેવાપ્રદર્શનના પ્રયોજનવશ લીધેલું પારકું દ્રવ્ય પોતાની ભગવત્સેવામાં સ્વીકારવાલાયક કેવી રીતે બની શકે ?

[૪]શીર્ષકના અંતર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે પુષ્ટિમાર્ગમાં કરવામાં આવતી ભગવત્સેવાનું પ્રયોજન માત્ર પોતાના સેવ્ય પ્રભુને પોતાના આલોક તથા પરલોકનું સર્વસ્વ માનીને સેવા કરવાનું છે, આવું માનવામાં આવેલું છે. તેથી લોકાર્થ = લૌકિક ફલાર્થ, પોતાના કુટુંબના ભરણપોષણ માટે, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિના પ્રયોજનવશ કરવામાં આવતી ભગવત્સેવાને માન્ય નથી રાખી શકાતી. આવી હાલતમાં ન તો ઉત્તમ, ન મધ્યમ અથવા ન જઘન્ય કક્ષાના પણ અધિકારી અર્થાર્થી રૂપમાં સેવા કરી શકે છે. આને 'અમૃતવચનાવલી' માં સંકલિત નિ.લી. નૃસિંહલાલજીના, નિ.લી.બાલકૃષ્ણલાલજી (સૂરત), 'સેવાદેવદ્રવ્યવિમર્શ'કાર, અમેરીકાના હ્યુસ્ટન ન્યુજર્સી વગેરે શહેરોમાં શ્રીગોવર્ધનનાથજી મન્દિરસંસ્થાપક ભાઈ-બહેનોના પણ વક્તવ્ય, આમ કેટલાય વચનોથી સંવાદિત કરી ચકાસી શકાય છે.

[૫]શીર્ષકના અંતર્ગત વિચાર્યવચનતયા સંકલિત વચનોના આધારે સેવાસ્થળના સ્વરૂપનો વિચાર કરવાથી પણ મૂલાચાર્યના ઉપદેશમાં ભગવત્સેવા સેવા કરનારના પોતાના ઘરમાં જ અનુષ્ઠેય માનવામાં આવેલી છે. આટલું જ નહીં ઉલ્ટાનું ભગવદ્ભજનતયા અનુષ્ઠેય કર્મ પોતાના ઘરમાં રહ્યા સિવાય શક્ય ન હોવાનું સ્વીકારવામાં આવેલું છે. સ્વયં પોતાના ઘરમાં બિરાજમાન સેવ્યસ્વરૂપના ભજનનો પરિત્યાગ કરી અન્યત્ર (અથવા પરિત્યાગાર્થ લલચાવનારી ભગવત્સેવાની રીતિ) ભક્તિની સિદ્ધિ અશક્ય બતાવવામાં આવી છે. આ જ રીતે પોતાના ઘરમાં અનુષ્ઠેય ભગવત્સેવા પણ જે કાંઈ પ્રાપ્ત થાય તે દ્રવ્ય-સામગ્રીથી સમ્પાદ્ય માનવામાં આવી છે. તેથી પરિવાર સિવાય બીજી વ્યક્તિઓથી દ્રવ્ય મેળવવા તેને પોતાના ઘરમાં તનુજા કે વિત્તજાના વિભક્તાનુષ્ઠાનાર્થ ખોટે રસ્તે દોરવાનું સાર્વજનિક પ્રદર્શન અપસિદ્ધાન્ત સિદ્ધ થાય છે. એટલા માટે અર્થાર્થિઓ દ્વારા કરવામાં આવતા ભગવત્સેવાપ્રદર્શનમાં વૈષ્ણવસમુદાય જે કાંઈ વિત્તજ કે તનુજા સેવા કરે છે તે નિષિદ્ધ ઠેકાણે પ્રકટ થયેલી સ્વધર્મભ્રાન્તિ છે. તેથી કાં તો અકર્મ કાં તો વિકર્મ જ સિદ્ધ થાય છે. આને પણ 'અમૃતવચનાવલી માં' નિ.લી.અમરેલીવાળા મહારાજશ્રી, નિ.લી.દ્વિતીયગૃહાધીશ, નિ.લી.તૃતીયગૃહાધીશ, નિ.લી. શ્રીકૃષ્ણજીવનજી મહારાજશ્રી તેમજ એમના આત્મજ, નિ.લી.શ્રીબાલકૃષ્ણલાલજી (સૂરત), એમના નાનાભાઈ, વર્તમાન તૃતીયગૃહાધીશ ના વચનોથી સંવાદિત કરી શકાય છે. તેથી પોતાના ઘર સિવાય બીજે ઠેકાણે અનુષ્ઠિત થતી સેવા સિદ્ધાન્ત અનુમોદિત (માન્ય) ન હોવાથી 'મૂલં નાસ્તિ કુતઃ શાખા !' ન્યાય મુજબ ફરી ઉત્તમ મધ્યમ કે આદિમ કોઈપણ સેવાકર્તાના માટે કર્તવ્ય નથી હોઈ શકતી. તેથી પોતાના ઘરમાં કરવામાં આવતી તનુજા સેવાને પોતાના વિત્તથી અલગ કરી પારકા દ્રવ્યથી કરી શકવાનું કેવી રીતે અનુમોદનીય હોઈ શકે છે ? તેથી તેવું કરવાથી નિન્દિત કે નિષિદ્ધ કોટિનો જઘન્યાધિકાર વગર કહ્યે સિદ્ધ થઈ જાય છે, શાસ્ત્રાર્થ વગર જ. છતાં પણ કોઈને શાસ્ત્રાર્થની ખંજવાળનો અતિરેક હોય તો પોતાની એકલવ્યોપેમ દુર્દમ આકાંક્ષાને મારી મૂર્તિ બનાવીને તેની સામે બેસીને શાસ્ત્રાર્થચળનું ઉપશમ કરવું જોઈએ તેને પ્રકાશિત કરવાથી તો સૈદ્ધાન્તિક સમાધાન રજુ કરવા હું પણ હંમેશા સમુદ્યત જ છું.

[૬]શિર્ષકના અન્તર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે સેવ્યપ્રભુના વિગ્રહનું સ્વરૂપ વિચારવાથી પણ તેને રસાત્મક કે ભાવાત્મક માનવું હોય તો ગુપ્ત રાખવું જોઈએ. નહિંતર રસાભાસ થવાનું જે પ્રતિપાદન કર્યું છે તેના આધારે ભગવત્સ્વરૂપ અપ્રદર્શનાર્હ સિદ્ધ થાય છે. આમ ભગવત્પ્રદર્શનદ્વારા કરવામાં આવતા અર્થોપાર્જનની ઉપાયરૂપા સેવાનો રસાભાસ હોવાનું પણ સબળ પ્રમાણ છે. તેથી પોતાના ભગવત્સ્વરૂપ કે ભગવત્સેવાના પ્રદર્શન કરવાવાળા પોતાની જઘન્યાધિકારિતાને જ ખુલ્લી કરી રહ્યા હોય ત્યારે, એમની પાસે દીક્ષાર્થ કે સેવાર્થ ભગવદ્વિગ્રહને પુષ્ટ કરાવવું જરૂરી નથી રહી જતું. તેથી માર્ગનું અનુસરણ કરનારાઓ બધા માટે પોત-પોતાના ઘરોમાં જ કરવામાં આવતી અપ્રદર્શનાત્મિકા ધર્મબુદ્ધયા અનુષ્ઠેય ભગવત્સેવા જ સિદ્ધાન્તસંમત પ્રકાર સિદ્ધ થાય છે. આનું જ સમર્થન પ્રભુચરણ શ્રીગોપીનાથજી તેમજ શ્રીહરિરાયજીના વચનોમાં મળી રહ્યું છે, એ જોઈ શકાય છે. ‘અમૃતવચનાવલી’ માં પણ ફરી શ્રીવલ્લભાત્મજ શ્રીબાલકૃષ્ણજી, નિ.લી.તૃતીયગૃહાધીશ, નિ.લી.શ્રીકૃષ્ણજીવનજી, એમના આત્મજ, સ્વયં ગોસ્વામિદ્વિવિદ દ્વારા પક્ષગ્રહણમાં અંગીકૃત ધારણા, વર્તમાન તૃતીયગૃહાધીશ વગેરેના વકતવ્યોની સાથે સંવાદિત કરી શકાય છે.

[૭]શીર્ષકના અન્તર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે ભગવત્સેવાર્થ કેવી આજીવિકા પુષ્ટિધર્માનુમોદિત હોય છે, તેના માટે પૂર્વજ ગોસ્વામિઓદ્વારા પણ ભગવત્સેવાપ્રદર્શનદ્વારા કે ભગવત્સેવાર્થ પારકાદ્રવ્યને અંગીકાર કરવાની પરમ્પરા પ્રમાણ ન હોઈને સાક્ષાત્ આચાર્યોપદિષ્ટ રીતિને જ પ્રમાણ માનવાની સ્વયં આચાર્યાજ્ઞા ઉદ્ધૃત છે. દેવાર્થ ઉત્કૃષ્ટ કે પ્રદત્ત દ્રવ્યને પોતાના ઉપભોગમાં લેવાવાળા,

અધિકાર-અનધિકારનો વિવેક રાખ્યા વિના આખા ગામને પોતાની ભગવત્સેવાદ્વારા લાભ પહોંચાડવાના બહાના કાઢવાવાળા ગ્રામયાજક તથા અર્થાર્થી બનીને ભગવત્સેવા કરવાવાળાને શ્વાન શ્વપાકી પ્રેતધૂમ ચિત્તા ચિત્તાપ્રજવાલનાર્થ કાષ્ઠ મદ્ય મદ્યપાત્ર ચરબી લાગેલી માણસની અસ્થિ શબ શબસ્પર્શી તેમજ મહાપાતકી વગેરેને સમાનકોટિના અપવિત્ર બતાવનાર શ્રીપુરૂષોત્તમવચનના આધારે પણ ન તો એકકર્તૃકા અને અનેકકર્તૃકા ભાગલાવાળી તનુજા અને વિત્તજા સેવાને સિદ્ધાન્તના રૂપમાં અનુમોદનીય માની શકાય છે. ‘અમૃતવચનાવલી’ માં પણ સ્વયં મહાપ્રભુ પ્રભુચરણ ચતુર્થાત્મજ શ્રીહરિરાયજી, નિ.લી.ગો.તિ.શ્રીગોવર્ધનલાલજી, નિ.લી. રાજનગરસ્થ શ્રીરણછોડલાલજી, નિ.લી.પ્રથમેશજી, વર્તમાન સપ્તમ ગૃહાધીશ, નિ.લી. બાલકૃષ્ણલાલજી (સૂરત)ના વકતવ્યોની સાથે સંવાદિત કરી શકાય છે.

[૮]શીર્ષકના અન્તર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે સેવાકર્તા તથા સેવાપરિચારકના સ્વરૂપની જિજ્ઞાસામાં સ્વયં આચાર્યચરણ દ્વારા સેવાકર્તાની પત્ની વગેરે પરિવારજનોનો ઉલ્લેખ, તેનું શ્રીહરિરાયજી દ્વારા સમર્થન ભગવત્સેવાર્થ ભાગલાવાળી તનુજા અને વિત્તજાની ધારણાને ચૂર-ચૂર કરી દે છે. ‘અમૃતવચનાવલી’ માં પણ નિ.લી.શ્રીવાગધીશલાલજી મહારાજ, નિ.લી.દ્વિતીયગૃહાધીશ, નિ.લી.શ્રીદીક્ષિતજી મહારાજ, નિ.લી.પ્રથમેશ, વર્તમાન સપ્તમ ગૃહાધીશ, વગેરે અનેકાનેકોના વકતવ્યોની સાથે સંવાદિત કરી શકાય છે.

[૯]શીર્ષકના અંતર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે ભગવત્સેવાના ઉપદેશાર્થ અધિકારીની વિવેચનામાં સર્વપ્રથમતો

પૂર્વોદાહૃત આચાર્યવચન જ, સાથે સાથે તેના સમર્થનાર્થ પ્રભુચરણ શ્રીગોપીનાથજીનું વચન, શ્રીહરિરાયજીના ચાર વચન અને છેલ્લે શ્રીપુરુષોત્તમજીના બે વચન રજુ કરવામાં આવેલા છે. આ બધા વચનોના આધારે અર્થાર્થીરૂપમાં ભગવત્સેવા ઉત્તમ મધ્યમ કે જઘન્ય કોઈ કોટિના સેવોપદેષ્ટા માટે અનુમોદનીય હોઈ નથી શકતી. તેથી નિન્દિત કે નિષિદ્ધ કોટિના સેવોપદેષ્ટા આવુ આચરણ કરવાવાળાને માનવા પડશે. 'અમૃતવચનાવલી' માં સંકલિત વક્તવ્યોના આધારે પણ સ્વયં આચાર્યચરણ, પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીમટ્ટુજીમહારાજ, નિ.લી. શ્રીનૃસિંલાલજી, અમરેલીવાળા નિ.લી. શ્રીવાગધીશલાલજી, રાજનગરના નિ.લી.શ્રીરણછોડલાલજી, નિ.લી. શ્રીકૃષ્ણજીવનજી, નિ.લી.શ્રીદીક્ષિતજી, નિ.લી. પ્રથમેશજી, વર્તમાન સપ્તમ ગૃહાધીશ, સ્વયં ગોસ્વામિદ્વિવિદદ્વારા ગૃહીત પક્ષ, ચિ.પૂ.પા. દ્રુમિલબાવાના વક્તવ્યની સાથે સંવાદિત કરી શકાય છે.

[૧૦]શીર્ષકના અંતર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે શ્રીમદ્ભાગવતને આચાર્યચરણ ભગવન્નામાત્મક માનતા હોવાને કારણે તેના આજીવિકાર્થ કે ભક્તિભાવના દૃઢિકરણના સિવાય બીજા કોઈપણ પ્રયોજન માટે કરવામાં આવતા ઉપદેશને ન કેવલ નિષિદ્ધ કોટિના જઘન્યાધિકારી પરંતુ ગટરના પાણી જેટલાં અપવિત્ર માની રહ્યા છે. તેથી જો ભગવન્નામાત્મક હોવાના લીધે સૂતવૃત્તિરૂપે અનુજ્ઞાત પણ ભાગવતકથાનો ભક્તિમાર્ગમાં અર્થાર્થ કે આજીવિકાર્થ ઉપયોગ વર્જિત છે. હવે તે જે ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે, તેના સાક્ષાત્ સ્વરૂપનું અર્થાર્થીરૂપે ભજન કેવી રીતે અનુમોદનીય હોઈ શકે છે ? કેમકે 'પુસિસંશિ' પદવીપ્રાપ્તિના અભિનન્દનાર્થ આયોજિત સન્માનસભામાં (આવા) ભાગવતકથાવાચકના હાથે સન્માનપત્ર ગ્રહણ કરવામાં આવ્યું હતું તેથી ''તવાર્ધં ચ મમાર્ધં ચ'' કુનીતિને વશ ભાગવતવૃત્યુપજીવનની

વૈદ્યતા હવે સ્થાપિત કરવામાં આવી રહી છે. જ્યારે કે **''શ્રીકૃષ્ણવ્યતિરિક્તં યત્ તત્ 'ધન'સંજ્ઞિતં, કૃષ્ણાર્થીતિ ધનાર્થીતિ શ્રોતા વક્તા દ્વિધા મતઃ, યથા વક્તા તથા શ્રોતા તત્ર સૌખ્યં વિવર્ધતે. ઉભયોઃ વૈપરીત્યેતુ રસાભાસે ફલચ્યુતિઃ કિન્તુ કૃષ્ણાર્થિનાં સિદ્ધિઃ વિલમ્બેનાપિ જાયતે... પરન્તુ શોભતે ન અત્ર સકામત્વં વિડમ્બનં, કૃષ્ણપ્રાપ્તિકરં શશ્વત્ પ્રેમાનન્દફલપ્રદમ્''** (સ્કન્દપુરા.વૈષ્ણ.ખં. અધ્યા.૪) આવું ન કેવલ મહાપ્રભુને અભિપ્રેત છે પરંતુ શાસ્ત્રને પણ અભિપ્રેત છે. પુનશ્ચ ભગવત્સેવામાં જે સ્વયં કૃષ્ણાર્થિતા ઉપર ભાર દેવાથી આટલો ઉદ્વિગ્ન થઈ જતો હોય તેને ધનાર્થિતાના આસુરાવેશના કારણે આ પસંદ ન આવે તો ''કૃતભાગતકથોપદેશશ્રવણવૈયર્થ્યાસમ્ભાદ્ જન્માન્તરે તત્ ફલિષ્યતિ'' ન્યાયથી આ જન્મમાં તો શ્રીકૃષ્ણપ્રેમ, સિદ્ધ થવામાં મોટામાં મોટી વિપદા લાગવી સ્વાભાવિક જ છે. આ જન્મમાં તો ''(શ્રી+કૃષ્ણ= શ્રીકૃષ્ણ-કૃષ્ણ) = દ્રવ્યં શરણં મમ'' અને ''ધન તવાસ્મિ''ના સિવાય ન કોઈ પરતર મન્ત્ર સારો લાગે છે. ન કોઈ સ્તવ પાઠાર્થ સારો લાગે છે. ન તો કોઈ પરતરા વિદ્યામાં રૂચિ કે એનો ઉપદેશ પણ સારો લાગી શકે છે. અને ન કોઈ પરતર તીર્થ યાત્રાર્થ અનુકૂળ હોઈ શકે છે. તેથી આસુરસ્વભાવપ્રાપ્ત એવી વિદ્યાવિડમ્બન ક્રિયા છે કે **''હમને જબ દેખા તો કહા ..... કિ સૂતવૃત્તિ શાસ્ત્રવિરુદ્ધ નહીં હૈ. શ્રીમહાપ્રભુજીકો અભિમત નહીં યહ નિશ્ચિત હૈ...''** ('ગદાપદાતત' પૃ.૪)

મેં જે શાસ્ત્રીની ડાયરીમાં શાસ્ત્રવિરૂદ્ધ હોવાનો લેખ સહસ્તાક્ષર લખ્યો હતો તે શાસ્ત્રી વર્ણસંકર સૂતજાતીય ન હતો. ગોસ્વામિદ્વિવિદ પોતાને એવા માનતા હોય તો એમની ડાયરીમાં આવો અભિલેખ લખવાનું સાહસ તો હું પણ ક્યારેય કરવા નહીં માગું. આવા દેવલક ભગવત્સેવા જો વૃત્ત્યર્થ કરતા હોય તો ભગવન્નામાત્મક ભાગવતી કથા

પણ વૃત્ત્યર્થ કરે એમાં શું આશ્ચર્યની વાત હોઇ શકે છે ! આશ્ચર્ય તો આ નૂતન અંગીકૃત "...શ્રીમહાપ્રભુજીકો અભિમત નહીં યહ નિશ્ચિત હૈ" વિધાનના વિષયમાં થાય છે. 'અમૃતવચનાવલી' મૂલતઃ ભગવત્સેવાના સિદ્ધાન્તશુદ્ધ પ્રકારના સિદ્ધાન્તવચનાવલીમાં ઉદાહૃત વચનોના પરમ્પરાગત અભિપ્રાયની એકવાક્યતા બતાવવા માટે જ સંકલિત કરવામાં આવી હતી. તેથી તેમાં આવા વચનોનું સંકલન અપ્રાસંગિક હતું. છતાં પણ નિ.લી.શ્રીગોવિન્દરાયજીની સુધાધારાના વચન સાથે આ અભિપ્રાયને સંવાદિત કરી શકાય છે.

[૧૧]શીર્ષકના અંતર્ગત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે સ્વસેવ્ય સ્વરૂપપ્રસાદગ્રહણના વિષયમાં જે પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીપુરુષોત્તમજીના દાન અને સમર્પણનું પૃથક્કરણ કરવાવાળા વચન આપવામાં આવ્યા છે. પ્રભુને દાનરૂપથી સ્વદત્ત કે પરપ્રદત્તનો ઉપભોગ વર્જિત માનવામાં આવેલો છે. અને સમર્પિત-વિનિયુક્તનો નહીં. અત્યારે જે ભગવત્સેવાના વેપારનાં રૂપમાં હવેલી ચાલી રહી છે, તેમાં દર્શનાર્થીઓ દ્વારા ધરવામાં આવતી ભેટ-સામગ્રીને દાનરૂપથી માન્ય રાખીએ તો આવા ભગવત્પ્રસાદને સોનાની કટોરીને ગિરવી રાખીને ધરેલ સામગ્રીના પ્રસાદની જેમ અનુપભોગ્ય માનવું પડશે. અને દર્શનાર્થી જનતાનું સમર્પણ માનીએ તો આ સેવ્યસ્વરૂપો ઉપર દર્શનાર્થી જનતાનું સ્વત્વ ગોસ્વામિદ્વિવિદોને સ્વીકારવું પડશે. ત્યારે તેમને ત્યાં માત્ર ત્રીસ ટકા પગારદાર નોકર માન્યા સિવાય કોઇ ગતિ નહીં રહી જાય. જો તેમને દેવલક બનવામાં લજ્જા આવતી હોય તો. અન્યથા સ્વસેવ્ય ભગવદ્વિગ્રહની સેવાને માટે પારકાનું દ્રવ્ય લેવાવાળાનું દેવલક હોવું નિર્વિવાદ સિદ્ધ થઇ જ જાય છે. આ દુર્ગતિ તો ગોસ્વામિદ્વિવિદોની પક્ષગ્રહણ પ્રક્રિયામાં કેટલી ખરાબ રીતે ફસાઇ જવાના લીધે થઇ, તે તો વિસ્તૃતવિવરણના પઠન-મનન દ્વારા

અવલોકનીય છે. કોઇપણ હાલતમાં 'અમૃતવચનાવલી'માં સંકલિત પૂર્વોદાહૃત અનેક વક્તવ્યો સાથે આને સંવાદિત કરી શકાય છે.

[૧૨]શીર્ષકના અંતર્ગત વિચાર્ય વચન તથા સંકલિત વચનોના આધારે તીર્થપર્યટન સમ્બન્ધી નિયમો ઉપર પણ આ કથા લાગુ પડે છે. તીર્થવાસી બ્રાહ્મણને પોતાના પૌરોહિત્યના નિમિત્તવશાત્ તીર્થદક્ષિણા કે પ્રતિગ્રહ શાસ્ત્રાનુમત હોવા છતાં પણ અતીર્થવાસીઓને તીર્થયાત્રાના સમયે તીર્થહેતુક પારકા દ્રવ્યની વાત તો દૂર બ્રાહ્મણ્યહેતુક પ્રતિગ્રહને પણ શાસ્ત્રમાં માતૃગમનની સમાન પાતક કર્મ માનવામાં આવેલું છે. **"ન તીર્થે પ્રતિગૃહીયાત્ પ્રાણૈઃ કંઠગતૈરપિ કામાતુરો જન્તુઃ એકાં રક્ષતિ માતરમ્"** (પદ્મપુરાણ). તેથી કૈમુતિકન્યાયે ભગવચ્ચરણારવિંદોના વિષયમાં જેમના હૃદયમાં **"અંઘ્રિમ્ અઘૌઘમર્ષતીર્થાસ્પદં હૃદિ કૃતમ્"** (ભાગ.પુરા. ૧૦/૮૧/૨૬). આ વચન મુજબ તીર્થોમાં પણ પરતમ તીર્થ હોવાનો ભાવ દૃઢ હોય તો તે પોતાના સેવ્યસ્વરૂપની ચરણભેટ પોતાના ઉપયોગમાં લઇને સ્વમાતૃગમન તો કરી જ ન શકે ! તેના માટે સંકલિત છે. આ બાબતમાં કૈમુતિકન્યાયથી અભિપ્રાયવશ આ વચન સંકલિત કરવામાં આવેલું હોવાથી 'અમૃતવચનાવલી'માં આના સંવાદી વચન સંકલિત કરવામાં નથી આવ્યા.

[૧૩]શીર્ષકના અંગર્તત વિચાર્ય વચનતયા સંકલિત વચનોના આધારે આચાર્યવચનાશયનિર્ધારણપ્રકારોપસંહાર રૂપી વિષયની બાબતમાં સ્વયં ગોસ્વામિદ્વિવિદે નિર્વિવાદ પક્ષગ્રહણ કરવાથી, કેવી જાતની અધોગામિતા પોતાની ઉઘાડી પડી જશે ! તે બાબતમાં આગળ-પાછળની ગણત્રી જ ન કરી ! આમાં મારો શું દોષ હોઇ શકે છે. સ્વભાવતઃ એ આચાર્યવચનાશયનિર્ધારણના પ્રકારથી પોતે-પોતાને

નિર્મુકત કરી વાદ કરવો હોય તો મારી મૂર્તિને બેસાડીને પ્રેમથી કરે !

મેંતો સિદ્ધાન્તચર્ચાસભામાં જ બધી વાતો સ્પષ્ટ થઈ જવાથી ગોસ્વામિદ્વિવિદને અભિનન્દિત જ કર્યા હતા કે માત્ર પાંચસો વર્ષ ટકવાની ભીતિવાળા સમ્પ્રદાયને સ્વયં ગોસ્વામિદ્વિવિદે જ પાંચ હજાર વર્ષો સુધી પણ ખતમ ન થઈ શકે એવી આયુષ્ય પ્રદાન કરી દીધી !

ઉપસંહારવચન :

કેમકે મારો સુદઢતમ અભિપ્રાય આ જ છે કે વાહ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્તોના વાસ્તવિક સ્વરૂપનું નિર્ધારણ આ ૧૩માં શીર્ષકની અંતર્ગત ઉપદિષ્ટ રીતિથી જ થઈ શકે છે. સરકારી કાયદાઓ સામે પ્રગટ થતી આપણી લાચારી, આપણી ક્ષુદ્ર દ્રવ્યલોલુપતા અથવા તટસ્થ મદયસ્થ વિદ્વાનોની વચ્ચે વાદચર્ચાનો મહામોહ અથવા આવી કોઈપણ વિવશતાઓને કારણે નહી. તેથી આપણા પૂર્વજોએ પણ જે સિદ્ધાન્તવિહિન પરમ્પરા કોઈપણ રીતે વિવશ બનીને પ્રવર્તિત કરી, એના આધારે પણ વાહ્લભ સિદ્ધાન્તોનો વિનિર્ણય કોઈ કાળે ન થઈ શકે.

તેથી અત્યારે પણ આ બધા વિષયોની એકવાક્યતા સિદ્ધ કરીને કોઈ પોતાનો પક્ષ, મારા દ્વારા ગૃહીત પક્ષથી વિપરીત પણ, પ્રતિપાદિત કરતા હોય તો તેમને હું આદરભાવપૂર્વક સાંભળવા અને સમજવા અને મારી ખામી હોય તો તેને સુધારવા પણ પ્રતિશ્રુત છું અને પુષ્ટિપ્રભુ મહાપ્રભુ અને પ્રભુચરણોની કૃપાથી રહીશ જ. અન્યથા —

પુષ્ટિમાર્ગની ભોળી જનતાનું કરવા અહિં ત્રાણ

મહામોહથી વાનરમતિના લેવાયે પ્રાણ ॥
ચર્ચામાં સિધ્ધાંતનિરૂપણ કરવાના ઉદ્દેશે
નોખી નોખી બલિ આપવી દેવયક્ષના ભેદે ॥

પરિવત્સર સહસ્ત્ર યુગોના વીતી જાય ત્યારે
સેવ્ય મદનમોહન પ્રભુ હરશે વાનરમતિને જ્યારે ।
મતિ નિર્મલ કરનાર ભજનથી રુદિયે જાગે સદ્‌ભક્તિ
થાવો ત્યારે દ્વિવિદબંધુને મારો ગ્રંથ સમર્પિત ॥

શાન્તિ પામે સજ્જન સહુ નાશ પામે દુર્વૃત્તિ
કષ્ટ ન થાવો શાંતને કષ્ટમુકતને ભક્તિ ।
નિખિલ જીવના અંતર્યામી રીઝે નિજાનુરક્તિ
પુષ્ટિપ્રભુ નિજજીવગૃહોમાં પ્રસરાવે નિજભક્તિ ॥

❖ ❖ ❖

॥ અમૃતવચનાવલી ॥

(૧/ક) ત્યારે શ્રીગુસાંઈજીએ આપે શ્રીગોવર્ધનધરને પૂછયું કે ''મહારાજ ! કૃષ્ણદાસનો તો દેહ છૂટયો... હવે અમે કોને અધિકાર આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ'' ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે ! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો રાખીને બધા સામે કહો (કે) જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢી લ્યે. ત્યારે જે આવીને કહે તેને આપો. તેથી જેનો બગાડ થવાનો હશે તે તેની મેળેજ આવશે''

(**શ્રીગોવર્ધનનાથજી,** ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)

(૧/ખ) એક દીવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કાંઈક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઈએ સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દીવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઈ પોતાના મનમાં ખૂબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા કે તેં મારા માટે સામગ્રી કેમ લીધી ? તેથી અમે કેવી રીતે આરોગીએ ?

ભાવપ્રકાશ : આમાં એ જતાવ્યું કે પારકી-બીજાની સત્તા-સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઈપણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઈને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવો. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઈ વા.પ્ર.૨)

(૨) જો કટોરી (ગિરવિ) ધરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકુરજી આપ હી કે દ્રવ્યકો આરોગે સો આપ હી કો ભયો. જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયેગો સો મેરો નાહીં અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહું ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેંતે ભોજન કરિવેકો અપનો અધિકાર ન હતો; યાકેલિએ ગોઅનકોં ખવાયો અરુ શ્રીયમુનાજીમેં પધરાયો (યહ સુનિકે સબ વૈષ્ણવ ચુપ હોય રહે).

(**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય** : ઘરુવાર્તા-૩).

(૩) ....શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...'' ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઈને શું તમે ખુશ થયા?'' ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહેવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ (દેવદ્રવ્ય) ઉપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૂળ નાશ થશે''. આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો એવો જ છે.''

(**શ્રીગોપીનાથપ્રભુચરણ,** ૮૪વૈષ્ણવવાર્તા, દામોદરદાસ સંભરવાળાની વાર્તા)

(૪) ધનવગેરેની કામનાઓ પુરી કરવા માટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઈએ. પોતાની આજીવિકા (ભરણપોષણ) ચલાવવા માટે પૈસા કમાવાના રૂપમાં જે થાય છે તે તો ખેતી-વાડીના ધંધાની જેમ 'લૌકિકકર્મ' જ કહેવું જોઈએ (ધર્મ-ભક્તિ કયારેય પણ નહીં). મળત્યાગ કરીને ઈન્દ્રિયની શુદ્ધિ માટે ગંગાજલનો ઉપયોગ કરવાવાળાને તેના દ્વારા મળત્યાગ પછીની શુદ્ધિથી વધારે ગંગાસ્નાનું ફલ મળતું નથી. એટલું જ નહીં, સમજવા જેવી વાત એ છે કે ગંગા જેવી પવિત્ર નદીના જલનો આવો ધૃણાસ્પદ કાર્યને માટે ઉપયોગ કરવાના લીધે તે પાપી બને છે. આ જ રીતે પ્રભુની સેવા-કથા (સેવા,કથા,ગુણગાન,કીર્તન વિ.) કરીને તેના દ્વારા પૈસા કમાવાવાળાને સેવા-કથાનું કાંઈપણ (ધાર્મિક-ભક્તિમાર્ગીય) ફળ તો મળતું જ નથી. ઉલ્ટાનું આવું નીચ આચરણ કરવાને લીધે તે પાપનો જ ભાગીદાર બને છે. (**શ્રીગુસાંઈજી,** ભક્તિહંસ)

(૫) અપને સેવ્ય સ્વરૂપકી સેવા આપુહી કરની. ઓર ઉત્સવાદિ સમય અનુસાર, અપને વિત્ત અનુસાર, વસ્ત્ર-આભૂષણ ભાંતિ-ભાંતિકે મનોરથ કરિ સામગ્રી કરની.

(**શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ** : ૨૪ વચનામૃત).

(૬) અહીં ભક્તિવર્ધિની ગ્રંથમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન ઉપલબ્ધ હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઈ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં, જેમ અત્યારે, ભેટ-સામગ્રી પધરાવીને નિત્ય કે મનોરથની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગમાં પરમધર્મ માની લીધો છે તેવી રીતે) ભગવત્સેવા કરવાવાળાને પણ કયારેય ભક્તિ સિદ્ધ થઈ શકતી નથી.

(**શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી**, ભક્તિવર્ધિની વ્યાખ્યા-૨)

(૭) જબ સંતદાસકો સગરો દ્રવ્ય ગયો તબ શ્રીઠાકુરજીકી સેવામેં મંડાન શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં રાખે ઓર શ્રીઠાકુરજીકે દ્રવ્યમેંતે ચોબીસ ટકા પૂંજી કરિ કોડી બેચતે. સો શ્રીઠાકુરજીકી પૂંજીમેંતે તો કાસિદકો દિયો ન જાય સો કમાઈકો ટકા દિયે. તબ ઈનકી મજૂરીકો રાજભોગ ન ભયો સો મહાપ્રસાદ હૂ ન લિયો. ટકાકે ચૂનકો ન્યારો ભોગ ધરતે સો રાજભોગ જાનતે=મહાપ્રસાદ લેતે; ઓર નિત્યકો નેગ બહોત શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં હોતો. તાતે આપુની રાજભોગકી સેવા સિદ્ધ ન ભઈ (જાને). કાસિદકો દિયે સો નારાયણદાસકોં લિખે જો તુમ્હારી પ્રભુતાતેં એક દિન રાજભોગકો નાગા પર્યો જો મેરી સત્તાકો ભોગ ન ધર્યો ! યા પ્રકાર સન્તદાસ વિવેકધૈર્યાશ્રયકો રૂપ દિખાયે. વિવેક યહ જો= શ્રીગુસાંઈજીકો હૂંડી પઠાઈ - આપુની સેવા ન ભઈ, રાજભોગકો નાગા, માને. ધૈર્ય યહ જો = શ્રીઠાકુરજીકે દ્રવ્યકો ખાનપાન ન કિયે. આશ્રય યહ જો = મનમેં આનંદ પાયે - દુ:ખકલેશ ન પાયે.

(**શ્રીહરિરાયજી-દ્વિતીયેશ** : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).

(૮) પારિશ્રમિક (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે વિત્ત આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવા માટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનને જ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફલ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજ દ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીને ગોસ્વામિ-મહારાજો દ્વારા કરાવે છે તેમ : અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો ? સમાધાન : આ શંકાનું સમાધાન આમ જાણવું કે કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઈએ.

(**ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ**, સિદ્ધાન્તમુકતાવલીવિવૃતિપ્રકાશ-૨)

(૯) લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઈચ્છાથી જે ભગવદ્‌ભજનમાં પ્રવૃત્ત થાય છે તે દરેક પ્રકારે કલેશ પામે છે. તેથી, કાંઈ ભેટ-સામગ્રી મળી રહે તેવી કામનાથી જે સેવા વગેરે કરે તે ‘પાખંડી’ અને ‘દેવલક’ કહેવાય છે. તેથી લાભપૂજાર્થ સિવાય જેમાં નિષેધ નથી એવા પ્રકારથી ‘‘મારૂં લૌકિક સિદ્ધ થાય’’ એવી કામનાથી જે સેવામાં પ્રવૃત્ત થયો હોય તેને ‘લોકાર્થી’ કહેવાય છે. (**નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ**, સિદ્ધાન્તમુકતાવલી-ટીકા શ્લોક ૧૬-૧૭)

(૧૦) જે શ્રી વલ્લભકુળ છે તે પોતાના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો

શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહીં; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

(**શ્રીમટ્ટુજી મહારાજનાં ૩૨ વચનામૃતો** : ૫).

(૧૧) શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવા માટે, યોગ્ય વ્યકિતઓની એક સમિતિની નીમણૂંક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યકિતગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે.

(**ગોસ્વામી તિલકાયત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ, શ્રીનાથદ્વારા,** ડેકલેરેશન, મિતિ ભાદ્રશુકલા પંચમી, વિ.સં.૧૯૪૮ તા. ૫-૯-૧૮૯૩)

(૧૨) ... તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજીના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું... અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં તે વપરાય છે, સામગ્રીમાં નહીં. સન્મુખભેટ ધરવામાં

ઘણો અનાચાર થાય છે... શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને ...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

(**નિ.લી.શ્રીરણછોડલાલજી**, રાજનગરના વચનામૃત=૪૮૪-૮૭)

(૧૩) મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવક ઉપર એ સરવે ખરચ કરે છે... ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી... ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(**નિ.લી.ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ**, અમરેલી, શ્રીવાગધીશલાલજીના આમુખત્યાર : 'અમરેલી હવેલી વ્યકિતગત છે કે સાર્વજનિક' મુદા ઉપર સન્ ૧૯૦૯-૧૦ માં ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમાં આપવામાં આવેલી જુબાની)

(૧૪) જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાંત સંપૂર્ણ રીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજજે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

(**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી**, કામવન, મુંબઈના વૈષ્ણવોને લખેલ પત્ર : 'આશ્રય' એપ્રીલ ૮૭ના અંકમાં પ્રકાશિત)

(૧૫) વકીલ : જો પુષ્ટિમાર્ગીય, કોઈપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની

સેવા તેમજ નેગ-ભોગ માટે અને શ્રીઠાકોરજીની સેવાના નભાવ માટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે ?

પૂ.પા.મહારાજશ્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

(**નિ.લી.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સુરત** ''નડિયાદની હવેલી વ્યકિતગત છે કે સાર્વજનિક'' વિવાદમાં પુષ્ટિમાર્ગનાં વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની).

(૧૬) આપણો મુખ્ય સિદ્ધાંત છે 'અસમર્પિત ત્યાગ'. ઉત્તમ ઉપાય તો આ જ છે કે ઘરમાં જે પણ કાંઇ રસોઈ બને તે પ્રભુને ભોગ ધર્યા પછી જ મહાપ્રસાદ લેવામાં આવે... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુધ્ધિ સારી નહીં થઈ શકે. સાનુભાવતા કયારે સિધ્ધ થઈ શકે છે ? જ્યારે આપણી બુધ્ધિ નિર્મલ બને.... આજે આપણે હીરા (ઘરમાં બિરાજતા સેવ્ય શ્રીઠાકોરજી)ને ઓળખી નથી શકતા. સાચા હીરાને જવેરી જ ઓળખી શકે છે. હાલત કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મંદિરોમાં) દોડી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપ સાચો હીરો આપણને આપ્યો છે. ભગવાન ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિતે ચક્ષુઃ પશ્યમે યોગમીશ્વરમ્''ભગવાનને ઓળખવા માટે તો દિવ્યતા મેળવવી પડે. દિવ્યતા જ આત્મબળ છે... તેથી મારો તો આપલોકોને આગ્રહ સાથે અનુરોધ છે કે આત્મબળ મેળવવા માટે પોતાનો કાંઈક દરરોજનો નિયમ રાખો. ષોડશગ્રંથના પાઠનો નિયમ રાખો...

(**દ્વિતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ**, ઈન્દોર-નાથદ્વારા, શ્રીમદ્‌વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭, પૃષ્ઠ ૧૨૪)

(૧૭/ક) ઔર જબ જનરલ પબ્લિક-ટ્રસ્ટ હૈ, તબ ઠાકુરજીકો ગોસ્વામી-સંબંધસે પૃથક્ કર, ઠાકુરજીકો સબ સંપત્તિ અર્પણ કર, અર્થાત્ ભેટ કરકે, રિલીજિયસ એંડૉમેંટ કે રૂપમેં હુએ વહ ટ્રસ્ટ હૈ. એસી અવસ્થામેં ઈન ટ્રસ્ટોંસે જો નેગ-ભોગ ચલાયા જાતા હૈ વહ દેવદ્રવ્યસે ચલાયા જાતા હૈ. દેવદ્રવ્યકા ઉપભોગ કરનેવાલે અંતમેં દેવલક (નરકમાં પડનાર પાપી) હી હૈં. શ્રીમદાચાર્યચરણને પ્રભુકી સોનેકી કટોરી ગિરવી રખ કર જબ ભોગ અરોગાયા તબ આપને ઉક્ત દ્રવ્યસે સમર્પિત સબકા સબ પ્રસાદ ગાયોંકો દિયા. યહ હૈ સામ્પ્રદાયિક સિદ્ધાંત. ઈસ પ્રકારકે આદર્શરૂપ સિદ્ધાંતોકા જિસ (સાર્વજનિક મન્દિર-હવેલીકી) પ્રથાસે વિનાશ હો કર આચાર્યોંકો દેવલક બનાયા જાય, ઉસ પ્રથાકો જિતની શીઘ્ર સમ્પ્રદાયસે હટાદી જાય ઉતના હી શ્રેય ઈસમેં ગોસ્વામિ-સમાજ તથા વૈષ્ણવ-સમાજ કા નિહિત હૈ.

(૧૭/ખ) ભગવત્સેવા સંપ્રદાયકી આત્મરૂપ પ્રવૃત્તિ હૈ. આચાર સેવાકા અંગ હૈ સેવાકી અનુકૂલતાકે અનુરૂપ હી આચારકા પાલન કિયા જાના ચાહિયે. આચાર-પાલનકો પ્રમુખતા દે કર ભગવત્સેવાકા ત્યાગ ઉચિત નહીં હૈ. ભગવત્સેવા જૈસે ભી બને કરો... ગુરુઘરોમેં મત ભેજો...યદિ હમ ભગવદ્દ્રવ્યકો પેટમેં ડાલેંગે તો વહ અપરાધ હૈ. ગ્રન્થોકે અધ્યયનકે પ્રતિ હમેં સમાજકો આકર્ષિત કરના ચાહિયે.

(**નિ.લી.ગો. શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢ** : ૧૭/ક : 'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ' લેખ પૃષ્ઠ ૭.; ૧૭/ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫ માં પ્રકાશિત વકતવ્ય)

(૧૮/ક) વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે કાળની ભિષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો

ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દઢ રહે તો, જે વૈષ્ણવ-હવેલીઓના વૈભવને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાં આપણું સર્વનું હિત જ સિદ્ધ થવાનું છે.

(૧૮/ખ) મેરે અનુયાયીઓંકો દો પ્રકારસે દીક્ષા દેતા હૂં. પ્રથમ કંઠી બાંધના તથા દૂસરી બ્રહ્મસમ્બન્ધદીક્ષા દેના. કંઠી બાંધના સાધારણ વૈષ્ણવોંકો હી દી જાતી હૈ. તથા બ્રહ્મસમ્બન્ધ વિશેષરૂપસે ઉન અનુયાયીઓંકો જો સેવામેં વિશેષરૂપસે બઢના ચાહતે હૈં. પહેલી દીક્ષાકો 'શરણ દીક્ષા' કહતે હૈં તથા દૂસરી દીક્ષાકો 'આત્મનિવેદન' કહતે હૈં. શરણ દીક્ષામેં વૈષ્ણવ સિર્ફ નામસ્મરણ કરનેકા હી અધિકારી હૈ. તો સેવાવાલે વૈષ્ણવકો બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેનેકે બાદ હી અધિકાર હોતા હૈ. બ્રહ્મસમ્બન્ધવાલા વૈષ્ણવ અપને ઘરમેં હી સેવાકા અધિકારી હોતા હૈ.. હમ સ્વરૂપકી સેવા નન્દાલયકી ભાવનાસે કરતે હૈ. ઈસલિયે હમ સાતોંકે સાત પુત્રોંકે ઘર 'ઘર' હી કહલાતે હૈં ઔર હમારા ઘર 'તીસરા-ઘર' કહલાતા હૈ ઔર હમારે ઘરકી સૃષ્ટિ 'તીસરે-ઘરકી-સૃષ્ટિ' કહલાતી હૈ.

(૧૮/ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્સમ્બન્ધ અને ભગવત્સેવાને જ મુખ્યતા આપવામાં આવી હતી. ત્યાર પછી, સારી રીતે જોવામાં આવે છે કે, તેમાં પણ અમુક ફેરફાર થઈ ગયા....શ્રીઆચાર્યચરણના અને શ્રીપ્રભુચરણના સેવક, આપણે જોઈ શકીએ છીએ કે, બધા પ્રકારના છે. એવું નથી કે અમુક ચોક્કસ વ્યકિતજ ભગવત્સેવા કરવા માટે લાયક હોયછે અને અમુક પરિસ્થિતિમાં જ ભગવત્સેવા થઈ શકે છે. આવું કયાંય પણ લખેલું જાણવામાં આવતું નથી. કેટલાય પ્રકારના જીવ ભગવત્સેવા

કરતા હતા. તેમાં સ્મશાનમાં રહેનાર, વેશ્યા વગેરેથી માંડીને સારા વિદ્વાન બ્રાહ્મણ પણ હતા. આજના સમયમાં, મને એવું લાગે છે કે, આપણે એ બધા ચરિત્રોને ભૂલી જઈને પાછળથી મુખ્ય બની ગયેલા ભાવાત્મક રૂપને જ પકડીને બેસી ગયા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે... હું માનું છું કે ચરિત્રો (વાર્તાઓ) નો વિચાર કરવામાં (સમજવામાં) સિદ્ધાન્તોની આવશ્યકતા હોય છે.

(**તૃતીય ગૃહાધીશ નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, કાંકરોલી,** ક: શ્રીમત્પ્રભુચરણ પ્રાકટ્યોત્સવ = તા. ૨૪-૧૨-૪૮ ના દિવસે મુંબઈના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની સભામાં અધ્યક્ષીય પ્રવચન. ખ : જુબાની : મૂર્તિબા કાર્યા.સહા.કમિ.દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર તેમજ કોટા બજરિયે કમિશન મુ. કાંકરોલી. ફાઈલ સંખ્યા ૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશ મન્દિર દિનાંક ૭-૧૧-૬૫ (ગ) શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦મુ પાના નં. ૧૪૬, ૧૪૯).

(૧૯) આજ મુઝે અપને હ્રદયકે ઉદ્ગાર કહને દો, મેરા હ્રદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હૈ ઔર વહી અનર્થ કી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. "કરત કૃપા નિજ દૈવી જીવન પર" ઈસ ઉકિતમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ' કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈ ! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં ? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો... ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં

અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

(**નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ**, મુંબઈ-મદ્રાસ : વલ્લભવિજ્ઞાન અંક.૫-૬ વર્ષ ૧૯૬૫).

(૨૦/ક) જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી જોઈએ, એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે.. વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ) લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(૨૦/ખ) તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટે જ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે "તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા". માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને કયાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલીનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી... અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણ કે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ; એક દુકાનદાર દુકાન અને માલની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે; કેમ વેપાર સારો થાય, કેમ વેપાર વધે... માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવા માટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભારપૂર્વક કરવી.

(**નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબંદર** : ક -'સુધાધારા'

પૃ.૧૧૪. ખ : 'સુધાબિન્દુ' પૃ.૭૩).

(૨૧) "અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકું કોર્ટમેં સમઝાયે" - "હમારા ઈસમેં પૂરા સહયોગ હોગા, તનમનધનસે... હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈ".

(**નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, જામનગર** : ગો.શ્યામ મનોહરજી (પાર્લા-કિશનગઢ) ને મોકલાવેલ તા. ૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં).

(૨૨/ક) ટ્રસ્ટ હવેલી-મન્દિર એટલે પુષ્ટિભાવોનું મોત :

ભગવાન-સ્વધર્મ પૂંજીથી (પૈસાથી) બંધાઈને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા પ્રેમપરવશ બનીને ચાલે છે. આજે જે (મન્દિરો-હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનોની પ્રણાલી ચાલી રહી છે. તે પુંજીવાદની એક હમણાં હમણાં પેદા થયેલી કથા છે જેમાં ભગવાન, ગાય, ગુરૂ અને ધર્મઅનુયાયીઓ ઉપર એકચક્રીશાસન કરવાની લાલચ રહેલી છે. આ પ્રકારથી આદર્શના મહોરા કહેવાતા આ ધનલિપ્સા (ધનલાલસુ) અને ધનિકોની કથામાં તે પ્રેમ નથી જે એક અકિંચન ભક્તના "રહિયે મેરે હી મહલ અનત ન જૈયે..." આ આત્મીયતા ભરેલા મીઠા શબ્દોમાં ઝલકે છે. આ પ્રેમભરેલો અનનુનય (   ) છે. અને આજના ટ્રસ્ટી અને સરકાર ભગવાનને પૈસા કે સત્તાના જોરે એમ કહે છે કે "આ સ્થળથી જરાય પણ હલતા નહીં. ધ્યાન રાખજો, હું તમારો વ્યવસ્થાપક, ટ્રસ્ટી છું. તમારી ઈચ્છા હોય કે ન હોય, તમારે મારા ઉપર ભરોસો રાખવો જ પડશે, સમજ્યા !" માણસો સમજે છે કે આ ધર્મરક્ષાનું જ એક સર્વશ્રેષ્ઠ રૂપ છે, પરંતુ.... આમાં પણ પ્રાણોની એટલી જ અસલામતી છે કે મોતથી કાંઈ ઓછી નથી... વલ્લભાચાર્યએ આવી રીતે બાંધવામાં આવેલા ઈશ્વરને દામોદર માનવા માટે ઈન્કાર કરી દીધો.

ઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવવાળાઓએ ઠાકુરજીને વેંચી માર્યા છે :

....સરખી રીતે સમજો કે એવી કઈ મા હશે જે પોતાના છોકરાને પૈસાની લાલચમાં વેંચી નાખે; કે પછી કોઈ પ્રેમી કયારેય પણ પ્રત્યક્ષ તો શું સપનામાં પણ આવું કરવાનું તો દૂર રહ્યું, વીચારી કે જોઈપણ નથી શકતો. આ બાબતમાં એક વાર્તા યાદ આવે છે... એક વખત એક પૈસાદાર વાંઝણી સ્રી (અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ ગરીબ (ગોસ્વામી ગુરૂ) નું બાળક (ઠાકોરજી) રમાડવા માટે લીધું. કેટલાક દીવસો પછી બાળકની માંએ જે ગરીબ હતી તેણે પોતાનું બાળક માગ્યું ત્યારે પૈસાદાર સ્રીએ કહ્યું કે આ તો મારૂં બાળક છે, તારૂં નથી. તારાથી જે થાય તે કરીલે. બીચારી ગરીબ મા...ન્યાય માગવા લાગી... પરંતુ બધા (વૈષ્ણવ, આમજનતા, સરકાર) લોકો તે ગરીબની વિરૂધ્ધ જુબાની આપવા જતા રહ્યા. ન્યાયાધીશ હોંશીયાર હતા... ન્યાયાધીશ બોલ્યા કે... આ (બાળક)ના બે હકકદાર છે એટલા માટે આ (બાળક) ના બે ટુકડા કરીને આ બંનેને સરખા ભાગે આપી દેવામાં આવે. પૈસાદાર સ્રી (ટ્રસ્ટી) એ આ વાત માની લીધી, પણ ગરીબ માએ રોતા રોતા કહયું કે "નહી હજુર, આ બાળક મારૂ નથી; આ તો એનું જ બાળક છે, એને મારીને બે ટુકડા કરશો નહીં"... આવો ત્યાગ એક સાચી મા જ કરી શકે. આ તો બનાવટી ઠોકી બેસાડવામાં આવેલી વ્યવસ્થા છે.

આ રીતે પૈસાએ ધર્મ ખરીદયો, ભગવાન ખરીદયા, અને તે નિર્દોષ બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશા-હંમેશાને માટે ચુપ થઈ ગઈ. લોકોએ કહ્યું કે હવે ભગવાન બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરંતુ આવી અપેક્ષા તેની પાસે રાખી શકાય છે કે જે જીવતો હોય, કોઈના પ્રેમમાં બંધાયેલો હોય, તે પછી તે ખૂબસૂરત બાળકની નુમાઈશ અને પ્રદર્શન કરવા લાગ્યો, જેમ બેબીમિલ્કના ડબલામાં ચિત્ર કે મોડેલનું ચિત્ર હોય છે.

ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવતી સેવા પૂતનાના પ્રેમ જેવી છે :

દરરોજ એ વિચારવા લાગ્યો કે આનાથી કેટલી આવક થઈ, કેટલો વેપાર થયો, અને બધા વ્યવસ્થાપક એમ માને છે કે આ પ્રેમ છે, ભકિત છે. પણ હતો તો ધંધો જ, જેનું રૂપ પૂતનાના પ્રેમની જેમ સચ્ચાઈને છુપાવી ગયું અને ભોળી જશોદાએ લાલનને તેને રમાડવા આપી દીધા.

મન્દિર-હવેલીઓ દુકાનો બની ગઈ છે :

કેટલો વેપાર થયો તેના ચોપડા રખાવા માંડયા. કેટલું ખાધું અને કેટલો નફો થયો આનુ માપ તોલ થવા લાગ્યું. વેંચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ તે બાળક ભગવાન જે પ્રેમથી ભકતોને માટે ભોળો બની ગયો હતો. લોકોએ તેનો ફાયદો ઉઠાવ્યો અને કહી દીધું - આ સાર્વજનિક ઈશ્વર છે. તે સર્વશકિતમાનને સ્વાર્થનું સાધન અને જગન્નિયતા ઉપર ધનનિયન્તા રાજ કરવા લાગ્યા. હાલત એવી થઈ કે કોણ એને ખવડાવે-પીવડાવે ? તે તો સાર્વજનિક હતો !

મન્દિર-હવેલીઓના ઠાકોરજી જડ બની ગયા છે :

દ્વારકાધીશને પણ એ છૂટ હતી કે તેઓ વિદૂરના ઘરે શાક ખાઈ શકતા હતા પણ આ તો કાયમ માટે જડ બની ગયો, ફકત જોવા પૂરતો જ !

....શું આ સિધ્ધાન્ત કોઈ પ્રેમીને માટે પ્રેમીકા કે માતાને મંજૂર થશે ? પણ આ આજે માન્ય છે અને માન્ય કરવું પડશે. માત્ર પૈસા માટે પોતાનું દીલ નહીં, દુનિયાનું દીલ બહેલાવવા માટે, વેશ્યાની જેમ, જેનામા હૃદય જેવી કોઈ ચીજ રહી નથી શકતી અને હોય તો તે માની ન શકાય. બધાનો અધિકાર છે તેના ઉપર, જાણે કે તે સમ્પત્તિ હોય, જેની ઈચ્છા થાય તે ખરીદે, મન ફાવે તેમ ઉપયોગ કરે, જેવી ઈચ્છા થાય તેવું વર્તન કરે ! તેને કરવું જ પડશે. કઈ જાતની છે આ ભકિત અને પ્રેમની પરિભાષા ! છતાંપણ સ્વતન્ત્રતાના ભુંગળા વગાડવામાં આવે છે ! શું આ જ એ ભકિત છે જેને શ્રીવલ્લભ "માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વત્તોઽધિક સ્નેહ" કહે છે ? આજે આ ભકિતનું માહાત્મ્ય આ જ છે કે કયા ભગવાનને ત્યાં કેટલી આવક થાય છે.

ટ્રસ્ટ મન્દિર પુષ્ટિપ્રભુને માટે જેલખાનું :

..... હવે કોઇ પ્રેમથી આ નથી કહી શકતું કે મારો બાળક મોડે મોડે સુતો છે, વહેલો ન ઉઠાડતા. સુરદાસનું પદ ભગવાનને જગાવવા માટે દુલાર (   ) નથી રહ્યું, ન તો કલેઉના પદમાં મમતાનો અનુનય છે; આ તો ફરજીયાત નાસ્તો છે જેને કેદીની જેમ ઈશ્વરને કરવો પડે છે. જાણે કે જેલખાનામાં ઉઠવાની કે ખાવાની ઘંટડી વાગી હોય !

....શ્રીવલ્લભાચાર્યજીએ જીંદગીમાં કયારેય પણ પોતાના કલેજાના ટૂકડા આરાધ્યને દૂર થવા દીધા નથી. આજે તે વહેંચાઇ રહ્યો છે ધનપતીઓના હાથમાં અને બંધાઇ ગયો છે સરકારી સંકજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને હવે તેને શો-રૂમનું પૂતળું બનવાનો સમય નજીક આવી ગયો છે.

ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ હીનકક્ષાની છે :

બીચારા ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ બદતર છે... ભગવાનની સુંદર વિનિન્દિતમુકતા-દંતપંકિત બગલા ભગતોંને જોઇને ખીલી ઉઠે છે. સદાનન્દ નિરાનન્દ થઈને આ ધર્મ ખરીદવાવાળાના હાથોમાં સરાજાહેર વેંચાઈ રહ્યો છે.... બધાને આશરો આપવાવાળો પોતે જ નિરાશ્રિત થઈને બેઠો છે પોતાના ધનવાન ખરીદનારાઓની રાહ જોઇને !

હવેલી-મન્દિરમાં દેવદ્રવ્યનો પ્રસાદ ખાવો એટલે નરકની ટિકિટ કપાવવીઃ

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન બ્રાહ્મણને દેવલકવૃત્તિથી અધમ માનેલો છે... આજે એજ દેવલકવૃત્તિનું ધન જીભના ચટકારા લઈને વૈષ્ણવસમાજ ખાઇ રહ્યો છે. નાથદ્વારામાં કઇ વસ્તુ સ્વાદિષ્ટ છે.... આજ વિવેચન કરે છે... પણ મારૂં કર્તવ્ય શું છે આ કયારેય વિચારતો નથી. શ્રીનાથજીમાં ધનવાનોનું સામ્રાજ્ય છે... નાથદ્વારામાં હમણાં હમણાં પૈસા ખૂબ જ આવી રહ્યા છે, કેમકે ત્યાં ધનવાનોનું સામ્રાજ્ય છે. એમના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે... ગરીબોને માટે રોકાનાર ભગવાન હવે ધનવાનો માટે રોકાય છે.

શ્રીવલ્લભના આદર્શોના સ્મશાન જેવા મન્દિર-હવેલીઓ :

ભગવન્નામ ભાગવત દ્વારા હોસ્પિટલોને માટે કરોડોની રકમ જમા થાય છે. અને જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પણ અહીં તો સ્મશાનથી પણ આદર્શ ગાયબ થઈ જઈ રહ્યા છે ! કદાચ આદર્શનું સ્મશાન આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય.

મન્દિરનો પ્રસાદ ખાઇ શકાતો નથી :

...વલ્લભમતમાં આ સિદ્ધાન્તતઃ ખોટું છે અને આવા દેવસ્થાનોના ચઢાવાનો પ્રસાદ પણ ખાઇ શકાતો નથી. કારણકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

દર્શન-મન્દિર ધર્મપ્રચારનું માધ્યમ બની શકતા નથી :

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૂર્તિનો સવાલ છે, ધર્મપ્રચારને તેની સાથે કોઈ સંબંધ નથી. અને ન તો એને ઉચિત પણ કહી શકાય. કારણ કે ભગવાને ધર્મની વ્યવસ્થાને માટે વેદવ્યાસ વગેરે જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મરક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિર) વ્યવસ્થા આચાર્યોચિત અને ધાર્મિક કે ભારતીય જ નથી ત્યારે વલ્લભાચાર્યને સંમત હોવાનો તો સવાલ જ પેદા નથી થતો.... અમારી આ બાબતમાં સૂચના છે કે એક અલગ વ્યવસ્થા... કરવી જોઈએ જેનાથી વલ્લભસિદ્ધાન્તોની રક્ષા થઈ શકે. જો આવી વ્યવસ્થા કરવામાં નહીં આવે તો દેવદ્રવ્ય થશે, જેનો ભોગ કરવાથી આચાર્ય સ્પષ્ટ કહી રહ્યા છે કે નરકપાત થશે.

નકલી બેઠકો :

બેઠકોની ભાવગંગા તો હવે ઘેરબેઠા જ માણસને પવિત્ર કરવા પોતાના ઉંચા-ઉંચા તરંગોથી બધાજ ખર-બાર (   )ને જ તરબોળ કરવા લાગી છે ! ... ૮૪ બેઠકોથી સંતોષ ન થયો તેથી હવે મહાપ્રભુ શ્રીવલ્લભને

મુસલમાનોના ખેતરોમાં પોતાના ઝારી અને બીજા ચિન્હો પ્રગટ કરવા માટે વિવશ થવું પડે છે !

(''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થા હેતુ પ્રતિવેદન'' દિનાંક : ૨૫-૨-૮૧)

(ખ) શ્રીવલ્લભાચાર્યજીએ સેવાને વેંચાતી લેવાની વાત નથી કહી કે લઈ આવો પૈસા આપીને. નહીં. 'તનુવિત્તજા' પદનો અર્થ જ આ છે કે તે સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ. પરંતુ ધન લાગે અને તન ન લાગે તો સેવા કરી નથી કહેવાતી.

(પ્રથમેશ વાક્સુધા-૧. પાનાનં. ૫૯)

(ગ) ...''સેવાડપિ કાયિકી કાર્યા'' એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને પરણેલી સ્ત્રીને નથી લાવી શકાતી, વેશ્યાને લાવી શકાય છે. વેશ્યાથી ઘર નથી વસતુ આ વાત સ્પષ્ટ છે. તેથી સાફ વાત છે કે ભગવત્સેવા અને વરણમાં પતિ-પત્નિનું દૃષ્ટાન્ત અપાય છે કે જેમાં આત્મીય સમ્બન્ધ છે.

(પ્રથમેશ વાક્સુધા-૧, પા.નં.૭૪)

(ઘ) ભેટ પણ આચાર્યની સન્મુખ જ થાય છે. પ્રભુની સન્મુખ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થાને સંભાળીને રાખવી જોઈએ. નહીંતર બુદ્ધિ બગડશે. આવું કરવાથી પતન થાય છે, અને થયું છે. (ત્યાંજ પા.નં. ૧૭૧) વસ્ત્ર અલંકારોમાં મન વધારે જતું હોય તો આવું સાહિત્ય રાખવાની આવશ્યકતા નથી. આવું કરવાથી લૌકિક વધે છે અને ધર્મભાવના નાશ પામે છે... તેથી વૈભવ વધારવાની શ્રીગુસાંઈજીએ ના કહી હતી અને શ્રીમહાપ્રભુજીએ નાવને (દ્રવ્ય સંપત્તિથી ભરેલી) ડુબાડીને પુરૂષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતાં. (ત્યાંજ પા.નં. ૧૮૦).

(ચ) ધર્મની પરમ્પરા પ્રદર્શન ઉપર આધારિત નથી પરંતુ એક યથાર્થ જીવનનો ઉજ્જવલ પક્ષ છે... કુનવારા અને બીજા મનોરથો... નું રૂપ આગળ જઈને મહાપ્રભુ શ્રીવલ્લભની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદાનો નાશ કરનારૂં થશે જેની આજે કલ્પના પણ નથી કરી શકાતી. (ત્યાંજ પા.નં.૧૯૭)
(**પ્રથમેશ નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજ,** કોટા-જતિપુરા-મુંબઈ)

(૨૩/ક) પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય ? દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય... આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

(૨૩/ખ) મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમાં વ્યકિતગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. કયાંય ધ્વજા-શિખર હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર' જ કહે છે...

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક **નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત** : ૨૩/ક : વૈ.વા.અંક.૩. વર્ષ.માર્ચ ૧૯૮૩-૨૩/ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

(૨૪) પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થવા લાગી છે. તેની પરમ્પરા જ હવે તૂટવા લાગી છે. આના મૂળમાં જો કાંઈ હોય તો તે છે આજની સાધન-સમ્પત્તિ. એ જ આપણા સંસ્કાર બગાડી રહી છે. અત્યારે પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ) સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભી શકશે. (જુલાઈ, ૨૦૦૭ પૃ. ૬) શ્રીમદાચાર્યચરણના મત પ્રમાણે ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા ઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૂળ છે.... શ્રીગુસાંઈજીના વખતમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરૂઆત કરતી વખતે (તેમાં) માત્ર લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૂચના આપેલી હતી... અત્યારે... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ મેળવવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં મુખ્યતા મનોરથીની થવા લાગી છે. શ્રી(ઠાકોરજી), ગુરૂ તથા સેવાભાવનાની મશ્કરી થવા લાગી છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી મંદીરની તેના સંચાલકોની વૃત્તિજ બદલાઈ ગઈ છે. આડંબર અને યશને પુષ્ટ કરવા માટે ... ઘરે ઘરે રખડવાની સ્થિતિ પેદા થઈ ગઈ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં પોતાના સન્તાનોને જરૂરી સંસ્કાર પોતાના ઘરમાંથીજ આપવામાં આવે આ જ છે.

....મંદિરોનું સમ્પૂર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે... સમ્પત્તિ ... મેળવવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે ધંધાના રૂપમાં ફેરવવા લાગી ગયા છીએ. (જુલાઈ-૨૦૦૭, પૃ. ૬)

ઠાકોરજીની સેવા ચોરની જેમ કરવી જોઈએ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું એનો ઢંઢેરો પીટવો કે એનું પ્રદર્શન કરવું તે પણ જીવની દીનતામાં વિક્ષેપ પેદા કરી શકે છે.... પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં પણ આટલી ગુપ્તતા જરૂરી છે. 'પ્રીત હીયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'ની રીતીથી તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ કરાવે છે તેને કયારેય પણ જાહેર કરી શકાતું નથી. (સપ્ટે.૨૦૦૪, પૃ.૭)

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને બીજા ઠાકોરજીના દર્શન કરતાની સાથે જ પોતાની માથે બીરાજતા ઠાકોરજી ભુલાઈ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી એવો થાય છે. લક્ષ્માણબાલાજીમાં પણ 'તિરૂપતિ' શબ્દનો પ્રયોગ થાય છે. જેમાં 'તિરૂ' નો અર્થ શ્રી અને 'પતિ' નો અર્થ નાથ (એટલેકે શ્રીનાથ) જ થાય છે. એટલે કે પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વનું દર્શન થવું જોઈએ. એમને આરોગાવ્યું એટલે આખી દૂનિયાને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઈએ. જ્યારે અહીંઆ તો ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય ઠાકોરજીમાં બધાજ નિધિસ્વરૂપોના દર્શન થવાના બદલે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે જીવમાત્રમાં આપણે પોતાના ઠાકોરજીના દર્શન કરવાના વિચાર કરી રહ્યા છીએ ! અને પાછી બુદ્ધિની ચતુરાઈ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે એટલા માટે ઘરમાં પ્રભુની સેવા કરીએ કે પછી બીજાઓની સેવા કરીએ બધું સરખું જ છે !! તેથી અન્યસેવાઓ દ્વારા સંતોષ મેળવવાનું શરૂ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાનું રક્ષણ થાય અને ઉપરથી પરમ ભગવદીય કહેડાવવા લાગ્યા !!! (સપ્ટેમ્બર, ૨૦૦૭ પૃ.૭)

(**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ**, કામવન-વિદ્યાનગર, વૈષ્ણવતા-'સાંચે બોલ તિહારે', પ્રકાશક : પં.પી.ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ)

(૨૫/ક) હમ શ્રીવલ્લભાચાર્યજીકી આજ્ઞાકા પાલન કહાં કર રહે હૈં ? હમારે યહાં ગૃહસેવા કહાં રહી હૈ ? કેવલ મંદિરોંકે દર્શનોંસે ક્યા લાભ હૈ ? શ્રીમહાપ્રભુજીકી આજ્ઞા હૈ ''કૃષ્ણસેવા સદા કાર્યા''. યદિ શ્રીમહાપ્રભુજી મંદિરકો મુખ્ય માનતે તો અપની તીન પરિક્રમાઓંમેં અનેક મંદિર સ્થાપિત કર દેતે. શ્રીગુસાંઈજીને શ્રીગિરધરજીકો સાતસ્વરૂપકા મનોરથ કરતે સમય ઈસી પ્રકારકી ચેતાવની દી થી. મન્દિરસ્થાપન કરતે સમય ઉનકો ડર થા કિ ઘરમેંસે ઠાકુરજી મન્દિરમેં પધાર જાએંગે. મેરે પિતાજીને કલ (ઉપર ટાંકેલ ૧૫માં વચનમાં) જો કહા વહ અક્ષરશઃ સત્ય હૈ. તુમ અપને ઘરોંમે ઠાકુરજીકો

પધરાઓ ઓર સેવા કરો.

(૨૫/ખ) પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભકિતવર્ધિની) અર્થાત્...ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોકત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે... માટે મારું માનવું તો એજ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંતપ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને...ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલકે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

(**નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ, દહીસર-મુંબઈ** : ક-'વલ્લભવિજ્ઞાન'. અંક ૫-૬ વર્ષ ૧૯૬૫, ખ-'નવપ્રકાશ' અંક ૮ વર્ષ ૮).

(૨૬) ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોક્તા હૈ કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઈતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધ:પતન હૈ... સબ પ્રકારકે દાન ચઢાવા વ વસૂલ વસૂલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરુદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામાં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હૈ. ઔર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે.

(**પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી-સપ્તમેશ** : શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા. ૧-૨-૫૬).

(૨૭/ક) ...બ્રહ્મસંબંધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઈન્દ્રિયોંકા ભગવાન્‌મેં વિનિયોગ હોતા હૈ... મન્દિર-ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકે લિયે હૈં. સેવા હમેં અપને ઘરોંમેં કરની હૈ.

('**વલ્લભવિજ્ઞાન**' અંક : ૫-૬, વર્ષ ૧૯૬૫)

(૨૭/ખ) આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે ? શું આજની સેવા 'ચેતસ્તત્પ્રવણં સેવા' (ચિત્તનું પ્રભુમાં પરોવાઈ જવું તે સેવા છે.) નું અક્ષરશઃ સાર્થક સ્વરૂપ છે ?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરાપણ સંકોચ નથી થઈ રહ્યો, કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજી દ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોનાં પૂર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્તના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુ સૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણ દ્વારા કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે.

(**પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજ**, વડોદરા-સુરત, પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩ વિ.સં.૨૦૩૪)

(૨૮/ક) પ્રશ્નઃ આજ ચલ રહે જો ડિસ્પ્યુટ્ હૈ વામેં કિતનેક સિદ્ધાન્ત ચર્ચિત હો રહે હૈં જૈસે કિ નયે મન્દિર નહીં ખોલને, ટ્રસ્ટ મન્દિર નહીં બનાને, ઠાકુરજીકે નામપે દ્રવ્ય નહીં લેનો, ઠાકુરજીકે દર્શન નહીં કરાને, તથા બિના સમજે-સોચે કોઈકુ બ્રહ્મસમ્બન્ધ નહીં દેનો. ઈન સબ વિષયમેં આપકો

અભિમત ક્યા હૈ ?

ઉત્તર : દેખો મન્દિરકી જહાં તક સ્થિતિ હૈ તો યે બાત સત્ય હૈ કે પુષ્ટિમાર્ગીય પ્રકારસું મન્દિર તો માત્ર એક હી (શ્રીનાથજીકો) હૈ; ઓર સબ ઘરકી સ્થિતિ હતી. .... આજ મન્દિર જિતને હૈં અથવા જિન સ્થાનનકું અપન મન્દિર સમઝે હૈં વો સ્થાન ... વાકુ અપન મર્યાદાપુષ્ટિ મન્દિર કહ સકે હૈં. પુષ્ટિમન્દિર નહીં. પુષ્ટિકો પ્રકારતો માત્ર ગૃહસેવામેં હી હૈ.

(ખ) આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો હતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(**પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ** ૨૮/ક : 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક ૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭. ખ: બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧)

(ગ) ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ તો પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું નથી... પોતાનું પેટ ભરવા માટે ભગવદ્ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પ્રદ્મનાભદાસજી... આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથે જ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી !... આપણા મકાનમાં વાસણ ધોવાના પનાલા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે... તે પાણીતો માત્ર ગંધ જ મારે છે... ભગવદ્ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગના દ્વારા દોષ ઉત્પન્ન થઈ જાય છે આવા મનુષ્ય તે ગંદા ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે... પાંચમા (ભગવદ્ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ વકતાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુકત... સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે. (જલભેદ પ્રવચન, વડોદરા)

(**તૃતીયગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ**, કાંકરોલી-વડોદરા)

(૨૯) શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ....તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી** 'વલ્લભીય ચેતના', ઓકટોબર ૧૫, ૨૦૦૩, પૃ.૪)

(૩૦) જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તેઓ પોતે તો કૃતાર્થ થાય જ છે પરંતુ તેઓના પરિવારના પરિજન (સભ્યો) પણ કૃતાર્થ થાય છે... બધી ઈન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા દ્વારા થાય છે... એટલા માટે ઘરમાં આચાર્ય શ્રીગુરુચરણ દ્વારા પુષ્ટ કરાવીને શ્રીઠાકોરજી પધરાવો અને સમયને સેવામય બનાવો... શ્રીઠાકોરજી ઘરમાં બિરાજતા હોય તો ઘર ઘર નથી રહી જતું, તેવું ઘર પ્રભુની ક્રીડા (રમણ)નું સ્થળ બની જાય છે... નન્દાલયની લીલાનું સ્થળ (નંદાલય) બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા... કિશોરીબાઈ... જીવનદાસ ... આ મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના શ્રીઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

...શ્રીઠાકોરજી આપણા નિધિ એટલે કે સર્વસ્વ છે... આવા પૂર્ણપુરૂષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં

પધરાવીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આ અલૌકિક નિધિ (ધન) આપીને આપણને ધન્ય બનાવ્યા છે. આનાથી મોટું કયું બીજું ફળ છે !

... જે સાંસારિક કામનાથી શ્રીઠાકોરજીનું ભજન એટલે કે દર્શન સ્મરણ સેવા કરે છે તેને કલેશ જ હાથમાં આવે છે... ઘરના ઠાકોરજી જ સર્વસ્વ છે... તેઓ જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તેઓ આપણા પતિ છે જે ભયથી રક્ષા તેમજ સુરક્ષા પણ કરે છે.

શું કોઈ સ્ત્રી બીજે ઠેકાણે જઈને કોઈની સેવા કરી શકે છે ? કયારેય નહીં ....ઘરના સભ્યોથી આ સહન નહીં થાય... તેવી જ રીતે જે પોતાના માથે શ્રીઠાકોરજી ઘરમાં બિરાજે છે તેને આપણે ઈચ્છામાં આવે તેવા નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથ કરીને સામગ્રી સિધ્ધ કરીને લાડ લડાવી શકીએ છીએ પણ આવો અધિકાર કોઈ બીજે ઠેકાણે કાંઈ થોડો મળી શકે છે. તેથી ''ઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયો''.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નંદાલયની લીલા કરવા માટે શ્રીગુસાંઈજીના ઘરમાં પધારવું પડયું. ''વ્યાજં લલૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્''. તેથી શ્રીનાથજીનો આ પાટોત્સવ જ મુખ્ય માનેલો છે. જે ફાગણવદી સાતમનો આવે છે.

તેથી ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખૂબ જ જરૂરી છે. કોઈ પત્ની પોતાના પતિની સેવા ન કરે, તેના ગુણગાન જ ગાતી રહે... તો શું પતિ સંતોષ પામશે ? આ જ રીતે... જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે, પણ સેવા સ્વધર્મથી વિમુખ રહે છે તેઓ હરિના દ્વેષી છે (વિષ્ણુપુરાણ) સેવાથી સેવ્યને સંતોષ મળે છે આ જ વૈષ્ણવોનો સ્વધર્મ છે.

(**દ્વિતિયગૃહીય પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજ,** ઈન્દોર-નાથદ્વારા, ૨૫૨ વૈ.વાર્તા, ખંડ-૨ની ભૂમિકા પૃ. ૧૫-૩૬)

(૩૧/ક) **ગો.શ્રીહરિરાયજી** : જરા ધ્યાનથી સાંભળજો .. ''તત્ર અયમ્ અર્થઃ. લાભપૂજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો,

''સમ્પાદકત્વાત્'' ... લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું. દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશ થશે.

...

ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાન રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે...

ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે... અને આ નિષિધ્ધ છે.

....

ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુ પોતાના લાભ કે પૂજાને માટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજી માટે માંગતો હોય તો તે ... શાસ્ત્રનિષિધ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવા લાયક હોતું નથી.

ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ' થી પણ સ્પષ્ટ થાય છે.

(**પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ, જામનગર** પુષ્ટિસિધ્ધાન્તચર્ચા સભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ ૧૬૪, ૧૯૩)

(ખ) શ્રીમદાચાર્યચરણોએ ''તત્સિધ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યકિત તનુજા વિત્તજા કરે છે તો માનસી સિધ્ધ નથી થતી... આજ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્ત પદ કહ્યું છે... મજુરી પેટે પૈસા લઈને કે દઈને બે પુરૂષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્ત પદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા જ કહેત... **જો બે જુદી જુદી વ્યકિત તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુકત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી.** એથી જ માનસી સિધ્ધ નથી થતી.

(ગ) જ્યાં સુધી લાભપૂજાર્થયત્નનો પ્રશ્ન છે તો તેતો કોઈપણ કક્ષાનો ભકત કરશે તો દેવલક જ થશે... જો કોઈ સ્વલાભપૂજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ ચોકકસ દેવલક છે.... **બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરૂદ્ધ છે.**

(ઘ) હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલ્ટાનું ભગવત્શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ... અમારા પ્રભુનો નિત્યનેગભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.

(ચ) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે શ્રીભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

(**પૂ.સિ.સં.શિ.પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ,** જામનગર, અનિર્દિષ્ટપૃષ્ઠ સંખ્યાક ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'')

(૩૨) આપણા સંપ્રદાયમાં એટલી બધી સિદ્ધાન્ત વિપરીતતા આવી ગઈ છે કે ગુજરાતના એક ગામડામાં .... આપણા સમ્પ્રદાયના જ બે મન્દિર છે. તેની દીવાલ પણ એક જ છે; પરન્તુ ... એટલી લોકાર્થિતા સમાજમાં પેદા થઈ ગઈ છે... સવાર પડતાં જ ચંદ્રમાજીવાળા વૈષ્ણવ બાલકૃષ્ણલાલજીનો જોવો જે હોય છે તે ચન્દ્રમાજીનો મેવો અને પ્રસાદ હોય છે તેને બાલકૃષ્ણલાલજીમાં લઈ આવે છે ! આવી ભયંકર ચડસાચડસી વૈષ્ણવ સમાજમાં પેદા થઈ ગઈ છે કે જાણે એક-બીજા સાથે હરિફાઈ કરતા હોય. આવા ઈર્ષ્યા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના વિષયમાં પેદા થઈ જાય છે તો આનાથી વધારે લોકાર્થિત્વ બીજું શું હોઈ શકે છે ! .... આવી બધી સિધ્ધાન્ત વિપરિતતાની ફજેતી જો વધુમાં વધુ કયાંય થતી હોય તો તે ગુજરાતમાં થાય છે. ભાગવતમાં પણ લખ્યું છે કે ''ગુર્જરે જીર્ણતાંગતાં'' ભક્તિ ગુજરાતમાં આવીને ઘરડી થઈ ગઈ છે. આંધળુ અનુકરણ વધ્યું હોય તો તે ગુજરાતમાં વધ્યું છે.... તેથી સિદ્ધાન્તની સત્યનિષ્ઠા... અને શ્રીમહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોના સદ્જાગરણની ક્યાંય જરૂરિયાત હોય તો ... ગુજરાતમાં.

(**પૂ.પા.ગો.શ્રીદ્રુમિલકુમારજી, સુરત,** ''પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા'', દિ.૧૦-૧૩ જાન્યુઆરી, ૯૨. પાર્લા-મુંબઈ, વિસ્તૃતવિવરણ, પાના નં.૩૧૭-૩૧૮)

(૩૩) પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શા માટે કહેવામાં આવે છે ? ઉત્તર : સામાન્ય રીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યકિતગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યકિતગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતાનો પતિ અથવા પુત્રની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યકિતગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્ય સ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યકિતગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે... માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી.

(**પૂ.પા.ગો.શ્રીવલ્લભરાયજી, સુરત** : 'પુષ્ટિને શીતલ છાંયડે' પાના નં. ૧૫૭-૧૫૮).

(૩૪) શ્રીમહાપ્રભુજીએ જુદા-જુદા મંદીરોની પ્રણાલી ઉભી નથી કરી; પરંતુ આમાં જગદગુરૂ શ્રીવલ્લભાચાર્યનો એક લાં...બો દ્રષ્ટિકોણ હતો. દરેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ. કોઈ મન્દિરની બાજુમાં એક બહેન રહે છે. તેને મન્દિરની આરતીનો ઘંટાનાદ સંભળાય જાય છે. સેવા કરવા માટે બેઠેલી તે બહેન ઠાકોરજીના વસ્ત્ર વડા કરીને સ્નાન કરાવવા જઈ રહી હતી એટલામાં આરતીનો ઘંટાનાદ સંભળાયો. તે ઠાકોરજીને તે જ અવસ્થામાં છોડીને મન્દિરે દોડી ગઈ. થોડા સમયમાં પાછી ઘરે આવી. હવે વિચાર કરો કે આવી રીતે કોઈ સેવા કરે તો તેમાં કયારેય આનંદ આવી શકે છે શું ? અહીં તો એક-એક વૈષ્ણવનું ઘર નંદાલય છે.

(**પૂ.પા.ગો.સુશ્રીઈન્દિરાબેટીજી,** વડોદરા "વૈષ્ણવ પરિવાર" અંક જૂન ૯૦)

(૩૫) તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યકિત કરે ત્યારે જ તે માનસી સિદ્ધ કરે છે. માત્ર તનુજા કરી લીધી અથવા માત્ર વિત્તજા કરી લીધી તો અહન્તા-મમતા દૂર નહીં થાય... કેવી રીતે ? હું તમને એક દાખલો આપું છું... જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો પ્રશ્ન જ નથી. પરંતુ જો કોઈ વિત્તજા સેવા કરશે તો સમજી જાવ કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથ કર્યો. તેની તમે પહોંચ ફડાવશો... ત્યારે તમે કહેશો 'મેં સેવા લખાવી છે'. તમે બોલો છો 'મેં સેવા લખાવી છે' ત્યારે અહન્તા કયાં દૂર થઈ ? હવે તમે મહેતાજી પાસે શું માંગશો ? "આ પહોંચ છે, મારો પ્રસાદ લાવો". તો જુઓ અહન્તા-મમતામાં આપણે વધારે બંધાઈ ગયા. તેથી આવી સેવા સંસારને દૂર નહીં કરે, સંસારમાં ફસાવશે... માત્ર જો આપણે વિત્તજા કરીએ છીએ આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દૂર નહીં થાય, મમતા દૂર નહીં થાય તો માનસી કેવી રીતે સિદ્ધ થશે ? કારણ કે બધા જ બંધનનું મૂળ અહન્તા-મમતા જ છે.

(**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ,** કામવન-સુરત, સિદ્ધાન્તમુકતાવલી પ્રવચન, ભરૂચ, જાન્યુ.૨૦૦૫)

(૩૭) પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, કાંઈ દેખાડવા માટે તો છે જ નહીં, ભકત અને ભગવાનની વચ્ચે આંતરિક સમ્બન્ધ દ્રઢ કરવાનો માર્ગ છે... બંનેના સંબંધ એવા હોવા જોઈએ કે કોઈ ત્રીજાને તેની ખબર ન પડે. આપણો આપણા ભગવાનની સાથે શું સમ્બન્ધ છે આને બીજી કોઈ વ્યકિતને દેખાડવાની જરૂર જ શું છે ? વખાણ કરાવવા માટે ? પોતાની મહાનતા વધારવા ? આ તો બધું જ બાધક છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** અમરેલી-કાંદીવલી, 'પુષ્ટિવનિતા' પૃ.૧૨)

(૩૮) ચિત્ત ભગવત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય, પૂર્ણતઃ ભગવાનમાં લાગી જાય. તન્મય અને તલ્લિન બની જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને માનસી સેવા કહેવામાં આવે છે. આની સાથે માણસને શરીરથી પણ સેવા કરવી જોઈએ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાયછે. અહન્તા-અહંપણાનો નાશ થાય છે. અહન્તા અને મમતા એક-બીજાની સાથે જોડાયેલી રહે છે તેથી તનુજા અને વિત્તજા સેવા એક સાથે કરવી જોઈએ. આમાં મુખ્યતા તનુજા સેવાની છે. માત્ર પૈસા આપી દેવાથી સેવા થતી નથી. તેનાથી તો (ચિત્તમાં) રાજસી વૃત્તિ પેદા થાય છે.

(**ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** વડોદરા, શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન પૃ.૧૨૫)

(૩૯/ક) "શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીના પુષ્ટિસમ્પ્રદાયમાં બે દીક્ષાઓ આપવામાં આવે છે. બંને દીક્ષાઓનું પ્રયોજન અને તેના પછી કર્તવ્યનો પણ વિચાર અતિ જરૂરી છે. માત્ર શિષ્યૈષણાને વશ થઈને ચેલા મુંડવાના ચકકરમાં આપવામાં આવતી દીક્ષાથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. જે ભગવત્સેવા

કરવા માટે તૈયાર નથી તેવાઓને કયારેય પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવી જોઇએ નહીં. પરંતુ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોમાં જો તે નિષ્ઠાવાળો હોય તો તેને માત્ર નામદીક્ષા લેવી જોઇએ અને અન્યાશ્રયનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણનો આશ્રય દૃઢ કરવા માટે પ્રયત્નશીલ બનીને નામસેવારત રહેવું જોઇએ. પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી શ્રીકૃષ્ણની સેવા કરવી અનિવાર્ય છે.

શ્રીકૃષ્ણની સેવા પણ શ્રીમહાપ્રભુજી દ્વારા બતાવવામાં આવેલી રીતિને અનુસાર જ થઇ શકે છે. પોતાના ઘરમાં પોતાના પરિવારના સભ્યોની સાથે પોતાના જ દ્રવ્યથી ભગવત્સેવા કરવી જોઇએ. બીજાને પૈસા આપીને અથવા બીજા પાસેથી પૈસા લઇને કરવામાં આવતી સેવા તે ભગવત્સેવા તો કયારેય પણ નથી જ પરંતુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહ થવાથી ગુરૂ-અપરાધથી ગ્રસિત બનાવીને આરૂઢપતિત બનાવે છે અને આ ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ કરે છે. પૈસા કમાવા માટે કરવામાં આવતી ધંધાદારી સેવાથી તો ચાંડાલની સમાન હીન દેવલક બની જવાય છે. તેથી ભગવત્સેવા પોતાના ઘરમાં પોતાના પૈસાથી અને પોતાના જ શરીર દ્વારા જ થઇ શકે છે.

સેવાની જેમ ભગવત્કથા-કીર્તન પણ પોતે જ અથવા ભગવદીયોની સાથે કરવા જોઇએ. ધંધાદારી કથાકારોને દ્રવ્ય-દક્ષિણા આપીને કરાવવામાં આવતી કથા રાખમાં ઘી હોમવા બરાબર છે. આવી કથા, પારાયણ, કીર્તન અથવા સપ્તાહ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તથી સર્વથા વિરૂદ્ધ છે. તેથી સેવા અને કથા બંને પૈસા આપીને અથવા લઇને કરવાથી કોઇપણ જાતના અલૌકિક પુષ્ટિફલની પ્રાપ્તિ સ્વપ્નમાં પણ નથી થઇ શકતી. હા બહિર્મુખ જરૂર થઇએ છીએ.

(ખ) ‘‘અમે તો રાજના ખાસા ખવાસ રે મુક્તિ મન ન આવે રે’’ વ્રજાધિપનું સેવન કરવાવાળા અમે મુકિત નથી માગતા. છતાં પણ વૈષ્ણવ ભાગવત સપ્તાહ બેસાડીને પોતાના પિતૃઓને મોક્ષના માર્ગ ઉપર મોકલે છે ! પિતૃમોક્ષાર્થ ભાગવત સપ્તાહ ! કોઇ એકસો આઠ ! કોઇ એક હજાર આઠ ! ...આપણા

પિતૃ તો ગોલોકમાં જાય છે ! તેને પાછા મોક્ષમાં શું કામ મોકલો છો ? ... ભાગવત સપ્તાહ પૂરી થઇ ગયા પછી માળા પહેરામણી (સૌરાષ્ટ્રની એક વૈષ્ણવ પરંપરા) કરવામાં આવે છે અને કહે છે કે હવે ગોલોક ધામ ... હવે ગોલોકધામમાં મોકલવા છે ! મતલબ એવો થયો કે પિતૃઓને અહીંથી ત્યાં માત્ર ધક્કા જ ખવડાવવા છે ! આપણું કોઇ ધ્યેય જ નિશ્ચિત નથી !! આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને ખોલ્યા નથી તેનું આ દુષ્પરિણામ છે કે જે આપણા પૂર્વજોને ભોગવવું પડી રહ્યું છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીપુરૂષોત્તમલાલજી,** જુનાગઢ, શ્રીયમુનાષ્ટક પ્રવચન, રાજકોટ, ૨૦૦૬)

સંયુકતઘોષણાપત્ર : સુપ્રીમ કોર્ટમાં રજુ કરવા માટે

... જ્યાં સુધી સિદ્ધાન્તનું નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, અમારા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પ્રાચિન બીજા પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે, આ ચોખ્ખા શબ્દોમાં જાહેર કરીએ છીએ કે અમારી ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરસ્પરાઓ મુજબ ભગવત્સેવા, સેવાસ્થળ, સેવોપયોગી સમ્પત્તિ, સેવાકર્તા (ઉપદેશક કે અનુયાયી) તેમજ સેવ્ય ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘ્ય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી આમાંથી કોઇને પણ સાર્વજનિક બનાવવા સર્વથા ધર્મવિરૂદ્ધ હોવાથી એક ઘોર ધાર્મિક અપરાધ છે.

....વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત મુજબ પોતાના ઘરમાં પોતાના ધનનો તથા પોતાના પરિવારના સભ્યોનો ભગવત્સ્વરૂપની સેવામાં ઉપયોગ કરવો એજ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.. તેથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ દ્વારા તથા પોતાના પરિવારના સભ્યોના સહયોગ વગર કરવામાં આવતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા મુજબ, આરાધના જ નથી. આવી સ્થિતિમાં અમારા ઘરોમાં આવતી જનતા

દ્વારા અમારા સેવ્ય ભગવત્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ આપવી વગેરે આચરણ આરાધનાના અંતર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

....જો પોતાના ઘરમાં ન કરવામાં આવતું હોય તો ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહી શકાતું. પુષ્ટિમાર્ગમાં પોતાના ઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પણ પ્રકાર ભગવદ્ભજનનો છે જ નહી.

...ભેટ ધરવામાં આવેલા ધનથી ધરાયેલી સામગ્રીનું પ્રસાદ તરીકે અમારે ત્યાં સર્વથા વર્જિત છે... જાહેર મન્દિરમાં દર્શનાર્થી જનતાના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભ સમ્પ્રદાયમાં અવકાશ છે અને ન આવું આચરણ સિદ્ધાન્તતઃ પ્રસંશનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી અને ન ધંધાના રૂપમાં કરી શકાય છે.

.... શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓને સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે... બધા પુષ્ટિમાર્ગીયના પોતાના ઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે, ક્યારેય પણ સાર્વજનિક ન બની જાય. ‘‘બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ’’

હસ્તાક્ષર કર્તા :

ગો. શરદ અનિરુદ્ધજી (માંડવી-હાલોલ)
ગો. કિશોરચન્દ્ર (માંડવી-જુનાગઢ)
ગો. અજયકુમાર શ્યામસુંદરજી (મદ્રાસ)
ગો. મનમોહન (મુંબ)
ગો. શ્યામસુન્દર મુરલીધરજી (બોરીવલી)
ગો. હરિરાય કૃષ્ણજીવનજી (મુંબ)
નિ.લી.ગો. શ્રીકૃષ્ણચન્દ્રજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબ)
ગો. વલ્લભલાલ શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
ગો. હરિરાય શ્રીગોવિંદરાયજી (પોરબંદર)

નિ.લી.ગો. શ્રીવ્રજાધીષજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
ગો. વ્રજેશકુમાર શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
નિ.લી. ગો. શ્રીકૃષ્ણકુમાર શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
ગો. રાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
ગો. વિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
ગો. યોગેશ્વર મથુરેશ્વરજી (વડોદરા-સુરત)
ગો. રઘુનાથલાલ શ્રીરમણલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)
ગો. દેવકીનન્દનાચાર્ય (ગોકુલ-અમદાવાદ)
ગો. નવનીતલાલ શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
ગો. મુરલીમનોહર શ્રીવ્રજાધીશજી (દહીસર)
નિ.લી.ગો. શ્રીમાધવરાયજી શ્રીગોકુલનાથજી (મુંબઈ-નાસિક)
ગો. રમેશકુમાર શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
ગો. કલ્યાણરાય (કન્હૈયાબાવા) (વીરમગામ-અમદાવાદ)
ગો. યોગેશકુમાર (મુંબઈ)
ગો. વ્રજપ્રિય મુરલીધરજી (બોરીવલી)
ગો. નીરજકુમાર શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)
ગો. શરદકુમાર (શીલૂબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)
ગો. ચન્દ્રગોપાલ (ચંદુબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)
નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

પત્રદ્વારા સમ્મતિ :

નિ.લી.ગો. શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)
નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)
પંચમપીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
નિ.લી.ગો. શ્રીગોવિંદલાલજી (કોટા)
ગો. શ્રીઅનિરુદ્ધલાલજી શ્રીદ્વારકેશલાલજી (માંડવી-હાલોલ)
ગો. શ્રીમધુસૂદનજી શ્રીકૃષ્ણચન્દ્રજી (ચેન્નઈ)

ગો. શ્રીવિઠ્ઠલનાથજી શ્રીવ્રજભૂષણલાલજી (ચાપાસેની-જૂનાગઢ-જામનગર)
ગો. શ્રીહરિરાયજી શ્રીવ્રજભૂષણલાલજી (જામનગર)
ગો. શ્રીવ્રજરત્નજી શ્રીવ્રજભૂષણલાલજી (નડીયાદ-જામનગર)
ગો. શ્રીનવનીતલાલજી શ્રીવ્રજભૂષણલાલજી (જૂનાગઢ-જામનગર)
ગો. શ્રીબાલકૃષ્ણજી શ્રીવ્રજભૂષણલાલજી (જેતપુર-જામનગર)

(**“મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યવંશજ ગોસ્વામીઓનો સંયુકત ઘોષણાપત્ર”** ૧૯૮૬. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮, હસ્તાક્ષરોની ફોટોકોપી જોવી : સચિત્ર અમૃતવચનાવલી, સંયુકત પ્રકાશન ૨૦૦૮)

સિદ્ધાન્તવચનાવલીના અંશ

કોઈપુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહીં, દંભ વગેરે દુર્ગુણોથી રહિત છે કે નહીં; અને શ્રીમદ્ભાગવત પુરાણના મર્મને જાણનાર છે કે નહીં આ સૌથી પહેલાં જોવું જોઈએ અને ત્યાર પછી જ કોઈ જિજ્ઞાસુએ આવી વ્યકિતમાં ગુરૂબુદ્ધિ રાખીને તેમની પાસે જવું જોઈએ.

... આવા ગુણોથી યુકત ગુરૂ બળવાન કલિયુગના કારણે ન મળે તો... જાતે જ ભગવત્સેવામાં જોડાય જવું જોઈએ. પાત્ર-અપાત્રનો વિવેક રાખ્યા વગર જો નામદીક્ષા આપવામાં આવે તો ભગવન્નામવિક્રય નો અપરાધ લાગે જ છે જેના કારણે દીક્ષા આપનાર અપરાધી બને છે.

... એક પ્રકાર સેવાનો આવો પણ હોઈ શકે છે કે તે પૈસા આપીને બીજા મારફત કરાવી લેવામાં આવે; અને બીજો પ્રકાર આવો હોઈ શકે છે કે તે કૃષ્ણસેવા કોઈ બીજા પાસેથી પૈસા લઈને કરવામાં આવે. આવા બંને પ્રકારોથી કરવામાં આવતી સેવાઓથી ચિત્ત કયારેય પણ કૃષ્ણપ્રવણ બની શકતું નથી... તે... જો કોઈ બીજા તનુજા સેવાકર્તા (ગોસ્વામી-મુખિયા-ટ્રસ્ટી)ને પગાર-તનુજાસેવા મૂલ્ય-ના રૂપમાં કરવામાં આવે તો તે વિત્તજા સેવા થઈ જે ચિત્તને રાજસ ભાવ = દર્પ-દંભાદિથી યુકત બનાવી દે છે, પણ કૃષ્ણપ્રવણ નથી બનાવી શકતી. જો કોઈ બીજા પાસેથી પગાર-તનુજાસેવા મૂલ્ય-ના રૂપમાં વિત્ત લઈને તનુજા સેવા કરવામાં આવે તો પુરોહિતોને જેમ યજ્ઞ-યાગનું ફળ મળતું નથી તેવી જ રીતે બીજાના પૈસાથી તનુજા સેવા કરવાવાળાને પણ કૃષ્ણપ્રવણતારૂપ ફળ કયારેય નથી મળતું.

જે પોતાના સ્વજન હોય અને ભકત હોય એવાઓને જ પોતાના શ્રીઠાકોરજીના દર્શન કરાવવા જોઈએ.

....૧૧મો અપરાધ : અવૈષ્ણવની સામે પોતાના ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું. ફલ : એક વરસની સેવા નિષ્ફલ થઈ જાય છે. પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવવું.

.... ૩૬મો અપરાધ : શ્રીઠાકોરજી (કે શ્રીભાગવતજી કે શ્રીયમુનાજી) ના નામે (ભેટ, સામગ્રી, પોથીસેવા, કે ન્યોછાવર) માગવું. ફળ : સેવા સર્વથા નિષ્ફળ થઈ જાય છે. પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું હોય કે એકઠું કર્યું હોય તેનાથી પાંચગણું નૈવેદ્યનું પ્રભુને દાન (નહીં કે સમર્પણ) કરવું.

....પેટ ભરવા માટે કે યશ કમાવા માટે પણ ભજન (સેવા) કરતોહોય તો તેની શું ગતિ થશે ? ... તેવી વ્યકિત પણ કલેશ જ પામે છે. આવો શ્રીમહાપ્રભુજીના વચનનો સાફ સાફ અર્થ છે. ન તેને ફકત ઐહિક (પારિવારિક-સામાજિક-સામ્પ્રદાયિક) કલેશ જ થાય છે. ઉલ્ટાનું તેના બધા જ પારલૌકિક અધિકાર તેમજ ફળ પણ નાશ પામે છે આવા નિષિદ્ધ આચરણના કારણે .... થોડું ઘણું પણ જ્ઞાન હોય તો તે આવું કુકૃત્ય નથી કરતો.

.... ભકિતવર્ધિની ગ્રંથમા ઘરમાં સેવા કરવાનું વિધાન કરવામાં આવેલું હોવાથી એ જાણી શકાય કે પોતાના ઘરમાં બિરાજતા પ્રભુની સેવાને છોડીને બીજે કયાંય દર્શન-સેવા-કિર્તન વગેરે કરવાથી ભકિત સિદ્ધ થતી નથી.

.... ભાગવતનો પાઠ પ્રયત્નપૂર્વક કોઈપણ બીજા હેતુ વગર જ કરવો જોઈએ. ભલેને પ્રાણ ગળામાં આવીને કેમ ન અટકે પણ આજીવિકા માટે

તેનો ઉપયોગ ન કરવો જોઈએ. ભાગવતનો આજીવિકા માટે ઉપયોગ ન કરીને બીજી જે કોઈપણ રીતે પોતાનો નિર્વાહ ચાલે તેમ ચલાવી લેવો જોઈએ.

.... મુખ વગેરેની શુદ્ધિ માટે વપરાયેલું અપવિત્ર પાણીને ભેળું કરવા માટે જમીનમાં જે ખાડો ખોદવામાં આવે છે એના જેવા નિચ ગાનોપજીવી હોય છે.... આનાથી આવો આશય પ્રગટ થયો કે મોઢુ ધોવામાં વપરાયેલું પાણી ખાડામાં ભરેલું હોય તે પાણીની જેમ આવા ગાનોપજીવિઓ (ભગવદ્ગુણગાન કરીને પૈસા લેનારાઓ) ના ભાવ સત્પુરૂષો માટે ગ્રહણ કરવા લાયક નથી હોતા... પુરાણ કથા દ્વારા આજીવિકા ચલાવનારા પૌરાણિક પણ આવા ગાવાવાળાઓના જેવા હોય છે....

હે શ્રીવલ્લભ ! આપના કહેલા વચનથી વિરૂદ્ધ જે કોઈ કાંઈ કહે છે તેઓ બધા ભ્રાન્ત માત્ર અન્ધતમ નરકને મેળવનારા સહજ આસુરી જીવ છે.

(પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભામાં વિચારાર્થ રજુ કરવામાં આવેલી સિદ્ધાન્તવચનાવલીના અંશ, હસ્તાક્ષરોની ફોટોકોપી જુઓ : સચિત્ર અમૃતવચનાવલી, સંયુકત પ્રકાશન-૨૦૦૮)

સમ્મતિમાં હસ્તાક્ષર કરનારા ગોસ્વામી મહાનુભાવ :

ગો. શ્રીઅનિરુદ્ધલાલજી દ્વારકેશલાલજી (માંડવી-હાલોલ)
ગો. શ્રીકિશોરચન્દ્રજી પુરુષોત્તમલાલજી (જુનાગઢ)
ગો. શ્રીકન્હૈયાલાલજી ચન્દ્રગોપાલજી (વીરમગામ-અહમદાવાદ)
ગો. શ્રીકૃષ્ણકાન્તજી કૃષ્ણચન્દ્રજી (ઈચલકરંજી)
ગો. શ્રીકૃષ્ણકુમાર શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
ગો. પંચમપીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
ગો. શ્રીગોપિકાલંકારજી શ્રીવલ્લભલાલજી (રાજકોટ-માણાવદર)
ચતુર્થપીઠાધીશ ગો. શ્રીદેવકીનન્દનાચાર્યજી (ગોકુલ)
ગો. શ્રીદ્રુમિલકુમારજી મથુરેશ્વરજી (વડોદરા)

ગો. શ્રીદ્વારકેશલાલજી ગોવિન્દરાયજી (કામવન-સુરત)
ગો. શ્રીનવનીતલાલજી ગોવિંદરાયજી (કામવન-ભાવનગર)
ગો. શ્રીમથુરેશજી ચન્દ્રગોપાલજી (વીરમગામ-અહમદાબાદ)
ગો. શ્રીમાધવરાયજી મુરલીધરજી (વેરાવલ)
ગો. શ્રીરઘુનાથલાલ શ્રીરમણલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)
ગો. શ્રીરઘુનાથજી રમેશકુમારજી (મુલુંડ-નાસિક)
ગો. શ્રીરવિન્દ્રકુમારજી દામોદરલાલજી (રાજકોટ-માંડવી)
ગો. શ્રીરસિકરાયજી દ્વારકેશલાલજી (ઉપલેટા-પોરબંદર)
ગો. શ્રીરાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
ગો. શ્રીવલ્લભલાલજી શ્રીગોવિંદરાયજી (કડી-અમદાવાદ)
ગો. શ્રીવલ્લભલાલજી ગિરિધરલાલજી (કામવન-વિદ્યાનગર)
ગો. શ્રીવલ્લભલાલજી દેવકીનન્દજી (ગોકુલ-અહમદાબાદ)
ગો. શ્રીવિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
ગો. શ્રીવિઠ્ઠલનાથજી લાલમણીજી (કોટા-મુંબઈ)
ગો. શ્રીવ્રજરાયજી રણછોડલાલજી (અહમદાવાદ)
ગો. શ્રીવ્રજેશકુમાર શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
ગો. શ્રીવ્રજેશકુમાર ચન્દ્રગોપાલજી (કડી-અમદાવાદ)
ગો. શ્રીશરદકુમાર (શીલૂબાવા) શ્રીમૂરલીધરજી (પોરબંદર)
ગો. શ્રીમધુસૂદનજી શ્રીકૃષ્ણચન્દ્રજી (ચેન્નઈ)

સંયુકતઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ સુજ્ઞજનો શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે. દૈવી

જીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લભાધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવાઆચાર્યોએ એક 'સંવાદસ્થાપકમંડળ' ની સ્થાપના કરીને મુંબઈમાં... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું...સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી' ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી. અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવમાં ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઇ તે ખરેખર એક મોટી સિદ્ધી છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છે :

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ઓછું કે વધારે હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઇ શકે છે, સાર્વજનિક (સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને પૈસા કમાવાનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યકિત (=ભગવત્સેવ્યસ્વરૂપને પૈસા કમાવાનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈપણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાના માટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગનાં સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઇ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઇ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી. કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ (દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી-શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથીજ બધો નિર્ણય થઇ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(**સંયુકત ઘોષણાપત્ર : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી ૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨**, જુઓ : પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભા, સંક્ષિપ્ત વિવરણ, ૧૯૯૩)

હસ્તાક્ષર :
નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી નટવરગોપાલજી મહારાજ (અમદાવાદ)

પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીદેવકીનન્દનજી (ગોકુલ)
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ (અમદાવાદ-કડી)
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ (અમદાવાદ-કડી)
પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ (અમદાવાદ-કડી)
પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી (કામા-અમદાવાદ-વીરમગામ)
પૂ.પા.ગો.શ્રીમથુરેશજી (કામા-અમદાવાદ-વીરમગામ)
પૂ.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી (કામા-અમદાવાદ-વીરમગામ)
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી (કામા-અમદાવાદ-વીરમગામ)

⁂